TUESDAY
૦૯-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ વદ ૧૩
અંક : ૧૦૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

## અઢી મહિના કરતા વધુ સમયથી ચાલી રહેલા આંદોલનનો કોઈ નિર્ણય આવેલ નથી છતાં મોદીના મતે "ભારત મધર ઓફ ડેમોક્રેસી"

# MSP હતી, છે અને રહેશે : સંસદમાં મોદીની બાહેંધરી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૮

કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂત આંદોલનની જ્વાળા પંજાબથી ઊઠી અને હરિયાણાને પોતાનામાં શમાવતા પશ્ચિમ યૂપી સુધી ફેલાઈ ગઈ છે. પંજાબમાં જ્યાં ખેડૂતો રોડ પર ઉતર્યા છે તો પશ્ચિમ યૂપીમાં ખાપ પંચાયતોનો તબક્કો ચાલી રહ્યો છે. આવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર રાજ્યસભાને જવાબ આપ્યો તો આંદોલનકારી ખેડૂતોને સાધવાનો પણ પ્રયત્ન કર્યો. પીએમ મોદીએ ચૌધરી ચરણસિંહનો ઉલ્લેખ કરીને પશ્ચિમ યૂપીના ખેડૂતોને સંદેશ આપ્યો તો શીખ સમુદાયને દેશની શાન ગણાવીને પંજાબના આંદોલનકારી ખેડૂતોના દિલ જીતવાનો પ્રયત્ન કર્યો.

**રાષ્ટ્રપતિના ભાષણના આભાર દરખાસ્તમાં રાજ્યસભાં વડાપ્રધાનનું સંબોધન**

કૃષિ કાયદાના મુદ્દા પર ચાલી રહેલા આંદોલનને લઈ પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ટેકાના ભાવ હતા, છે અને રહેશે. એવામાં ખેડૂતોના આંદોલનને ખત્મ કરવું જોઈએ અને ચર્ચા ચાલુ રાખવી જોઈએ. આ સિવાય કેટલાંય મુદ્દા પર પીએમ મોદીએ વિપક્ષ પર કટાક્ષ કર્યા.

આપણી ખેતીને ખુશાલી બનાવા માટે આ સમયને ગુમાવવો જોઈએ નહીં. પીએમે કહ્યું કે આપણા કૃષિમંત્રી સતત ખેડૂતોની સાથે વાતચીત





કરી રહ્યા છે. હજુ સુધી કોઈ તણાવ પેદા થયો નથી. એકબીજાની વાત સમજવાનો, સમજાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અમે આંદોલન કરનારાઓને પ્રાર્થના કરીએ છીએ કે આંદોલન કરવાનો બધાનો હક છે. પરંતુ આ રીતે વૃદ્ધ લોકો બેઠા છે એ યોગ્ય નથી તમે તેમને લઈ જાઓ. તમે આંદોલનને ખત્મ કરો. આગળ વધવા માટે સાથે બેસીને ચર્ચા કરીશું. હું ગૃહના માધ્યમથી પણ નિમંત્રણ આપું છું.

આપણે આગળ વધવું જોઈએ, દેશને પાછળ લઈ જવો જઈએ નહીં, પક્ષો હોય વિપક્ષ હોય આ સુધારાઓને આપણે તક આપવી જોઈએ. આ પરિવર્તનથી લાભ થાય છે કે નહીં. કોઈ કમી હોય તો ઠીક કરીશું, એવું તો નથી કે બધા દરવાજા બંધ કરી દીધા હોય. આથી જ હું કહું છું કે વિશ્વાસ અપાવું છું કે મંડીઓ આધુનિક બનશે, વધુ પ્રતિસ્પર્ધી બનશે. ટેકાના ભાવ છે , હતા અને રહેશે. આ સદનની પવિત્રતા સમજો. મહેરબાની કરીને ભ્રમ ના ફેલાવીએ કારણ કે દેશે આપણને વિશિષ્ટ જવાબદારી સોંપી છે.

પીએમ મોદીએ કહ્યું, "યાદ કરો, હું બે-ત્રણ વર્ષ પહેલાં અહીં આ ગૃહનું ભાષણ સાંભળતો હતો. મોબાઈલ ક્યાં છે, લોકો ડિજિટલ ટ્રાંઝેક્શન કેવી રીતે કરશે, આજે યુપીઆઈ તરફથી દર મહિને ચાર લાખ કરોડનું ટ્રાંઝેક્શન થાઈ રહ્યું છે. પાણી હોય, આકાશ હોય, અંતરિક્ષ હોય, ભારત દરેક ક્ષેત્રમાં તેની સંભાવના સાથે ઉભું છે. સર્જિકલ સ્ટ્રાઈક હોય, એર સ્ટ્રાઈક હોયપવિશ્વએ ભારતનું પરાક્રમ જોયું છે. PM મોદીએ વિપક્ષને આડે હાથ લેતા કહ્યું કે અહીં લોકતંત્રને લઈ ખૂબ ઉપદેશ અપાય છે. તેમણે કહ્યું કે ભારતનું લોકતંત્ર એવું નથી કે તેની ખાલ આપણે ઉઝેડી શકીએ છીએ. હું ડેરેક (ઓ'બ્રાયન) જીની વાત સાંભળી રહ્યો હતો. જોરદાર શબ્દોનો પ્રયોગ થઈ રહ્યો હતો. હું સાંભળી રહ્યો હતો ત્યારે હું વિચારી રહ્યો હતો કે આ બંગાળની વાત છે? કોંગ્રેસના આપણા (પ્રતાપ સિંહ) બાજવા સાહેબ બોલી રહ્યા હતા, મને લાગી રહ્યું હતું થોડીવારમાં તેઓ ૮૪ સુધી પહોંચી જશે. ખેર એવું થયું નહીં. કોંગ્રેસ દેશને બહુ નિરાશ કરે છે, એક વખત ફરીથી એ જ કર્યું.

**વાક પ્રહાર દ્વારા મોદીએ આંદોલન સમર્થક રાજકિય પક્ષોને ઝપટે લીધા**

મોદીએ કહ્યું કે આપણે ત્યાં કોરોનાને લઈ ડરાવાની કોશિષો પણ થઈ. કેટલાંય નિષ્ણાતોએ પોતાની સમજના હિસાબથી કહ્યું. આજે દુનિયા એ વાત પર ગર્વ કરી રહ્યું છે કે ભારતે કોરોનાથી લડાઈમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. આ લડાઈ જીતવાનો યશ કોઈ સરકારને જતો નથી પરંતુ ભારતને તો જાય છે. વિશ્વની સામે આત્મવિશ્વાસથી બોલવામાં શું જાય છે. પીએમે કહ્યું કે તમારા સોશિયલ મીડિયા પર જોયું હશે, ફૂટપાથ પર ઝૂંપડીમાં રહેનાર માતા પણ બહાર દીવડો પ્રગટાવીને બેઠી છે.

## આગામી સમયમાં વધુ એક વાયરસ આવવાની બિલ ગેટ્સ દ્વારા ચેતવણી

(જી.એન.એસ.)ન્યૂયોર્ક,તા.૮

માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સે સમગ્ર વિશ્વને વધુ બે આપત્તિ માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે. તેમના કહેવા પ્રમાણે આગામી સમયમાં જળવાયુ પરિવર્તન અને જૈવ આતંકવાદના કારણે સમગ્ર વિશ્વમાં લાખો લોકોના મોત થઈ શકે છે. એક યુટ્યુબ કાર્યક્રમમાં તેમણે આ પ્રકારની ચેતવણી ઉચ્ચારી હતી. બિલ ગેટ્સે ૫ વર્ષ પહેલા કોરોના જેવી મહામારીને લઈ સમગ્ર વિશ્વને ચેતવણી આપી હતી. તે સમયે તેમણે કહ્યું હતું કે, 'આગામી દિવસોમાં એક એવો વાયરસ આવશે જેના ભયથી લોકો બજાર જતા પણ ડરશે. ઉપરાંત લોકો ફ્લાઈટ પર ચડવામાં પણ ડરશે.' બિલ ગેટ્સે જણાવ્યું કે, 'આગામી વર્ષોમાં કોઈ મહામારીની સરખામણીએ દર વર્ષે જળવાયુ પરિવર્તનના કારણે વધારે લોકોના મોત થશે. ઉપરાંત વિશ્વ પર જૈવ આતંકવાદ એટલે કે બાયો ટેરરિઝમનું જોખમ પણ મંડરાઈ રહ્યું છે. વિશ્વમાં તબાહી લાવવા કોઈ પણ વાયરસ બનાવી શકે છે.

## ઉત્તરાખંડ હોનારત : ૩૦૦ જવાનો દ્વારા ટનલમાં રેસ્ક્યૂ, ૨૦૦થી વધુ લોકો ગુમ

(જી.એન.એસ.)ચમોલી,તા.૮

ગઈકાલે ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટતાં ભારે તબાહી મચી છે. અહીં પાણીના પ્રવાહમાં પાવર પ્લાન્ટ, પુલ અને ઘરોથી માંડીને ઘણા લોકો પણ તણાઈ ગયા છે. અત્યાર સુધી ૧૫ લોકોના મૃતદેહ મળ્યા છે. જ્યારે ૨૦૦થી વધુ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે સ્થાનિક તંત્ર, સેના અને એનડીઆરએફ દ્વારા રેસ્ક્યૂ ચાલી રહ્યું છે. આ દૂર્ઘટનામાં



લગભગ ૨૦૩ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે ૧૫ મૃતદેહ મળ્યા છે. તપોવનની નાની ટનલમાં રેસ્ક્યૂ કરી ૧૨ લોકોને સલામત રીતે બચાવવામાં આવ્યા છે. જ્યારે મોટી ટનલમાં કાટમાળ દૂર કરવામાં આવી રહ્યું છે. આર્મી સહિત એજન્સીઓ સતત બચાવ કામગીરી કરી રહી છે. જો કે, આ ટનલ લગભગ બે કિમી લાંબી છે અને હાલ લગભગ ૧૦૦ થી ૨૦૦ મીટર સુધીનો જ માર્ગ સાફ થયો છે. એક સુરંગમાં લગભગ ૩૦ લોકો ફસાયેલા છે. જ્યારે ૩૦૦ જવાનો દ્વારા ટનલ સાફ કરવામાં આવી રહી છે. લગભગ ૧૭૦ લોકો ગુમ છે. જ્યારે ગઈકાલે ૧૨ લોકોને બચાવવામાં આવ્યા હતા, તે એક બીજી ટનલ હતી.

## પાકિસ્તાનમાં હિન્દુ મંદિરોની સ્થિતિ અંગે સુપ્રિમ દ્વારા રિપોર્ટ

(જી.એન.એસ.)ઈસ્લામાબાદ,તા.૮

ભારતમાં અલ્પસંખ્યકો સાથે દુર્વ્યવહારનો ખોટો મુદ્દો ચગાવાનારા પાકિસ્તાનમાં ધાર્મિક અલ્પસંખ્યકોની દયનીય સ્થિતિ આખા વિશ્વ સામે ખુલ્લી પડી ચૂકી છે. એવામાં પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે દ્વારા રચવામાં આવેલા આયોગે તેની રિપોર્ટમાં પાકિસ્તાનની પોલ ખોલી દીધી છે. આયોગની રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાનમાં હિન્દુઓના ધાર્મિક સ્થળોની સ્થિતિ કેટલી દયનીય છે. આયોગે એના રિપોર્ટમાં અફસોસ વ્યક્ત કર્યો હતો કે ETPB હિન્દુઓના મોટાભાગના પ્રાચીન ધાર્મિક સ્થળોની સાચવણી કરવામાં નિષ્ફળ રહ્યું છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું હતું કે પાકિસ્તાનમાં ૩૬૫ મંદિર છે જેમાં માત્ર ૧૩ મંદિરની જાળવણીની જવાબદારી ઈટીપીબીએ લીધી હતી. આ પૈકી ૬૫ મંદિર એવા છે જેની સાચવણી ધાર્મિક અલ્પસંખ્યક હિન્દુઓ જાતે કરી રહ્યા છે જ્યારે ૨૮૭ મંદિરો અહીંના કટ્ટરપંથીઓને હવાલે કરી દેવામાં આવ્યા છે.




## જમ્મુ કાશ્મીરમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ

(જી.એન.એસ.)શ્રીનગર,તા.૮

જમ્મુ કાશ્મીરમાં સોમવારે સવારે આશરે ૪:૫૬ કલાકે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. તે સમયે બધા લોકો ઘરમાં મીઠી નિંદ્રા માણી રહ્યા હતા જેથી તેમને ધરતીકંપનો અણસાર નહોતો આવ્યો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૫ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ભૂકંપની પૃષ્ટિ કરી હતી અને તેની તીવ્રતા ઓછી હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરમાં ગત મહિને પણ ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. ગત મહિને પણ ભૂકંપના કારણે કાશ્મીર ઘાટીમાં બે વખત ધરતી ધણધણી ઉઠી હતી.

## આંદોલન નિષ્ફળ નહીં થાય, સરકાર એમએસપી માટે કાયદો બનાવે : રાકેશ ટિકૈત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડુતોને આંદોલન સમેટવાની અપીલ કરી છે. જેના પર ખેડૂત નેતા રાકેશ ટીકૈતનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે, નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે. ટિકૈતે કહ્યું કે, મેં એ માગ કરી છે કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે. એમએસપી પર કાયદો બનશે તો દેશના ખેડૂતોને ફાયદો થશે. આ આંદોલનમાં નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે.

સરકાર સાથેની વાતચીત પર તેમણે કહ્યું કે, જો તેઓ વાતચીત કરવા માંગે છે તો અમે તૈયાર છીએ પરંતુ અમારું



પંચ પણ તે અને મંચ પણ તે જ રહેશે. રાકેશ ટીકૈતે કહ્યું કે, આ બીલોને પરત ખેંચી એમએસપી પર કાયદો બનાવવો જોઈએ. ટિકૈતે કહ્યું કે ભૂખ પર વેપાર ન થવો જોઈએ. એવા કરનારાઓને બહાર નીકાળી દેવા જોઈએ.

ટીકૈતે કહ્યું કે, દુધના મામલામાં પણ દેશની સ્થિતિ સારી નથી. આવું જ ચાલતું રહ્યું તો તૂર્કી જેવી સ્થિતિ થઈ જશે અને દુધ પણ બહારથી મંગાવવું પડશે. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ અપીલ કરવી જોઈએ કે દરેક સાંસદો પોતાની પેન્શન છોડે.

## અમેરિકામાં રાહત પેકેજનું સંપૂર્ણ અમલીકરણ થયું તો રોજગાર પૂર્વવત : નાણામંત્રી જેનેટ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૮

અમેરિકી પ્રમુખ જો બાઈડનના ૧૯૦૦ અબજ ડોલરનું રાહત પેકેજનું સંપૂર્ણ અમલીકરણ થયું તો વર્ષ ૨૦૨૨માં સંપૂર્ણ રોજગાર પેદા કરશે, એમ ટ્રેઝરી સચિવ જેનેટ યેલેને કહ્યું હતું. લાંબા સમય સુધી આપણે કેમ સહન કરી રહ્યા છીએ, કેમ કે રિકવરી થઈ રહી છે. જો પેકેજ પાસ થઈ જશે તો આવતા વર્ષ સુધી સંપૂર્ણ રોજગાર પેદા થશે.

યુએસ અનએમ્પ્લોયમેન્ટનો દર અનેક વર્ષ સુધી સ્થિર રહેશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં બેરોજગાર દર ઘટીને ચાર ટકાએ ફરી વાર આવી જશે, એમ તેમણે કહ્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૦માં ૨,૨૭,૦૦૦ નોકરીઓ ઘટ્યા પછી અમેરિકન કંપનીઓએ જાન્યુઆરીમાં ૪૯,૦૦૦ નોકરીઓ ઊભી કરી હતી, એમ લેબર ડિપાર્ટમેન્ટે રિપોર્ટમાં કહ્યું હતું. જાન્યુઆરીમાં બેરોજગાર દર ૦૪ ટકા ઘટીને ૬.૩ ટકા આવી ગયો છે, જે કોરોના રોગચાળા પહેલાં ફેબ્રુઆરી, ૨૦૨૦માં ૩.૫ ટકાના સ્તરે હતો. કોવિડ-૧૯ના ૧.૯ અબજ ડોલરના રાહત પેકેજ-અમેરિકન રેસ્ક્યુ પ્લાનને લીધે સંભવિત ફુગાવો વધવાનું જોખમ છે, એમ યેલને કહ્યું હતું. મારા પુરોગામીઓએ સંકેત આપતાં કહ્યું હતું કે આને લીધે ફુગાવો વધશે. મેં ફુગાવા પર અભ્યાસ કરવામાં ઘણાં વર્ષો કર્યો છે, એમ તેમણે કહ્યું હતું. કોંગ્રેસનાં બંને સસદે પાંચ જાન્યુઆઈએ ડેમોક્રેટ્સે બાઈડનના રાહત પેકેજને રિપબ્લિકનોના ટેકા વગર પસાર કર્યું હતું.

## તાનાશાહી : આંદોલન મુદ્દે ટ્વિટ કરનારા ૧૨૦૦ એકાઉન્ટ બંધ કરવા કેન્દ્રનો આદેશ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૮

ખેડૂત આંદલનની આડમાં ભારતમાં હિંસા અને અશાંતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે વિદેશથી સતત ટ્વિટ થઈ રહ્યા છે. જેની અંદર સેંકડો ટ્વિટ પાકિસ્તાની અને ખાલિસ્તાની સમર્થક ટ્વિટર હેન્ડલ પરથી કરવામાં આવી રહ્યા છે. ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા ભારતની એકતા અને અખંડતા માટે જોખમી ૧૧૭૮ એકાઉન્ટની માહિતિ ટ્વિટરને સોંપી છે અને તેના ઉપર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે ટ્વિટરના સીઈઓ જૈક ડોર્સી દ્વારા પણ આવા ટ્વિટને લાઈક કરવામાં આવી રહ્યા છે. મંત્રાલય દ્વારા આવા એકાઉન્ટની યાદી ચાર ફેબ્રુઆરીના દિવસે જ ટ્વિટરને સોંપી દેવામાં આવી છે. પરંતુ અત્યાર સુધી ટ્વિટર દ્વારા તેમના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ પહેલા ૩૧ જાન્યુઆરીના દિવસે પણ સરકારે ટ્વિટર ઉપરથી ૨૫૭ એકાઉન્ટને બ્લોક કરવા માટે કહ્યું હતું. જો કે તે સંબંધમાં પણ હજુ સુધી ટ્વિટરે કોઈ કાર્યવાહી કરી નથી. આ તમામ ૨૫૭ એકાઉન્ટ ફાર્મર જેનોસાઈડ હેશટેગ સાથે થયેલી ટવિટ સાથે જોડાયેલા છે. ટ્વિટર દ્વારા આવા હેન્ડલ પર કાર્યવાહી કરવાની જગ્યાએ તેને અભિવ્યક્તિની આઝાદી ગણાવી છે. ટ્વિટરના આવા વર્તન સામે હવે સરકાર કાર્યવાહી કરવાનું વિચારી રહી છે.

# કેશીયાની સીમમાંથી જામગરી બંદૂક સાથે એક ઝડપાયો

## બાતમીના આધારે એસ. ઓ.જી. ની ટુકડી ત્રાટકી



ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જોડિયા તાલુકાના કેશીયા ગામની સીમમા ડેમ તરફના રસ્તા પરથી એસ.ઓ.જી.ની ટુકડીએ એક શખ્સને જામગરી બંદૂક સાથે દબોચી લીધો હતો. જામનગર જિલ્લા પોલીસ વડા દીપન ભદ્રનની સુચના મુજબ એસ. ઓ.જી.ની ટુકડી પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફના સોયબ ભાઈ, ચંદ્રસિંહ અને અનિરુદ્ધસિંહને ખાસ બાતમી મળી કે, જોડીયાના કેશીયા ગામ ની દાઢીયાળી સીમમાં આવેલ ડેમ બાજુ જવાના રોડ પર અલ્તાફ અબ્બાસ કમોરા ઉમર ૨૧ રહે. કેશીયા સીમ, મૂળ ગામ બાલંભા સાનતીનગર ને ગેરકાયદે દેશી બનાવટની જામગરી એક બંદૂક સાથે દબોચી લીધો હતો. અલતાફ ની સામે જોડીયા પોલીસમાં આર્મ્સ એક્ટ મુજબ ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી, આ કામગીરી જામનગર એસ. ઓ.જી.ના પી.આઈ એસ એસ નિનામા તથા પીએસઆઇ વિછિ, પીએસઆઈ ગઢવી ના માર્ગદર્શન મુજબ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરથી ઉતરાખંડમાં ગયેલ બે યુવકો ફસાયા

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

ઉત્તરાખંડમાં જોશીમઠ પાસે જલપ્રલય રવિવારે સવારે થયો છે ચમૌલી જિલ્લાના તપોવન વિસ્તારમાં ગ્લેશીયર ફાટ્યા બાદ જલપ્રલય થવા પામ્યો છે જેમાં જામનગર બે યુવાનો યાત્રાએ તેમ જ ટ્રેકીગ ગયા છે જેનો કોન્ટેક થવા પામેલ નથી તેમ જામનગર કંટ્રોલરૂમ દ્વારા જાણવા મળેલ છે. ગઈકાલે સવારે ઉતરાખંડના ચમૌલી જિલ્લાના તપોવન વિસ્તારમાં ગ્લેશીયર ફાટવાથી બંધ તૂટયાના મેસેજ મળતાં રાજ્ય સરકાર હરકતમાં આવી હતી અને રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના દરેક કલેકટર સાથે ચર્ચા કરીને રાજ્યભરમાંથી ઉતરાખંડમાં ગયેલા યાત્રિકો તેમ જ ફરવા ગયેલા,ટ્રેકીગમાં ગયેલા લોકોની યાદીઓ તૈયાર કરવામાં આવેલ હતી,જેથી આપદામાં ફસાયેલા લોકોને મદદ કરી શકાય. જામનગર કંટ્રોલરૂમએ જણાવ્યા અનુસાર શહેરમાંથી બે યુવકો રાજદીપ કેતનભાઈ જાની તથા જય વિપુલભાઈ ફલીયા હાલ ઉતરાખંડમાં ગયા છે તથાજામનગરના રણજીતસાગર રોડ ખાતે રહેતા રાજદીપ જાની ઉતરાખંડ ખાતે યાત્રા માટે ગયેલા છે,જે દહેરાદૂનના યાત્રા સંઘ સાથે ૧૨ યાત્રિકો સાથે છે આ બન્નેનો કોન્ટેક થવા પામેલ નથી. શહેરના બીજા એક યુવક જય ફલીયા કે,જે અમદાવાદના ગ્રુપ સાથે ઉતરાખંડમાં ટ્રેકિંગ ૨૫ સભ્યો સાથે ગયા છે, તેમ જામનગર જિલ્લા કંટ્રોલરૂમ સાથે મળેલ માહિતીથી જાણવા મળેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની બેઠક માટે કુલ ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા

ચક્વાત ટીમ ખંભાળિયા, તા.૦૮

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત માટે ફોર્મ ભરવાના આજે પ્રથમ દિવસે નંદાણા બેઠક માટે મણીબેન મેરગભાઈ ચાવડા અને રાણીબેન જેઠાભાઈ ચાવડાના ફોર્મ તથા ભાટિયા બેઠક માટે વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ સોનગરા દ્વારા ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પંચાયતના આ પ્રથમ ત્રણ ફોર્મ કલ્યાણપુર તાલુકામાંથી જ ભરાયા છે. જ્યારે અન્ય ત્રણ તાલુકાની બેઠકોમાંથી એક પણ ફોર્મ ભરાયું નથી.

# ખંભાળિયાના ચુંટણી જંગમાં કિન્નર સમાજ મેદાનમાં

## કિન્નરોએ શહેરમાં રેલી સ્વરૂપે વિરોધ વ્યક્ત કર્યો



તસવીર : કુંજન રાડિયા

ચક્વાત ટીમ ખંભાળિયા, તા.૦૮

ખંભાળિયામાં આગામી દિવસોમાં યોજાનાર નગરપાલિકા સહિતની સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજકીય રંગ વધુ ગાઢ બની રહ્યો છે. ત્યારે અહીંના એક સામાજિક કાર્યકરના ત્રણ પરિવારજનોના નામ એકાએક તેમની મંજૂરી વગર કોઈ શખ્સો દ્વારા નગરપાલિકામાંથી રદ કરાવીને ઓનલાઈન એન્ટ્રી કરી, શક્તિનગર ગ્રામ પંચાયતમાં નાખી દીધા હતા. જેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આ મુદ્દે અહીંના પીઢ રઘુવંશી કાર્યકર નટુભાઈ ગણાત્રા દ્વારા રોષ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. આ સાથે આજરોજ અહીંના કિન્નરો એકત્ર થઈ અને રેલી સ્વરૂપે બેનર સાથે શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફર્યા હતા. ત્યારબાદ તેઓ નગરપાલિકા કચેરી ખાતે ગયા હતા અને કાર્યકર તથા સંભવિત ઉમેદવાર પરિવારના વાસુભાઈ ડોરુના નામ કમી થવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો. આટલું જ નહીં અહીંના નગરપાલિકાના પૂર્વ સભ્ય અને કિન્નર વાસંતીદે કુસુમદે નાયકએ આગામી ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવા માટેની તૈયારી સાથે અહીંની મામલતદાર કચેરી ખાતે જઈ અને ફોર્મ મેળવ્યું હતું. એમની સાથે ખંભાળિયા તથા અન્ય વિસ્તારોમાંથી ખાસ આવેલા આશરે એકાદ ડઝન જેટલા કિન્નરો તેમજ અન્ય નગરજનો- કાર્યકરો પણ જોડાયા હતા.

# રણજીતનગરમાં પત્ની સાથે બોલાચાલી બાદ મનમાં લાગી આવતાં યુવકનો આપઘાત

## પત્ની રાત્રિના જેઠના ઘરે ચાલી જતા પગલું ભર્યું, પંચાયત નગર પાસેથી અજ્ઞાત વૃદ્ધનો મૃતદેહ સાપડયો

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરના રણજીત નગરમાં રહેતાં યુવાનને પત્ની સાથે બોલાચાલી થતાં અને બાદમાં આ મામલે લાગી આવતા ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો જ્યારે પંચાયત નગર પાસેથી એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળી આવતા પોલીસે કબજો સંભાળીને મરનારની ઓળખ મેળવવા અને કયા કારણોસર મૃત્યુ થયું તે દિશામાં તપાસ આગળ વધારી છે. જામનગરના રણજીત નગર બ્લોક નંબર ૨૧ ૪૭ ખાતે રહેતા નિલેશ પ્રેમચંદભાઈ સાવલા ઉંમર વર્ષ ૪૨ નામના જૈન યુવાનને તેના પત્ની સાથે બોલાચાલી થતાં અને તેમની પત્ની રાત્રિના જેઠના ઘરે ચાલી જતા નિલેશભાઈને લાગી આવતા ગઈકાલે પોતાના ઘરે પંખામાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે જ્યોતિટાવર એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦૨ માં રહેતા ચંદ્રેશ પ્રેમજીભાઈ સાવલા દ્વારા સીટી-સી ડિવિઝનમાં જાણ કરવામાં આવી હતી. યુવાનના મૃત્યુથી શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. અન્ય એક બનાવમાં જામનગરના પંચાયત કર્મચારી નગર પાસે સોનલનેસની સામેના વિસ્તારમાંથી ગઈકાલે આશરે ૬૦ વર્ષના કોઈ અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો, આ અંગે મોર્કંડા પાટીયા પાસે રહેતા જયેશભાઈ દેગામા દ્વારા પંચકોશી બીમા જાણ કરવામાં આવતા પોલીસ ટુકડી દોડી આવી હતી અને મરનારની ઓળખ મેળવવા સહિતની કાર્યવાહી આગળ વધારી હતી, અજાણ્યા પુરુષનું કયા કારણોસર મૃત્યુ થયું એ માટે પીએમ વિધિ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.

# ઉત્તરાખંડ ગયેલા હાલારીઓના સંપર્ક માટે જામનગર અને દ્વારકામાં કંટ્રોલરૂમ શરૂ

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

ઉત્તરાખંડમાં ગઈકાલે સવારે ગ્લેસિયર તૂટતા પૂરની સ્થિતિ સર્જાઈ હતી. હાલ ત્યાં બચાવ કામગીરી ચાલી રહી છે. જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ઉત્તરાખંડ ફરવા માટે ગયેલા પ્રવાસીઓનો આ દૂર્ઘટના પછી સંપર્ક થતો ન હોય તો તેઓના પરિવારજનોએ જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. ઉત્તરાખંડમાં ફસાયેલા યાત્રિકોનું નામ તથા વિગત નોંધાવવા જામનગર જિલ્લા માટે ૦૨૮૮-૨૫૫૩૪૦૪, અથવા ૦૨૮૮-૦૧૦૭૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે ૦૨૮૩૩-૨૩૨૧૨૫, ૦૨૮૩૩-૨૩૨૦૮૪, ૨૩૨૧૮૩ અથવા ૧૦૭૭ નો સંપર્ક કરવા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયા નજીક ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા પશુઓ અંગે બે સામે કાર્યવાહી

ચક્વાત ટીમ ખંભાળિયા, તા.૦૮

ખંભાળિયા- દ્વારકા ધોરીમાર્ગ પર અત્રેથી આશરે સોળ કી.મી દુર કાજૂરડા ગામના પાટિયા પાસેથી જઈ રહેલા જી.જે ૩૭ ટી. ૨૭૮૯ નંબરના એક ટ્રકને પોલીસે અટકાવી ચેકિંગ કરતા તેમાંથી કેટલાક પશુઓ લઈ જવાતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ અંગે પોલીસ દ્વારા ચેકિંગ કાર્યવાહીમાં ઉપરોક્ત આઈસર ટ્રકમાં નવ ભેંસ તથા એક પાડરડું મોઢાના ભાગે સુતરની દોરી વડે બાંધીને લઈ જવામાં આવતા હતા. આ પશુઓને ક્રૂરતાપૂર્વક ટ્રકમાં ખીચો-ખીચ ભરી અને પશુઓને વહન દરમિયાન તેઓ માટે પાણી અને ઘાસચારાની વ્યવસ્થા પણ રાખવામાં આવી ન હતી. આ આઈસર ટ્રકના ચાલક એવા ભાણવડ તાલુકાના બોડકી ગામના પ્રવિણ ભીખાભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૭) દ્વારા પશુઓનું ક્રૂરતાપુર્વક વહન કરી, અને આ જ ગામના પરબત જેઠાભાઈ છૈયાના ઘરે લઈ જવામાં આવતા હોવાનું પણ વધુમાં ખુલવા પામ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી, પ્રવિણ ચૌહાણની અટકાયત કરી હતી. જ્યારે પરબત જેઠાભાઈ સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે અહીંના પશુ પ્રેમીઓમાં પણ રોષની લાગણી પ્રસરી છે. આગળની તપાસ હેડ કોસ્ટેબલ પી.જે. ભાટિયાએ હાથ ધરી છે.

# દેવભૂમિ દ્વારકામાં બહારથી આવતા લોકોના કવોરેન્ટાઈન અંગેનું જાહેરનામું રદ

ચક્વાત ટીમ ખંભાળિયા, તા.૦૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મત્સ્ય સિઝન દરમિયાન અન્ય જિલ્લા / રાજયમાંથી આ જિલ્લામાં આવતા માછીમારોને ફરજીયાત કવોરન્ટાઈન કરવા અંગે તા.૨૦-૦૭-૨૦૨૦ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું તેમજ અન્ય જિલ્લા રાજયમાંથી આવતા શ્રમિકો અંગે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું પાલન કરવા અંગેનું જાહેરનામું તા.૦૫-૦૯-૨૦૨૦ના રોજ બહાર પાડવામાં આવેલ હતું. હાલ કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા રાજય સરકારના ગૃહ વિભાગના તા.૩૦-૦૧-૨૦૨૧ની માર્ગદર્શિકા ધ્યાને લેતા કલેકટરશ્રી ડો. નરેન્દ્રકુમાર મીનાએ તેમને મળેલ સત્તાની રૂએ ઉપરોકત બન્ને જાહેરનામા રદ કરવા હુકમ કરેલ છે.

# જામનગર શહેર ભાજપ મહામંત્રી પદે મેરામણભાઈ ભાટુની નિમણૂક



ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં શહેર ભાજપ મહામંત્રી ગોપાલભાઈ સોરઠિયાને ટિકિટ મળતા તેમણે ભાજપમાંથી ઉમેદવારી નોંધાવતા પક્ષના નીતિ-નિયમો પ્રમાણે તેમણે સંગઠનમાંથી મહામંત્રી પદેથી રાજીનામું આપતા ખાલી પડેલા પદ ઉપર મેરામણભાઈ ભાટુની શહેર ભાજપ મહામંત્રી પદે નિયુક્તિ કરવામાં આવી છે. મેરામણભાઈ સતત ત્રણ ટર્મ સુધી વોર્ડ નં. ૭ માં કોર્પોરેટર રહી ચૂક્યા છે, તેમજ ત્રણ વર્ષ સ્થાયી સમિતિના ચેરમેન તરીકે પણ કામગીરી કરી હતી. શાસક પક્ષના નેતા પદે પણ તેઓ રહી ચૂક્યા છે. તેમના પંદર વર્ષના કાર્યકાળ દરમિયાન શહેરના અનેક વિકાસ કાર્યો માટે તેમની ભૂમિકા મહત્ત્વની રહી હતી. આ ઉપરાંત તેમણે વિભાનસભાની ચૂંટણીમાં મુખ્ય ચૂંટણી ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવી છે. આહિર સમાજમાં તેઓ વિવિધ પેટા સંસ્થાઓમાં વિવિધ પદ પર કાર્યરત છે.

# જામનગર જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ



ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગર જિલ્લા પંચાયતની ૨૪ અને ૬ તાલુકા પંચાયતની કુલ ૧૧૨ બેઠકોની ચૂંટણી માટે આજે સોમવારે વિધિવત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ સાથે જ પંચાયતો માટે ઉમેદવારી નોંધાવવાનો પણ પ્રારંભ થયો છે. મહાનગરો બાદ હવે પંચાયતોની બેઠક માટે ઉમેદવાર પસંદ કરવાની કવાયત રાજકીય પક્ષોમાં તેજ બની છે. જેથી મુખ્ય હરીફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારો પસંદ કરવા માટેનું મહામંથન શરૂ કરી દેવામાં આવ્યું છે. શરૂ કરી દેવામાં આવ્યું છે. રાજ્યની ૬ મહાપાલિકાઓમાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ ચૂંટણી ફોર્મ ભરવાનું શરૂ, ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાના ઉમેદવારો પસંદ કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી દેવામાં આવી છે. જામનગર જિલ્લાની વાત કરવામાં આવે તો તાલુકા પંચાયતોની ૧૧૨ બેઠક માટે ભાજપમાં કુલ ૪૧૩ દાવેદારો નોંધાયા છે, જ્યારે જિલ્લા પંચાયતની ૨૪ બેઠક માટે ૧૨૪ દાવેદારો નોંધાયા છે. પક્ષની પાર્લામેન્ટરી કમિટી દ્વારા આ દાવેદારોમાંથી ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. મહાપાલિકાની પસંદગી પ્રક્રિયા બાદની સ્થિતિને ધ્યાનમાં રાખી ભાજપ મોવડી મંડળ દ્વારા પંચાયતોમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. તો બીજી તરફ મોટાભાગની પંચાયતોમાં સત્તા સ્થાને રહેલી કોંગ્રેસ માટે પણ ગઢ જાળવી રાખવા પડકારજનક સ્થિતિનું નિર્માણ થયું છે. બન્ને પક્ષોમાં બળવાની સ્થિતિને ધ્યાનમાં રાખી છેલ્લી ઘડીએ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે તેવું જણાઈ રહ્યું છે.

# કાલાવડના દેવપરમાંથી શ્રમિક મહિલા ગુમ થતા શોધખોળ શરૂ



ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

કાલાવડના રણુજા ગામમાં એક ખેતરમાં મજૂરીકામ કરતા શ્રમિક મહિલા શુક્રવારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા જતાં પતિએ પોલીસમાં જાણ કરી છે. કાલાવડ તાલુકાના દેવપુર (રણુજા) ગામમાં આવેલા દેવધનભાઈ નામના ખેડૂતના ખેતરમાં મજૂરીકામ માટે આવીને રહેતા મૂળ પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના વંદેલી ગામના વતની મુકેશભાઈ ઝાલુભાઈ મુનીયા નામના આદીવાસી શ્રમિકના પત્ની સુલેખાબેન (ઉ.વ.૨૬) પણ પતિની સાથે તે ખેતરમાં કામ કરતા હતાં. આ મહિલા ગઈ તા. ૬ ની સવારે ચારેક વાગ્યે પોતાના રહેણાંકેથી નીકળ્યા પછી ગઈકાલ સુધી પરત નહી ફરતા મુકેશભાઈએ પોતાના પત્ની ગુમ થયાની પોલીસમાં જાણ કરી છે. ઉપરોકત તસ્વીરવાળા મહિલા ઘઉંવર્ણો વાન ધરાવે છે. તેણીના જમણા હાથમાં મુકેશ સુરેખાબેન ત્રોફાવેલું છે. આ મહિલા અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ કાલાવડ શહેર પોલીસ સ્ટેશનના ફોન-૦૨૮૯૪ ૨૨૨૦૩૩ અથવા હે.કો. જી.પી. ગોસાઈ-૮૮૬૬૦ ૯૨૭૦૭ નો સંપર્ક કરવો.

# જામનગરમાં કેન્દ્રિય યુનિયન બજેટ ૨૦૨૧-૨૨ પર માર્ગદર્શક સેમીનાર

ચક્વાત ટીમ, તા.૦૮

જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશ્નર્સ એસોસીએશન, જામનગર તથા જામનગર ટેકસ કધસલટન્ટ એસોસીએશન, જામનગરના સયુંકત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ-૨૦૨૧/૨૨ અંગે માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમીનાર તા.૪-૨-૨૦૨૧ ગુરૂવારના રોજ યોજવામાં આવેલ હતો. આ સેમીનારમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે, જામનગર ચેમ્બર તથા સાથી એસોસીએશન સાથે મળી પ્રતિ વર્ષ બજેટની છણાવટ કરવા તથા વ્યાપારીઓ, ઉદ્યોગકારોને તથા સભ્યઓને માર્ગદર્શન મળી રહે તે માટે કેન્દ્રીય યુનીયન બજેટ ઉપર માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુજબ કેન્દ્રીય યુનીયન (પોસ્ટ) બજેટ-૨૦૨૧-૨૨ના વિશ્લેષણના કાર્યક્રમનું આયોજન કરેલ છે. વધુમાં જણાવેલ કે બજેટ જોગવાઈઓની છણાવટ તથા બજેટમાં રહેલ પ્રાવધાનો બાબત નિષ્ણાંત વકતા ધિનલભાઈ શાહ, ચાટર્ડ એકાઉન્ટન્ટ તથા વારિષભાઈ ઈસાની દ્વારા સરળ ભાષામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૧માં આવકવેરા તથા જીએસટીના સુધારા વધારા તથા નવા ફેરફારો અંગે સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે તે ચેમ્બરના સર્વે સભ્યોને ખુબ જ ઉપયોગી અને માર્ગદર્શક નિવડશે. ત્યારબાદ બિપેન્દ્રસિંહ જાડેજાએ બન્ને વકતાઓને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરેલ હતા. સંસ્થાની ઈન્કમટેકસ તથા કોર્પોરેટ લોઝ પેનલ ચેરમેન કમલેશભાઈ રાઠોડ દ્વારા સંસ્થાનો પરિચય આપવામાં આવેલ. ત્યારબાદ વકતા વારિસભાઈ ઈસાનીનો પરિચય સંજીવભાઈ બુધ્ધ પ્રમુખ જામનગર ટેકસ કધસલટન્ટ એસોસીએશન દ્વારા તથા ધિનલભાઈ શાહનો પરિચય દિપેશભાઈ ભુત, ચેરમેન જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ દ્વારા આપવામાં આવેલ તથા સંસ્થાની કસ્ટમ અને સીજીએસટી પેનલ ચેરમેન ભરતભાઈ ઓઝાએ ધિનલભાઈ શાહને તથા ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશનના ઉપપ્રમુખ જયેશભાઈ કાનાણીએ વારિષભાઈ ઈસાનીને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

# ખંભાળિયા તાલુકાના સલાયા ગામનો ફરાર આરોપી મુંબઈથી ઝડપાયો

## એલસીબી પોલીસે મુસ્લિમ શખ્સને મુંબઈથી દબોચી લીધો

ચક્વાત ટીમ જામ ખંભાળિયા, તા.૦૮

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આજથી આશરે વીસ વર્ષ પૂર્વે એક હથિયાર મળી આવ્યું હતું. જે સંદર્ભે જે-તે સમયે સલાયા મરીન પોલીસ મથકમાં હથિયાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં જે-તે સમયે નદીમ અબ્દુલ રજાક શેખ નામના શખ્સનું નામ ખૂલ્યું હતું. છેલ્લા વીશેક વર્ષથી ફરાર એવા આ આરોપીને દબોચી લેવા દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીની સૂચના મુજબ એલસીબી વિભાગ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી. દરમિયાન મુંબઈ ખાતે તાજેતરમાં તપાસ અર્થે ગયેલા એલ.સી.બી. પી.એસ.આઈ. એસ.વી. ગળચર તથા સ્ટાફના એ.એસ.આઈ. સજુભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ જેસલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સલાયાના હથિયારધારા પ્રકરણના આરોપી નદીમ અબ્દુલ શેખને મહારાષ્ટ્ર (મુંબઈ)ના ઉદરીયા સ્ટ્રીટ ખાતે આવેલી જેનમ મંજિલ ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પઆઈ. જે.એમ. ચાવડાની સુચના મુજબ સ્ટાફના પી.એસ. આઈ. એસ.વી. ગળચર, પી.સી. શિંગરખીયા, તેમજ એ.એસ.આઈ. દેવશીભાઈ ગોજીયા, બીપીનભાઈ જોગલ, અજીતભાઈ બારોટ, સજુભા જાડેજા, કેશુરભાઈ ભાટિયા, વિપુલભાઈ ડાંગર, નરસિંહભાઈ સોનગરા, ધર્મેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોસ્ટેબલ મશરીભાઈ આહિર, ભરતભાઈ ચાવડા, બોઘાભાઈ કેસરિયા, લાખાભાઈ પિંડારિયા, જેસલસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, પ્રવિણભાઈ ગોજીયા, અરજણભાઈ મારુ, બલભદ્રસિંહ ગોહિલ, મહેન્દ્રસિંહ જાડેજા, હસમુખભાઈ કટારા, જીતુભાઈ હુણ, તથા વિશ્વદિપસિંહ દ્વારા કરવામાં આવી હતી.

# જાબુંડામાં મકાનના ફળીયામાંથી મળી આવી દારૂની દસ બોટલ : આરોપી ફરાર

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરના સુમેરકલબ રોડ, દિગ્વિજય પ્લોટ વિસ્તારમાંથી પોલીસે ચાર શખ્સને શરાબની ચાર બોટલ સાથે પકડી પાડ્યા છે. મોટા વડાળામાંથી પણ એક બોટલ પકડાઈ છે અને જાંબુડા ગામમાં એક મકાનના ફળીયામાં સંતાડેલી દસ બોટલ પોલીસે કબ્જે કરી છે. જામનગરના સુમેરકલબ રોડ પર આવેલી આઈટીઆઈ કોલેજ પાસેથી ગઈકાલે પોલીસે ધવલ ચંદુભાઈ ગોસ્વામી નામના શખ્સને પણ શરાબની બોટલ સાથે પકડી લેવામાં આવ્યો છે. દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં. ૪૯ માંથી દિપેશ પ્રાગજીભાઈ ચૌહાણ નામના શખ્સને પણ શરાબની એક બોટલ સાથે પોલીસે પકડ્યો છે. ત્યાંથી જ દેવેન્દ્રસિંહ ચંદુભા જેઠવા નામના શખ્સને શનિવારે રાત્રે પોલીસે એક બોટલ શરાબ સાથે પોલીસે પકડી પૂછપરછ કરતા તેણે યુવરાજસિંહ વિક્રમસિંહ જાડેજા પાસેથી બોટલ લીધાની કબુલાત આપી છે. કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાંથી સંજય ભીખાભાઈ પટેલ નામના શખ્સને અને જાબુડા ગામમાંથી શનિવારે રમેશ ઉર્ફે કુકા પરસોત્તમ મારકણા નામના શખ્સના મકાનમાં પોલીસે દરોડો પાડતા શરાબની દસ બોટલ તેના ફળીયામાં સંતાડેલી હતી તે મળી આવી હતી. પોલીસના દરોડા પહેલાં રમેશ મારકણા નાશી ગયો હતો.

# જામનગર નજીકથી અજાણ્યા વૃદ્ધનો મળ્યો મૃતદેહ: ઠંડીથી મૃત્યુ થયાનું તારણ

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરના મોરકંડા રોડ પર આવેલા પંચાયત કર્મચારી નગર પાસેથી ગઈકાલે એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો છે. તેઓનું ઠંડીમાં ઠુંઠવાઈ જવાથી મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ કાઢવામાં આવ્યું છે. જામનગરના લાલપુર બાયપાસથી ઠેબા બાયપાસ વચ્ચેના રોડ પર આવેલા પંચાયત કર્મચારીનગર નજીક એક નેશ પાસેથી ગઈકાલે બપોરે સાંઈઠેક વર્ષની વયના લાગતા એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો છે. ત્યાંથી પસાર થયેલા જયેશ ઉમેદભાઈ દેગામા નામના યુવાને મૃતદેહ નીહાળી પોલીસને જાણ કરતા પંચકોશી બી ડિવિઝનના એએસઆઈ પી.બી. ગોજીયા તથા સ્ટાફ દોડી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી તપાસ હાથ ધરી છે. આ વૃદ્ધનું ઠંડીમાં ઠુંઠવાઈ જવાથી મૃત્યુ થયાની આશંકા સેવાઈ રહી છે.

# ચોરાઉ બાઈક સાથે રાજકોટના શખ્સને ઝડપી લેતી જામનગર પોલીસ



ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગર એસઓજીએ રાજકોટના એક શખ્સને ચોરાઉ મોટરસાયકલ સાથે પકડી પાડ્યો છે. તેણે રાજકોટ ગ્રામ્ય પંથકમાંથી બાઈક ચોર્યાની કબુલાત આપી છે. જામનગરના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા કરવામાં આવતા પેટ્રોલીંગમાં કાલાવડ તાલુકાના અરલા નજીકના છત્તર ગામ પાસેથી સ્ટાફના રવી બુજડ, હિતેશ ચાવડા, હર્ષદભાઈ ડોરીયાને મળેલી બાતમીના આધારે એક શખ્સને મોટર સાયકલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. મૂળ જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના પરબ વાવડી ગામના વતની અને હાલમાં રાજકોટમાં ક્રિષ્ના સોસાયટીમાં વસવાટ કરતા સંજય બાબુભાઈ પટેલ નામના આ શખ્સની પૂછપરછ કરાતા તેણે ઉપરોકત વાહન ચોરી કર્યાની કબુલાત આપી છે. આરોપીનો કબ્જો રાજકોટ તાલુકા પોલીસને સોંપવાની તજવીજ કરવામાં આવી છે.

# ટ્રકમાં લઈ જવાતી નવ ભેંસ તથા પાડરને છોડાવતી ખંભાળિયા પોલીસ

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

ખંભાળિયા-દ્વારકા ધોરીમાર્ગ પરથી પોલીસે એક નાનકડા ટ્રકમાં ક્રુરતાપૂર્વક બાંધીને લઈ જવાતી નવ ભેંસ તથા એક પાડરને છોડાવી ભાણવડના બોડકીના બે શખ્સ સામે ગુન્હો નોંધ્યો છે. જીજે-૩૭-ટી-૨૭૮૯ નંબરનો આઈસર ટ્રક પસાર થતાં પોલીસે તેને રોકાવી ચેક કરતા તેના ઠાઠામાંથી નવ ભેંસ અને એક પાડરૂં પગ તથા મ્હોંના ભાગે સૂતરની દોરી વડે બાંધેલા જોવા મળ્યા હતાં. ઉપરોકત દસ પશુઓને પ્રવિણભાઈ ભાણવડના બોડકી ગામના જ પરબત જેઠાભાઈ છૈયાને ત્યાં મૂકવા જતો હોવાનું બહાર આવ્યું છે.

## અવસાન નોંધ

**ખંભાળિયા :** દલવાડી હરિભાઈ પ્રેમજીભાઈ નકુમ (ઉ.વ. ૭૬ ) તે વિજયભાઈ રસોયા (શ્રીહરિ રેસ્ટોરન્ટ એન્ડ સ્વીટસવાળા), ચંપકભાઈ તથા રવિભાઈના પિતા તા. ૭ના રોજ અવસાન પામ્યા છે.

# જામનગરમાં કલેક્ટર અને અધિક કલેક્ટર દ્વારા કોરોના રસી લેવાઈ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૮

કલેક્ટર રવિશંકર અને અધિક કલેકટર રાજેન્દ્ર સરવૈયાએ કોરોના પ્રતિરોધક રસી મુકાવી, રસી સુરક્ષિત છે તેમ પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. હાલ જામનગર ખાતે ફ્રન્ટલાઈન વોરિયર્સ અને ૫૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકોને રસી મૂકી સુરક્ષિત કરવા માટે ઝુંબેશ ચાલુ છે, આ રસીકરણ ઝુંબેશને જામનગરના નાગરિકો દ્વારા બહોળો હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ તકે કલેકટર રવિશંકરે કહ્યું હતું કે, રસી એકદમ સુરક્ષિત છે, રસીકરણની સંપૂર્ણ પ્રક્રિયા ખૂબ જ તાલીમબદ્ધ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે અને આ રસીની કોઈ આડઅસર જોવા મળી નથી. જામનગરના અન્ય નાગરિકો પણ કોઈ ડર વગર રસી મુકાવી જામનગરને સુરક્ષિત બનાવવામાં સહયોગ આપે તેમ જિલ્લા અનુરોધ કર્યો હતો.

# વાંકાનેર હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધીનો અડધા કિમીના રોડમાં સાત ખાડાઓ, નાગરિકો ત્રાહિમામ





ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

વર્તમાન સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વાંકાનેર તાલુકા પંચાયત-જિલ્લા પંચાયત-નગરપાલિકાની ચૂંટણી પૂર્વે મુદત પુરી થતા હાલ સરકારી વહીવટદાર શાસન અમલમાં છે ત્યારે કહેવું અનિવાર્ય બન્યું છે કે આ વહિવટદારોની નિમણૂકની સાથે વાંકાનેર નગરપાલિકા વિસ્તારમાં મતલક્ષી વિકાસના કામોના નાટકો શરૂ થયા છે. વાંકાનેર નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ વાઈઝ મિટિંગનો દોર, અધુરા કામોનો સર્વે અને લાંબા સમયથી બંધ-અનિર્ણિત કામો શરૂ કરવાના માત્ર દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ લોકોને તેમની સમસ્યા બાબતે તંત્ર દ્વારા રજૂઆતો કરવાનું પણ આહવાન કરાયું જેમાં તંત્રને કરાયેલ એક પણ રજુઆત બાબતે આજ સુધી કોઈ અમલવારી થયાનો જોવા-જાણવા મળ્યું નથી. ગુજરાત રાજ્યમાં ભાજપનું શાસન હોય તેના ઈશારે વાંકાનેર નગરપાલિકાની અગાઉની બોડીએ પણ માત્ર કાગળ ઉપર તૈયાર કરેલાં કામોની સમીક્ષા કરવાના નાટકો કર્યા અને બાદમાં લાગવગશાહિના ધોરણે અમુક શેરી ગલીઓમાં રોડ બનાવ્યા અને એ પણ ચુંટણી સમયે ! આ બધા વચ્ચે શેરી-ગલીઓથી વધુ ઉપયોગમાં આવતો અને ટ્રાફિકથી સતત ધમધમતો હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધી ૪૫૦ મીટર એટલે કે અડધો કિ.મીનો રોડને હાલનું વહિવટદાર તંત્ર અને અગાઉના શાસનકર્તાઓ કેમ ભુલી ગયા ? આ રોડમાં અધધ સાત જેટલા મોટા ખાડાઓ તંત્રને દેખાતા કેમ નથી ? નવિનીકરણને ઝંખતા આ રોડમાં છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી આ ખાડાઓ પડ્યા છે, જેનાથી વાંકાનેરના નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. આ અડધો કિ.મી રોડ પસાર કરવામાં ફોર વ્હીલર અને ટુ-વ્હીલર ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વિકાસના બણગા ફૂંકતા સરકારી તંત્રના અધિકારીઓ અને અગાઉના શાસનકર્તાઓને આંખે મોતિયો આવ્યો છે કે શું ? જેમને આવડા મોટા ખાડાઓ દેખાતા નથી.

# પાટડીમાં યોજના મંજૂર ન થતા ખેડૂતો દ્વારા મતદાન બહિષ્કારની ચીમકી



ચક્વાત ટીમ પાટડી, તા.૦૮

સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકામાં સરકાર તરફથી સને ૨૦૧૮માં સૂર્ય શક્તિ કિસાન યોજના લોન્ચ થયેલી હતી એ અનુસંધાને વિસાવડી ઝેઝરા વિસનગર ફિડર નવ ગામનાં ૬૪ ખેડૂતોએ સને જુન ૨૦૧૯માં વિસાવડી ફિડર ૩૮ વિજ કનેક્શન તેમજ વિસનગર ૨૬ ખેડૂતોએ સ્કાઈ યોજના સરકારની ધારાધોરણ મુજબ પાંચ ટકા લેખે અંદાજીત ખેડતોએ મ મંળીને કુલ રૂપિયા ૭૯,૦૦,૦૦૦/ જેટલી માતબર રકમ સને જુન ૨૦૧૯મા ભરેલ છે તેમજ આ યોજનાની ગાઈડ લાઈન મુજબ દરેક ખેડૂતો ને સ્કાય યોજના માટે ખેતરમાં ટયુબવેલ ઓરડી પાણીનાં બોર લગતી તમામ પ્રકારની મોટર સ્ટાર્ટર ટેબલ વિગેરે મળીને કુલ ૫ થી ૬ કરોડ રૂપિયા ખર્ચ કરેલ છે છતાં વારંવાર સરકારીમાં ઉચ્ચ અધિકારીઓને જાણ કરેલ છે છતાં કોઈ આજ દિવસ સુધી આ યોજના મંજૂર કરવામાં આવી નથી અને જો વહેલી તકે આ નિરાકરણ નહીં આવે તો સુરેન્દ્રનગર જીલ્લા દસાડા તાલુકાના તમામ ખેડૂતો મતદાનનું બહિષ્કાર કરશે.

# છેલ્લા છ મહિનાથી દારૂના ગુન્હામાં નાસતા ફરતા આરોપી ઝડપાયો



ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

વાંકાનેર શહેર પોલીસ મથકમાં છેલ્લા છ માસથી દારૂના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને વાંકાનેર શહેર પોલીસ ટીમે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જીલ્લા પોલીસ વડા એસ. આર. ઓડેદરાની સુચના અને ડીવાયએસપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પીઆઈ વી. એલ. પટેલની ટીમ પેટ્રોલીગમાં હોય દરમિયાન ખાનગી બાતમીના આધારે છેલ્લા છ માસથી વાંકાનેર શહેર પોલીસ મથકના દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપી શૈલેશ ગભરૂ ધાંધલ (ઉ.વ.૨૬, રહે. કુંભાર, બોટાદ, હાલ. નવાગામ ચોકડી, થાનગઢ) ને વાંકાનેરની થાન ચોકડી પાસેથી ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંકાનેર શહેર પોલીસ ટીમની આ કામગીરીમાં પીઆઈ વી. એલ. પટેલ, હીરાભાઈ મઠીયા, કૃષ્ણરાજસિંહ ઝાલા, પ્રતિપાલસિંહ વાળા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# ચૂંટણીમાં તમામ લોકોએ મતદાન કરવા કલેક્ટર દ્વારા અપીલ

ચક્વાત ટીમ ખંભાળિયા, તા.૦૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા.૨૮/૦૨/૨૦૨૧, રવિવારનાં રોજ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જામખંભાળીયા તથા જામરાવલ નગરપાલિકાની સામન્ય ચુંટણીઓ અને સલાયા તથા ઓખા નગરપાલિકાનાં કેટલાક વોર્ડની પેટા ચુંટણી, જામખંભાળીયા, દ્વારકા, ભાણવડ તથા કલ્યાણપુર તાલુકાની તાલુકા પંચાયતો અને દેવભુમિ દ્વારકા જિલ્લાની જિલ્લા પંચાયતની ચુંટણીઓનું મતદાન થનાર છે, આપણે સૌએ લોકશાહિને મજબુત બનાવવા માટે મતદાતાઓનો ફાળો અતિ મહત્વનો છે, તેથી દેવભુમિ દ્વારકા જિલ્લાનાં સર્વે મતદાતાઓને આપણી લોકશાહિમાં ભાગીદાર થવા તથા લોકશાહિ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા વધુ અને વધુ મતદાતાઓ મતદાન કરે એવી સર્વે મતદાતાઓને જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, દેવભુમિ દ્વારકા તરફથી અપીલ કરવામાં આવે છે.

# રાષ્ટ્રિય કક્ષાના રમકડાં મેળામાં શ્રી પ્રાચી પ્રાથમિક શાળાની કૃતિ પસંદ કરાઈ



ચક્વાત ટીમ ગીર સોમનાથ, તા.૦૮

GCER ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાનો ટોય ફેર (રમકડાં મેળા)નું આયોજન થયેલ જેમાં ગીર સોમનાથ જિલ્લાની શ્રી પ્રાચી પ્રા.શાળાના શિક્ષક જયાબેન કે. સેવરાની રાજ્યકક્ષાએ પસંદગી થયેલ જ્યા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર આવતા નેશનલ કક્ષાએ પસંદગી થતા શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. તેમની સિદ્ધિ બદલ શાળા પરિવાર આચાર્ય રામસિંહભાઈ વાળા સી.આર.સી. ગૌરવભાઈ મહેતા બી.આર. સી.હરેશભાઈ જાદવ ટી.પી.ઓ. ધીરુભાઈ પરમાર તેમજ સમસ્ત શાળાના શિક્ષક સ્ટાફે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઊનામાં વાહનમાં પશુઓને કતલખાને લઈ જનાર ૩ શખ્સો મુદ્દામાલ સાથે ઝડપાયા



ચક્વાત ટીમ ઊના, તા.૦૮

ઉનામાં મુંગા પશુને કતલખાને લઇ જવાતા હોવાની બાતમી આધારે ગૈપ્રેમી યુવાનોએ ઉના પોલીસે જાણ કરતા પોલીસ તાત્કાલીક સ્થળ પર ગયેલ હતી. અને તપાસ હાથ ધરતા પાસ પરમીટ વગર પશુઓને હેરાફેરી કરતા ત્રણ શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ખોડા ભીમા જોગદીયા રહે.ફાટસર, અસ્લમ ઉર્ફે સીરાજ કાસમ ચોરવાડા રહે. ઉના, રમજાન ઉર્ફે કાલો ભીખા સરતાન રહે. ફાટસર તા.ગીરગઢડા આ તમામ શખ્સો મુંગા પશુઓ દોઢથી બે વર્ષની ઉંમરના ૬ વાછરડાઓને કતલ કરવાના ઈરાદે હેરાફેરી કરતા હોવાની બાતમી આધારે પોલીસે ઊના ભાવનગર રોડ પર રોકડીયા હનુમાન મંદિર પાસે મોડી રાત્રીના સમયે જી.જે ૧૪એક્સ ૬૫૭૮ બોલેરો વાહનમાં તલાસી લેતા પાસ પરમીટ વગર હેરાફેરી કરતા હોય અને વધુ પુછપરછ કરતા આ શખ્સોએ જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામના ખારા પાસેના રસ્તા પરથી વાહનમાં ભરેલ હોવાનું કબુલતા અને આ પશુઓને વાહનમાં હેરાફેરી કરવા માટે બાઈકનો જીજે ૩૨ એમ ૭૨૦૩ સહીત કુલ કિ.રૂ. ૨ લાખ ૪૬ હજારના મુદામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડેલ છે. આ અંગેની ઉના પોલીસે ફરીયાદ નોંધી આગળની વધુ તપાસ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. જોકે મોડી રાત્રીના સમયે ગૈ તસ્કરી કરનાર ટોળકીઓને ગૈપ્રેમી યુવાનોએ પકડી પાડી પોલીસેને જાણ કરેલ આમ અગાઉ પણ પશુઓની હેરાફેરી કરતા શખ્સોને પકડી પડેલ છે.

# જામકંડોરણામાં ટ્રક ટ્રાન્સપોર્ટ એસોશિયસનના હોદેદારોની વરણી



**પ્રમુખ તરીકે સુખદેવસિંહજી જાડેજા પીપરડી, મહામંત્રી તરીકે નાથુભા જાડેજા અને ઉપપ્રમુખ તરીકે કેશુભાઈ મઢવી નિમાયા**

ચક્વાત ટીમ જામકંડોરણા, તા.૦૮.

આજરોજ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન ની કારોબારી સભ્યો ની મિટિંગ કરવામાં આવી હતી. જેમાં તમામ સભ્યોની સંમતિથી નવા હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમા સુખદેવસિંહ જાડેજા પીપરડીને સર્વ સંમતિ થી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.ઉપપ્રમુખ કેશુભાઈ મઢવી અને મહામંત્રી નાથુભા જાડેજાને બનાવવામાં આવ્યા. આ તકે મજૂર એસોસિયેશનના પ્રમુખ ભીખાભાઈ ચુડાસમા અને કારોબારી સભ્યો મુન્નાભાઈ પાનસૂરિયા, મેઘાભાઈ ગોવાભાઈ મઢવી એ હાજરી આપી હોદેદારો નું ફૂલહાર થી સન્માન કર્યું હતું.

# બુટલેગર ભરત હમીરભાઈ કોડીયાતર પાસા હેઠળ સેન્ટ્રલ જેલ અમદાવાદમાં ખસેડાયો



ચક્વાત ટીમ જૂનાગઢ, તા.૦૮

જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ પ્રોહીબીશનની ગેરકાયદે પ્રવૃતિને નેસ્તનાબુદ કરવાની કામગીરીના ભાગરૂપે ગેરકાયદેસર પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા તથા તડીપાર જેવા અટકાયતી પગલા લેવાયા. વંથલી પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ બી.કે. ચાવડા દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સૌરભ પારધી સાહેબ તરફ પોલીસ અધિક્ષક શ્રી મારફત મોકલતા જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી તથા જિલ્લા કલેકટર જુનાગઢ દ્વારા આવી ગેરકાયદેસર પ્રવૃતિની ગંભીરતા ને ધ્યાને લેતા જુનાગઢ જિલ્લાના વંથલી વિસ્તારના પ્રોહી બુટલેગર ભરત હમીરભાઈ કોડીયાતર રબારી ઉવ.૨૭ રહે. સાંતલપુરધાર તા.વંથલી જિ.જુનાગઢ વાળા વિરૂદ્ધ પાસા વોરન્ટ ઈશ્યુ કરવામાં આવેલ હતું જે પાસા વોરન્ટ ઈશ્યુ થયા બાદ સામાવાળાને પકડી પાડવા વંથલી પોલીસ સ્ટેશનના સ્ટાફે સયુંકત કામગીરી કરી ભરત હમીરભાઈ કોડીયાતરનો કોવિડ -૧૯ ટેસ્ટ નેગેટીવ આવતા. સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતું.

# પ્રાચીમાં કોંગી પ્રમુખ ગોહીલ તેમજ ધારાસભ્ય બારડનું સન્માન કરાયું



ચક્વાત ટીમ ગીર સોમનાથ, તા.૦૮

પ્રાચી મુકામે ધમ્મવાડીમાં દલીત સમાજ દ્વારા કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ મનસુખભાઈ ગોહેલ તેમજ તાલાલા સુત્રાપાડાના ધારાસભ્ય ભાગવાનભાઈ બારડનું ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું હતુ. બહોળી સંખ્યામાં દલીત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કાનાભાઈ વાળા, માનસિંગભાઈ ચાવડા, કાળુ ભાઈ વાણવિ, રામભાઈ વાળા,ઉગા ભાઈ ચાવડા,નારણ ભાઈ વાળા, રામભાઈ વાણવિ, મહેશ ચાવડા, રામભાઈ જાદવ, કમલેશ વાનવિ, રામસિંહ પરમાર, જેઠાભાઈ વાળા, ભગવાનભાઈ ચાવડા, ભાગવાનભાઈ વાઢેર વગેરે આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગીર સોમનાથ ખાતે કોંગ્રેસ દ્વારા એબીએસએસના પત્રકારોનું સન્માન



ચક્વાત ટીમ, તા.૦૮

ગીરસોમનાથ જીલ્લા કોંગ્રેસનુ સંમેલન યોજાયું. જયકરભાઈ ચોટાઈ તથા ચોટાઈ પરીવાર દ્વારા આજરોજ યોજાયેલ હતુ. જેમા સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, તાલાલાના ધારાસભ્ય ભગાભાઈ બારડની હાજરીમાં ABPSS વેરાવળ-પાટણનાં પત્રકારોનું ગિફ્ટ આપી ભાવભર્યુ સન્માન કરવામાં આવેલ.

# વાંકાનેર : શ્રી દશનામ ગોસ્વામી યુવા ગ્રૂપના નવા હોદેદારોની નિમણૂંક કરાઈ



ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૮

શ્રી દશનામ ગોસ્વામી યુવા ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટ વાંકાનેર દ્વારા સમાજની વાડી ખાતે એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં આગામી સમયમાં સમાજ લક્ષી કાર્યો અંગે ચર્ચા-વિચારણા અને નવા હોદેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રથમ સમાજનાં અવસાન પામેલા તમામ મૃતકોની આત્મની શાંતિ માટે બે મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું, ત્યાર બાદ સમાજનાં ઉત્કર્ષ અને સમાજલક્ષી કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા કરાઈ હતી, આ બેઠકમાં વાંકાનેર તાલુકા મંડળનાં અગલ અલગ હોદેદારો તથા નિવૃત્ત psi સોમગીરી ગોસ્વામી હાજર રહ્યા હતા, જે તમામ મહાનુભાવોની હાજરીમાં સમાજના નવા હોદેદારોની નિમણૂક કરાઈ હતી, જેમાં અધ્યક્ષ તરીકે ચેતનગીરી ગોસ્વામીની, ઉપાધ્યક્ષ ભરતવન તરીકે ગોસ્વામી, પ્રમુખ તરીકે પાર્થગીરી ગોસ્વામી, ઉપપ્રમુખ તરીકે ધર્મેશપરી ગોસ્વામી, મંત્રી તરીકે ભાવેશ પરી ગોસ્વામી અને સહમંત્રી તરીકે અમિતવન ગોસ્વામીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

# જામનગરમાં પાંચ જુગારણ સહિત ૧૯ની અટકાયત

## ધરાનગર, પાણાખાણ અને લાલવાડી નવાવાસમાં પોલીસના દરોડા, રોકડ અને સાહિત્ય જપ્ત

ચક્વાત ટીમ જામનગર, તા.૦૮

જામનગરના ધરાનગરમાં જાહેરમાં જુગાર રમતી પાંચ મહિલાઓ સહિત આઠને પકડી લેવામાં આવ્યા હતા જ્યારે પણખાણ વિસ્તારમાં જુગાર રમતા ચાર અને લાલવાડી નવા આવાસમાં વધુ સાત જુગારીઓ ઝપટમાં આવ્યા હતા. જામનગરના ધરાનગર ૨ વિસ્તારમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતી ધરાનગર ઝૂપડપટ્ટી વિસ્તારમાં રહેતી મરિયમબેન હારુંન સેતા, ધરાનગર ૨ માં રહેતી ભારતીબેન ભીખુ નાગેરા, ધરાનગર ની રજિયા ઉર્ફે રજુડી દોશમામદ જોખીયા, અશોક વેલજી ઝિંઝુવાડીયા, સાહિલ ઉર્ફે ભોલીયો વલીમામદ મથુપૌત્રા, તારાનગર આવાસ રૂમ નંબર ૧૪ ખાતે રહેતી પ્રવિણાબેન જેસિંગ ગોડસે, ધરાનગર ૧ રહેતા કરીમ સિદીક જોખીયા અને ધરાનગર માં રહેતી રોશનબેન અલ્તાફ દરજાદાને જુગાર રમતા રોકડ રૂપિયા ૧૦૨૦૦ સાથે અટકાયત કરવામાં આવી હતી. બીજા દરોડામાં જામનગરના ગરીબ નગર, પાણખાણ મીલ પાસે જાહેરમાં લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા બેડી ચાંદની ચોકમાં રહેતા ગની ઉંમર કકલ, ગરીબ નગર ના કાળુ મનજી ધારે વાડીયા, નવાગામ ઘેડ ઈન્દિરા સોસાયટી શેરી નંબર ૮ માં રહેતો સુરેશ નટવરલાલ ચૌહાણ, પાણાખાણ ના કરીમ દાઉદ જેડા, ગામના શખ્સોને જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડા ૧૧૪૬૦ અને ગંજીપા સાથે દબોચી લીધા હતા ઉપરોક્ત દરોડાની કાર્યવાહી સીટી પીઆઇ ભોયેની સૂચનાથી સ્ટાફ દ્વારા બહાર આવી હતી. ત્રીજા દરોડામાં જામનગરના લાલવાડી નવા આઠ માળીયા આવાસ પાર્કિંગમાં નીચે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા આવાસ સી ૫૦૫માં રહેતા દિપક મગન જેઠવા, ભોઈ વાળાની સિધ્ધનાથ ફળી માં રહેતો નિતીન જેઠાલાલ વારા, સુપર માર્કેટ પાસે મંદિર વાળી ફળીમાં રહેતા પ્રદીપ ઉર્ફે પલકો વલ્લભ ચૌહાણ, ભોઈવાડા માં રહેતા શૈલેષ જીવરાજ મહેતા, મોચી સાળના ઢાળેયે પંજાશેરીમાં રહેતા ઈશ્વર હીરાલાલ જેઠવા, નવાગામ ઘેડની મધુવન સોસાયટીમાં રહેતો અમૃતલાલ સવજી ચૌહાણ, ભોઈવાડા પાસે ધુવાવ નાકુ ખાતે રહેતા નરેશ ઉર્ફે નસો પરસોતમ મતિયા, નામના શખ્સોને જુગાર રમતા રોકડા ૧૬,૪૫૦ સાથે પોલીસે પકડી લીધા હતા.

# મહીસાગર જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવા જિલ્લા વહીવટીતંત્ર સજ્જ

ચક્વાત ટીમ લુણાવાડા, તા.૦૮

મહીસાગર જિલ્લા પંચાયત અને છ(૬) તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવા મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. જેમાં ઉમેદવારીપત્રો ભરવાની આજ તા. ૮/૨/૨૦૨૧ના રોજથી શરૂઆત થઈ ગઈ છે ત્યારે આ ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી આર. બી. બારડે જણાવ્યું છે. મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી આર. બી. બારડે જણાવ્યું હતું કે, ચૂંટણીઓમાં મતદાન કરવું એ દરેક નાગરિકનો અધિકાર છે, કોરોનાની પરિસ્થિતિમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન સાથે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા યોજાશે. તેમણે કહ્યું કે, રાજય ચૂંટણી પંચ દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૧ના રોજ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે.

આજે તા.૮મીના રોજથી વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ કરી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ છે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા.૧૩/૦૨/૨૦૨૧ છે. તા.૧૫/૦૨/૨૦૨૧ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા.૧૬/૦૨/૨૦૨૧ છે અને તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ સવારના ૭-૦૦ થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. તેમણે કહ્યું કે, આ ચૂંટણીમાં કોવિડ પોઝીટીવ વ્યક્તિ ઉમેદવારી કરવા માંગતા હોય તેમના વતી તેમના ટેકેદાર કે દરખાસ્ત કરનાર વ્યક્તિ પણ ઉમેદવારી પત્ર ભરી શકે છે. જો કોવિડ પોઝીટીવ ઉમેદવાર જાતે જ ફોર્મ ભરવા માંગતા હોય તો અગાઉથી ચૂંટણી અધિકારીને જાણ કરી પી.પી.ઈ. કીટ પહેરીને ઉમેદવારી પત્ર ભરી શકે છે. તેમણે કહ્યું કે, ઉમેદવારની જેમ પોઝીટીવ મતદારે પણ મતદાન કરવા માટે અગાઉથી ચૂંટણી અધિકારીને જાણ કરવાની રહેશે. કોરોના પોઝીટીવ વ્યક્તિ પી.પી.ઈ. કીટ પહેરીને મતદાનના છેલ્લા એક કલાક દરમ્યાન મતદાન કરી શકશે. જેનાથી ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા સ્ટાફ અને સામાન્ય મતદારોની પણ સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

## તંત્રીસ્થાનેથી......

# ઉત્તરાખંડ દુર્ઘટના : ગ્લેશિયર શું હોય છે અને હિમસ્ખલન કેમ થાય છે?

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં રવિવારે સવારે દસ વાગે આસપાસની કેટલીક નદીઓમાં પાણી અચાનક વધી ગયું. આ દુર્ઘટનામાં અનેક લોકો માર્યા ગયા હોવાની દહેશત છે અને સોમવાર બપોર સુધી ૧૮ મૃતદેહો મળી આવ્યા છે. મૂળે નંદા દેવી ગ્લેશિયરનો એક ભાગ તૂટી પડવાથી ભૂસ્ખલન થયું અને ધૌલી ગંગા, ઋષિ ગંગા અને અલકનંદા નદીઓમાં પાણીનું સ્તર તોફાની બની ગયું જેનાથી અફરાતફરી મચી અને લોકો-મકાનો તણાઈ ગયા જેનાથી એનટીપીસીની બે પરિયોજનાઓ તપોવન વિષ્ણુગઢ પરિયોજના અને ઋષિ ગંગા પરિયોજનાને નુકસાન થયું. આ પરિયોજનાઓ સાથે સંબંધિત સુરંગોમાં પાણી ભરાઈ ગયું અને ત્યાં અનેક મજૂરો ફસાઈ ગયા. લોકોને બચાવી લેવાની કોશિશ હજી ચાલી રહી છે અને બચાવ ટુકડીએ અત્યાર સુધી ૧૮ મૃતદેહો ખોળી કાઢ્યા છે અને હજી ૨૦૦ લોકો લાપતા છે. ગ્લેશિયર ખૂબ મોટો બરફનો ભાગ હોય છે જેને હિમખંડ પણ કહેવામાં આવે છે. આ એક નદી જેવો હોય છે અને ખૂબ ધીમી ગતિએ વહેતો રહે છે. આને ગુજરાતીમાં હિમનદી પણ કહે છે. ગ્લેશિયર બનવામાં અનેક વર્ષો લાગે છે. જે સ્થળોએ બરફ પડતો હોય પણ ઓગળી ન શકતો હોય ત્યાં ગ્લેશિયર બને છે. આ બરફ ધીમે ધીમે ઠોસ બની જાય છે અને ભારને કારણે તે આગળ જતાં પહાડોથી સરકવા લાગે છે. કેટલાક ગ્લેશિયર ફૂટબૉલના એક મેદાન જેવાં નાનાં હોય પણ અમુક ખૂબ મોટાં પણ બની જાય છે જે ડઝનેક કિલોમિટરથી લઈને સેંકડો કિલોમિટર લાંબા હોઈ શકે છે. અમેરિકા સ્થિત નેશનલ સ્નો ઍન્ડ આઈસ ડેટા સેન્ટર મુજબ અત્યારે દુનિયાના કૂલ ભૂભાગમાં ૧૦ ટકા વિસ્તાર પર ગ્લેશિયર છે. માનવામાં આવે છે કે આ ગ્લેશિયર બરફયુગના અંતિમ અવશેષો છે. બરફયુગમાં કુલ ભૂભાગનો ૩૨ ટકા અને કુલ દરિયાઈ વિસ્તારનો ૩૦ ટકા હિસ્સો બરફથી ઢંકાયેલો હતો. અચાનક બરફ સપાટીથી નીચે સરકે તેને હિમસ્ખલન કહેવાય છે. આનાથી ગ્લેશિયરવાળા વિસ્તારોમાં લોકોને ખતરો ઊભો થઈ શકે છે. તે પોતાના રસ્તામાં આવનારી દરેક ચીજને નષ્ટ કરી શકે છે. રસ્તાઓ બંધ કરી શકે છે. સમગ્ર વિસ્તારની વીજળી પણ ખોરવી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે તાપમાન વધવાને કારણે ગ્લેશિયરોનું અંદર પાણી ઓગળ્યું હશે અને તેનાથી બરફના વિશાળ ટુકડાઓ તૂટ્યાં હશે. આનાથી હિમસ્ખલન શરૂ થયું હશે જેનાથી પથ્થરો અને માટીથી બનેલું કીચડ નીચે તરફ આવવા લાગ્યું. દેહરાદૂનસ્થિત ભારત સરકારની વાડિયા ઈન્સ્ટિટ્યુટ ઑફ જિઓલૉજીમાંથી તાજેતરમાં જ નિવૃત્ત થનારા ડીપી ડોભાલ કહે છે કે "અમે તેને મૃત બરફ કહીએ છીએ. તે ગ્લેશિયરોના પાછળ હઠે એ દરમિયાન અલગ થઈ જાય છે અને તેમાં સામાન્યરીતે પથ્થરો અને કાંકરોનો ગારો હોય છે. આની સંભવના ખૂબ વધારે છે કેમ કે નીચેની તરફ મોટાં પ્રમાણમાં કીચડ વહી આવ્યો છે.વકેટલાક જાણકારોનું એમ પણ કહેવું છે કે કદાચ બરફના ટુકડાઓ ગ્લેશિયર પર બનેલા સરોવરોમાં પડ્યા હશે જેનાથી પાણી નીચે આવવા લાગ્યું હશે જેનાથી રવિવારે સવારે ઉતરાખંડમાં આ દુર્ઘટના બની હશે.



ચાકુબ બાદી
તંત્રી

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૯-૦૨-૨૦૨૧, મંગળવાર, પોષ વદ-૧૩, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ હસ્ત

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૮ થી અભિજીત-૧૩-૨૩ સુધી ૧૦-૧૪ થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી ૧૫-૪૮ થી શુભ ૧૭-૧૧ સુધી ૨૦-૧૧ થી લાભ ૨૧-૪૮ સુધી, ૨૩-૨૪ થી શુભ ૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૯-૧૮થી ૧૨-૦૫ સુધી, ૧૩-૦૧થી ૧૩-૫૩ સુધી, ૧૫-૪૮થી ૧૮-૭૫ સુધી, ૧૯-૩૯ થી ૨૦-૪૦ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- યાત્રા પ્રવાસનું આયોજન થાય. માનસિક ચિંતા હળવી થાય. નોકરી-ધંધામાં રાહત. શુભ સમય

» વૃષભ(બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની ઉપાસનથી મુશ્કેલીમાં રાહત. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્ય સુખાકારી.

» મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં બઢતી-ચઢતી શક્યતા. આવકનું પ્રમાણ જળવાઈ રહે. નાણાની ભીડ દૂર થાય.

» કર્ક(ડ.હ.) :- રોજગારીની તકો મળે. ધાંમિક યાત્રા-પ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે.

» સિંહ(મ.ટ.) :- વેપાર અર્થે થયેલો પ્રયાસ લાભદાયી બની રહે. નાણાની ભીડ દૂર થાય. આરોગ્ય સંભાળવું.

» કન્યા(પ.ઠ.ણ.) :- વેપાર-નોકરી ક્ષેત્રે પ્રગતિ થાય. વિવાહ લગ્ન સંબંધી ઉત્તમ સમય. ધંધાકીય પ્રશ્નો ઉકેલી શકશો.

» તુલા(ર.ત.) :- ધાંમિક યાત્રા-પ્રવાસના યોગ, આકસ્મિક ધન લાભ થાય. રોજગારીની નવી તકો ઊભી થાય.

» વૃશ્ચિક(ન.ય.) :- નોકરિયાત વર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. અભ્યાસમાં પ્રગતિ.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- જમીન-વાહન-મકાનના યોગ. નાણાકીય સ્થિતિ મજબૂત જણાય. ચિંતા હળવી બને.

» મકર(ખ.જ.) :- નોકરીમાં બઢતી-ચઢતીની શક્યતા. આકસ્મિક ધન લાભ થાય.

» કુંભ(ગ.શ.સ.) :- વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. નાણાની ભીડ દૂર થાય.

» મીન(દ.ચ.ઝ.) :- ધાંમિક યાત્રા-પ્રવાસનો યોગ. આરોગ્યની ખૂબ જ સંભાળ લેવી.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

### ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

## 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

## પ્રકરણ ૬૦

ગ્રાઉન્ડ વગરની સ્કૂલ અને વાર્તા વગરનું ઘર કોઈ પણ દેશને બરબાદ કરવા માટે પુરતાં છે. ભણવા સાથે તમારી લાગણીઓને સહજ રીતે વ્યક્ત કરવામાં રમતનો બહુ મોટો ફાળો છે. હું મોબાઈલ કે.દ્દ. માં રમાતી ઑનલાઈન ગેમની નહી પરંતુ ગ્રાઉન્ડમાં રમાતી રમતોની વાત કરું છું. તમારો ગુસ્સો, ઝનૂન, જીત માટેની તડપ બધા માટે રમતો પ્રેશરકૂકરનું કામ કરે છે. તમારી ઉંમરમાં આ બધું વ્યક્ત થતી રહેવી જોઈએ. જેટલું અંદર સ્ટોરેજ થતું જશે, તમારી વિકાસની પ્રોસેસ એટલી જ ધીમી થઈ વન-વે થતી જશે. એ ધીમી પ્રોસેસને ફાસ્ટ બનાવવામાં જ તમારું બધું ધ્યાન કેન્દ્રિત થશે. તમને બીજા રસ્તાઓ વિશે વિચારવાની તક જ નહીં મળે. માટે શરીર અને વિચારોને પરસેવો વળે એ આપણી તંદુરસ્તી માટે બહુ જરૂરી છે.

દિવાળી પછી શરૂ થનારી 'હ્યુમન લૅબ' મારી અંગત વ્યસ્તતા અને થોડા બીજા કારણોસર હોળી પછી શરૂ થઈ રહી છે. આજે આપણે કશું જ ભણ્યા વિના સીધા પરીક્ષા આપવાના છીએ. માનવીય મૂલ્યો શીખવવાની કોઈ ટેક્સ્ટબુક નથી. એ બધું જીવનમાં થતાં અનુભવોમાંથી જ શીખવાનું હોય. તમારી માનસિકતા કે દ્દષ્ટિકોણને એક ચોક્કસ દિશા કે ઢાળ આપી શકાય, પરંતુ કોઈપણ પરિસ્થિતિમાં સારી કે ખરાબ પસંદગી તમારા મૂલ્યો નક્કી કરે છે.

અત્યારે ટૅકનૉલૉજીના લીધે જ્ઞાન અને અજ્ઞાન બંનેનો ફેલાવો વધ્યો છે. તેની ગતિ અને દિશા બંને અવરોધાયા છે. તેની આગળ વધવાની અનેક શક્યતાઓ ખુલ્લી છે. એટલે લોકો મૂંઝાય છે. અગાઉ આપણી પાસે વિકલ્પો ન હતા. હવે ચોઈસ માટે ઓપ્શન વધતાં રાઈટ ચોઈસ માટેનું જ્ઞાન મેળવવું પણ ખૂબ જરૂરી બની ગયું છે. 'ફ્યુચર લૅબ' તમને નૉલેજ માટેના વિકલ્પો અને ચોઈસની પસંદગી વધુ સારી રીતે કરી શકાય, તેની સિસ્ટમ શીખવાડશે પરંતુ એ પહેલાં શીખવાડશે એના માટે જરૂરી એવી સ્થિરતા અને સહજતા.

માની લો... તમારે કોઈ એવા મોટા વ્યક્તિને મળવું છે જેની એક એક મિનિટ કિંમતી છે. તેની આસિસ્ટન્ટ પાસે તમે ઍપોઈન્ટમેન્ટનો સમયન નક્કી કરવા ગયા છો. તે અત્યંત સુંદર અને એટ્રેક્ટિવ છે. તમે એના એ રંગરૂપમાં ખોવાઈને પોતાની મુલાકાતનો યોગ્ય હેતુ રજૂ ના કરી શક્યા તો ? બની શકે તમે લાઈફની સહુથી મોટી તક ગુમાવી દો. તમે ઘણીવાર આટલી આકર્ષક વ્યક્તિને જોઈ ના હોય નથી એટલે આકર્ષણ થવું નેચરલ છે. તેને કંટ્રોલ કરવું કાળા માથાના માનવીના હાથની વાત નથી. તેને યોગ્ય દિશામાં ચોક્કસ વાળી શકાય. આપણે આ પ્રોસેસ અહીં શીખવાની છે. જો આ અગ્નિપરીક્ષા તમે પાસ કરી લેશો તો અડધો જંગ જીતી ગયા એમ સમજી લેવું.

વિસ્મય સર થોડી વાર ચૂપ રહ્યા. પાણી પીધું. હેપ્પીએ આંગળી ઊંચી કરી, "બટ સર, કોઈ પણ જાતના અનુભવ વગર આ શક્ય છે ?"

તમે જે દિવસે 'ફ્યુચર લૅબ'માં ભણવાનું સ્ટાર્ટ કર્યું તે દિવસથી જ તમારા અનુભવની શરૂઆત થઈ ગઈ હતી. એટલે જ ક્લાસમાં એક બોય અને એક ગર્લ એમ પેરમાં બેસાડવામાં આવ્યા છે. પહેલા આપણે મગજમાં આકાર લેતી આખી પ્રક્રિયા સમજીશું. પછી એના પ્લસ અને માઈનસ પોઈન્ટ સમજીશું. ત્યારબાદ, તેના કંટ્રોલ વિશે વિચારીશું.

એ શરૂઆત તરફ આગળ વધીએ એ પહેલાં એક સંવાદ દ્વારા પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરીશું. પ્લીઝ મીરા એન્ડ રાહુલ, પ્લીઝ, કમ ઓન ધ સ્ટૅજ.

મીરા જાણે મારી મૂક સંમતિ માગતી હોય તેમ મારી સામે જોયું. મેં સ્માઈલ સાથે કહ્યું, 'ઑલ ધ બેસ્ટ.' તે કંઈ બોલવા જતી હતી પણ મૌન રહી.

'હ્યુમન લૅબ'માં અમે અંધકારની આછા પ્રકાશમાં નીચે પલાંઠી વાળીને બેઠા હતા. સ્ટૅજ પણ ફક્ત અમારી એક્ઝામ માટે બનાવ્યું હોય તેવું નાનકડું અને ચાર ફૂટ ઊંચું હતું.

"રાહુલ અને મીરા, તમે કોઈ શહેરમાં ફર્સ્ટ ટાઈમ અજનબીની જેમ મળો છો ત્યારે જે રીતે વર્તન કરો તેમ જ વર્તવાનું છે. તમારી સ્માર્ટનેસ દેખાડવા માટે ખોટા પ્રયત્નો કે ચાલાકી નહીં. આપણે ફક્ત શીખવા માટે આ પ્રોસેસ કરી રહ્યા છીએ. ઓકે, યુ બોથ આર રેડી." બંનેએ હકારમાં માથું ધુણાવ્યું છે.

"એક મિનિટ, ક્લાસમાંથી મને કોઈ સ્ટુડન્ટ કહેશે. આપણે આમને કઈ સિચ્યુએશન આપીશું ?" ઘણાએ હાથ ઊંચો કર્યો. સરે બધા પર નજર ફેરવીને કહ્યું,

"યસ હેપ્પી, માઈ સ્વીટ ચાઈલ્ડ. તારાથી વધુ રાહુલને કોણ ઓળખતું હોય ? પાર્ટનર સમજીને સાવ સહેલો ટાસ્ક ના આપતી." વિસ્મય સર બોલ્યા.

"નો સર, એવું કશું નહીં થાય. રાહુલનું તેની ગર્લફ્રેન્ડ સાથે કૉફીશોપની ટૅબલ પર બ્રેકઅપ થયું છે. મીરા સામેના ટૅબલ પર બેસીને બધું જોઈ રહી છે." પેલા બંને સાથે આખો ક્લાસ હસી પડ્યો. સરે પણ તેમાં ટાપસી પુરાવી, "રાહુલ તારી પાર્ટનરે તો તને બહુ સહેલો ટાસ્ક આપ્યો." તે કતરાઈને હેપ્પી તરફ જોઈ રહ્યો હતો.

તો સ્ટુડન્ટ્સ હવે સિચ્યુએશન એ છે.... રાહુલની ગર્લફ્રેન્ડે કૉફીશોપમાં રાહુલ સાથે જોરદાર ઝઘડો કર્યો છે. બ્રૅકઅપ કરીને ચાલી ગઈ છે. બ્રૅકઅપના કારણો વિશે કોઈને અંદાજો નથી. મીરા સામેના ટૅબલ પર બેસીને આ બધું જોઈ રહી હતી. હવે... મહત્વની વાત. બંનેના પાત્રો હજુ નક્કી નથી થયા. કોણ શું કરે છે ? શા માટે બ્રૅકઅપ થયું ? અને હવે શું થશે ? પ્લીઝ સ્ટાર્ટ કરો.

હેપ્પીએ બંનેની વાટ લાગી જાય એવો ટાસ્ક આપ્યો હતો. મને મીરા પર પૂરતો ભરોસો હતો. તે બધું સહેલાઈથી હેન્ડલ કરી લેશે. રાહુલ ડીપ્રેશનમાં હોય તેવું લાગતું હતું. તે કોઈની સામે આંખ નહોતો મેળવી શકતો. મીરા એકીટશે તેની સામે જોઈ રહી હતી. રાહુલે બધા તરફ અડછતી નજર નાખી ત્યાં તેની નજર મીરા સાથે ટકરાઈ. તેને જાણે મોટો ગુનો કર્યો હોય એમ નજર ઝુકાવી લીધી. મીરા મંદ મંદ હસી રહી હતી. રાહુલે ફરીથી તેની સામે જોયું. મીરાએ હસવાનું ચાલુ જ રાખ્યું. રાહુલને લાગ્યું મીરા જાણે તેની હાંસી ઉડાવી રહી છે. તે ઉભો થઈને કૉફી હાઉસની બહાર નીકળવા ગયો. 'એક્સક્યુઝ મી સર' પાછળથી કોઈએ બૂમ મારી.

"સર, તમારો મોબાઈલ અને ક્રેડીટ કાર્ડ." મીરા બંને હાથમાં લઈને ઊભી હતી.

"થેન્ક યુ, ફોર ધીસ...." રાહુલ અને તેના શબ્દો બંને આગળ વધતાં અટકી ગયા.

"મને થેન્ક્યુ ને બદલે એક કોલ્ડ કૉફી પીવામાં કંપની આપી શકશો. લાગે છે મારો બોયફ્રેન્ડ હવે નહીં આવે. હું લાસ્ટ ૩૦ મિનિટથી તેની રાહ જોઉં છું." મીરા બોલી.

"તમે પી લો. હું બીલ ચૂકવી દઈશ. તમારો બોયફ્રેન્ડ મને તમારી સાથે જોઈ જશે તો નાહકનું તમારું પણ બ્રૅકઅપ થઈ જશે." રાહુલ બોલ્યો.

"તમે બેફીકર રહો, એ તમારી ગર્લફ્રેન્ડ જેટલો પઝેસિવ નથી." મીરાએ હસતાં હસતાં કહ્યું.

રાહુલ થોડી હળવાશથી બોલ્યો.''ઓકે, તો પાકીટ માટેની ટ્રીટ તરીકે તમને કંપની આપવાની મારી ફરજ બને છે."

બંને ટૅબલ પર ગોઠવાયા. વેઈટરને બોલાવી કૉફી માટે ઓર્ડર આપ્યો.

"મારું નામ મીરા મલિક છે. અને તમારું ?"

"રાહુલ પંડિત. હું પેઈન્ટર છું. મીન્સ એબ્સર્ડ આર્ટીસ્ટ છું."

"મને તો નથી લાગતું. તમે એબ્સર્ડ આર્ટિસ્ટ કરતાં ડિસ્ટર્બ પર્સન વધારે લાગો છો. આ ફર્સ્ટ બ્રૅકઅપ હતું કે શું ?"

"યસ... અમે ઘણા વર્ષોથી રિલેશનશીપમાં હતા. તેને સેફ અને સિક્યોર લાઈફ જોઈતી હતી. જ્યારે હું ફેમસ આર્ટિસ્ટ છું એન્ડ મારે તો ચિત્રો દોરવા હતાં."

"તો એમાં તમારા પ્રેમનો શું વાંક ? આઈ મીન એને શું પ્રોબ્લેમ હતો તમારા આર્ટિસ્ટ બનવા સામે ?"

"ખબર નહીં. તેને મારા માટે સતત અનસિક્યોરિટી ફીલ થતું. તે બહુ પઝેસિવ રહેતી. તેને લાગતું કોઈ છોકરી મને તેની પાસેથી છિનવી લેશે."

"તેને આવું ફીલ થતું હશે તેનું રિઝન શું હતું ?"

"હું કોઈ ગર્લ્સ કે વુમનના ન્યૂડ પેઈન્ટિંગ બનાવું એ તેને જરાય પણ ના ગમતુ."

"તો તમે આ રિલેશનશીપ શા માટે ટકાવી રાખી ?"

"તમે ધારો છો એટલી પણ એ ખરાબ નહોતી. એ મને ખૂબ પ્રેમ કરતી હતી."

"રાહુલ, હજુ તમે ભ્રમમાં છો. એને તમારી સાથે કોઈપણ પ્રકારનો પ્રેમ નહોતો. એને ફક્ત તમારા થકી મળનાર પૈસા અને પ્રસિદ્ધિમાં રસ હતો."

"હું લાસ્ટ આઠ વર્ષથી તેની સાથે રિલેશનશીપમાં છું. હું એને તમારા કરતાં સારી રીતે ઓળખું છું."

"જો આટલી જ સારી રીતે ઓળખતા હોય તો આ બ્રૅકઅપ કેમ ના અટકાવી શક્યાં ?"

રાહુલ પાસે કોઈ જવાબ નહોતો. મીરાએ પરિસ્થિતિ જોતાં વાત આગળ ચલાવી.

"સોરી બિકોઝ મારો તમને ડિસઅપોઈન્ટ કરવાનો કોઈ ઈરાદો નહોતો. તમને જે વાસ્તવિકતા હતી એ જ કહી."

"કદાચ તમે સાચા હશો. આપણે પ્રેમના નશામાં એટલા ગાંડાતૂર અને આંધળાં બની જઈએ છીએ કે રિયાલિટી નજર સામે હોવા છતાં આપણે સ્વીકારી નથી શકતાં."

"તમે આમ જ સેડ બેઠા રહેશો તો હું કૉફી પી નહીં શકું." કૉફી આવી ગઈ હતી.

"તમે પણ રિલેશનશીપમાં છો. તમારે પણ ક્યારેક અપ એન્ડ ડાઉન આવ્યા હશે ને ? ત્યારે તમે શું કરો ?"

'સોરી, આઈ હેવ નો બોયફ્રેન્ડ. આ તો તમે ડીપ્રેશન હતા એટલે તમારો મૂડ સારો કરવા હું ખોટું બોલી હતી."

"તમે જે અનુભવ્યું ના હોય, તેનું આટલું પરફેક્ટ એનાલિસિસ કરી જ ના શકો.તમે ખોટું બોલી રહ્યા છો !" રાહુલનો ઈગો ઘવાયો હતો.

"સોરી, તમને આવું કોણે કહ્યું ? હું એક સ્ત્રી છું, એક જીવતીજાગતી સ્ત્રી, જે કારણ વગર પણ વેદના અનુભવી શકે. તમારું આ અનુભવ વગરનું એનાલિસિસ તો બહુ સામાન્ય વાત છે."

"તમને લાગે છે તમે આમ વાતો કે ચર્ચા કરી મારો મૂડ ઠીક કરી શકશો ?"

"ના, જરાય નહીં. હું એવી ખોટી આશાવાદી નથી. એકદમ રિયાલિસ્ટીક અને પ્રેક્ટિકલ છું. તમને આ ચર્ચાનું સાચું કારણ ખબર પડશે પછી..."

"પછી શું ?" રાહુલે પૂછ્યું.

મીરા મૌન રહી. રાહુલને મીરાનું મૌન અકળાવી રહ્યું હતું. રાહુલે રાડ પાડી પૂછ્યું. "પછી શું મીરા ? **(ક્રમશઃ)**

# મતદારો પોતાના મતની આકારણી કરીને મતદાન કરશે

આપણને અમુલ્ય મત ગણાવીને ચૂંટણી સમયે વારંવાર છેતરવામાં આવે છે હકીકતમાં દરેક મતદાર બે પદ્ધતિથી તેના મતનું કેટલા રૂપિયા મુલ્ય છે એ આકારણી કરી શકે છે,

પંચાયતથી સંસદ સુધી જનપ્રતિનિધિ સરકારમાં પ્રજા કરવેરાથી ચાલતી સરકાર માટે પ્રતિનિધિની ચૂંટણી માટે કરવામાં આવતા મતદાનની આકારણી સતામંડળના પાંચ વર્ષના અંદાજીત બજેટના આધારે કરી શકાય છે,

કોઈપણ સતામંડળ જેવા કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકામાં વર્ષોવર્ષ આવકશજાવકનું બજેટ બનાવવા આવે છે આ બજેટમાં જેટલી પણ આવક છે તે નાગરીકોના કરવેરાની આવક છે અને કરવેરાના રૂપિયા વાપરવાની સતા પણ મતદાનથી આપી છે આ પાંચ વર્ષના સતા અને કરવેરાને વાપરવા મતદાર જે ઉમેદવારને પ્રતિનિધિ તરીકે મતદાન આપે છે તે ફકત મત નથી પણ પરોક્ષ રીતે એક પંચ વર્ષિય ડીમાન્ડ ડ્રાફટ છે,

કોઈપણ સતા મંડળના છેલ્લા પાંચ વર્ષના બજેટના કુલ સરવાળાને તે વિસ્તારના કુલ મતદારોની સંખ્યાથી ભાગાકાર કરીએ તો એક મતની અંદાજે કેટલા રૂપિયા કિંમત ગણાય તેની આકારણી થઈ શકે,

દર વર્ષે બજેટ ની રકમમાં સરેરાશ ૮ થી ૧૨ ટકા વધારો થતો હોય છે એટલે કે સરેરાશ ૧૦ ટકાનો વધારો થાય છે, તો ચાલુ વર્ષના બજેટની રકમ આવનાર દરેક વર્ષમાં ૧૦-૧૦ ટકા ઉમેરીને આગામી પાંચ વર્ષના બજેટનો અંદાજ કરી શકાય છે, આગામી પાંચ વર્ષના બજેટને હાલની ચૂંટણીના કુલ મતદારોની સંખ્યાથી ભાગાકાર કરશો તો સાર્વજનીક રીતે એક મતની કિંમત આકારણી કરી શકશો,

પાંચ વર્ષના બજેટથી એક મતની આકારણી કરી શકાય તે કિંમત તો બધા મતદારોની સામાન્ય સમાન કિંમત ગણાશે પરતું દરેક પરીવારના ખર્ચ પ્રમાણે વ્યક્તિગત પોતાના મતની કિંમત પણ અંદાજીત આકારણી કરી શકાય છે

તમે તમારા પરીવારના એક એક મતની આકારણી કરશો તો તમને તમારા મતનું મુલ્ય સમજાશે



(૧) દર મહિને ઘરનો ખર્ચ કેટલો કરો છો ? જેટલો ખર્ચ કરો છો તે વસ્તુઓ ઉપર એના સરેરાશ ૩૨ ટકા કરવો ભરો છો. ઉદાહરણ તરીકે ૧૦,૦૦૦ ખર્ચ કરો તો ૩૨૦૦ ટેકસ સરકારમાં ભરો છો.

(૨) પરીવાર સભ્યો વાહનો વાપરે છે તો ઉદાહરણ તરીકે મહીને ૫૦૦૦ નું પેટ્રોલ કે ડીઝલ વાપરો છો એમાં સરેરાશ ૩૮૦૦ રૂપિયા કરવેરો ભરો છો.

(૩) ઘરની ચિજ વસ્તુઓ, પેટ્રોલ અને બીજા ખર્ચ કરવામાં સરેરાશ ૩૮ ટકા ટેકસના ચુકવાતા હોય છે.. આજે એકવાર બધા સભ્યો સાથે બેસીને હિસાબ કરો કે મહિને તમારા ઘરમાંથી કેટલા રૂપિયા સરકારમાં ભરાય છે ?

(૪) મહિને કેટલા રૂપિયા ટેકસ ભરો છો તે અંદાજ કાઢો, એક વરસમાં કેટલા અને પાંચ વરસમાં સરેરાશ કુલ કેટલા રૂપિયા ટેકસ ચૂકવ્યો હશે તેનો અંદાજ કાઢો.

(૫) વરસમાં જેટલો ટેકસ ભરાયો હોય એ રકમને ઘરના સભ્યોની સંખ્યા વડે ભાગાકાર કરો એટલે જે રકમ આવે તે તમારા એક મતની કિંમત થાય છે.

(૬) ઉદાહરણ તરીકે જો તમારો પાંચ વરસનો કુલ ખર્ચ ૫,૦૦,૦૦૦ થતો હોય તો અંદાજીત ટેકસ ૨,૦૦,૦૦૦ બે લાખ થયો ગણાય અને મતદાર સભ્યો ૪ હોય તો એક મતની કિંમત ૫૦,૦૦૦ ની ગણાય.

(વ્યકિતગત દરેક મતદારોએ આ રીતે મતની કિંમત આકારણી કરવી જોઇએ)

(૭) જે પરીવારનો માસીક, વાર્ષિક અને પાંચ વર્ષનો સરેરાશ જે ખર્ચ થતો હોય અંદાજીત તેના ૩૮ ટકા સરકારમાં જમા થાય છે તો દરેક પરીવારે એના મતની કિંમત આકારણી કરીને પછી પોતાના મતની કિંમત સમજી જાણીને મતદાન કરવું જોઇએ,

(૮) સરકારી તીજોરીમાં તમારા ઘરનો જેટલો ટેકસ ભરાય એમાંથી જનપ્રતિનિધિઓના પગાર ભથ્થા પેન્શન, સુવિધા ખર્ચ તથા સરકારી નોકરીયાતોના પગાર, પેન્શન, ભથ્થા, ઓફિસો, સ્ટેશનરી, વાહનો પાછળ ૪૫ ટકા રૂપિયા ચુકવાય છે પ્રત્યેક સરકારી અધિકારી તમારા પૈસે જીવી રહ્યા છે.

(૯) સરકારી ખર્ચ સિવાયના તમારા કરવેરાના રૂપિયા જાહેર વ્યવસ્થા માટે યોજનાઓ, ગ્રાન્ટ અને ટેન્ડરો દ્વારા કંપનીઓને ચુકવાય છે, જેટલા રૂપિયા સરકાર વાપરે તેમાં ૫૦ ટકા રૂપિયાનો મુળ ખર્ચ હોય છે બાકીનો બધો કમિશન, રાજકીય પાર્ટી ફંડ, કંપનીઓનો નફો, અને વિવિધ કૌભાંડોમાં ખર્ચાતો હોય છે,

(૧૦) તમે તમારા પાંચ વર્ષના સરેરાશ કુલ ટેકસના આધારે તમારા મતની કિંમત કાઢો એટલે તમને બ્રહ્માંડના તારા ધોળે દિવસે દેખાશે,



રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

(૧૧) એકવાર ચૂંટાયેલાને બીજીવાર મતદાન કરો એટલે એનું પાપ બધા મતદારોએ સહિયારુ અને ફરજીયાત ભોગવવું પડે છે.

(૧૨) આજે તમારે તમારા ઘરના મતદારોના મતની કિંમત નકકી કરવાની છે.. પાંચ વર્ષે એકવાર મત આપવાની તક મળે પછી ગુલામી ભોગવવાની હોય છે આ તક મળે ત્યારે તમારા મતની કિંમત ગણતરી કરીને જાણી લો. એ પછી કોને મતદાન કરવું તે નકકી કરજો

મતદાન એ પ્રજાસતાક સંવિધાનની સૌથી ગંભીર ફરજ છે, રાષ્ટ્રપતિ કે વડાપ્રધાનની જવાબદારી કરતાં મતદાન કરનારે મતદાનના દિવસની ગંભીરતા વધુ ગણવી જોઈએ,

જે કોઈ મતદાન કરતાં નથી એ પ્રજાસતાક રાષ્ટ્ર વ્યવસ્થાનો દ્રોહ કરી રહ્યા છે દર વર્ષે નાની મોટી કોઈને કોઈ ચૂંટણી હોય છે, ૩૬૫ દિવસમાં એક દિવસ મતદાન કરવાની જવાબદારી આવતી હોય છે ૩૬૫ દિવસની સુખ શાંતિ અને સમાજ વ્યવસ્થાની એક તક મળે છે ત્યારે મતદારો જાતીવાદ, કોમવાદ, સગાવાદથી ગુનાહિત મતદાન કરતા હોવાથી દિનપ્રતિદિન વધુને વધુ ભ્રષ્ટ લોકો ચૂંટાયને સતા ભોગવી ભ્રષ્ટાચાર અને અન્યાય કરે છે,

જનપ્રતિનિધિ ચૂંટવા મતદાન આપવાને બદલે જાતીના પ્રતિનિધિ અને ધર્મના કે કોમના પ્રતિનિધિને મતદાન કરીએ છીએ,

સરકારી તીજોરી સાર્વજનીક તીજોરી છે જેને જાહેર ભંડોળ ગણવામાં આવે છે, અને પંચનું ધન ગણવામાં આવે છે.

આ પંચનું ધન પવિત્ર રીતે અને તટસ્થ પારદર્શક રીતે ઉપયોગ થાય તે માટે પવિત્ર મનથી, તટસ્થ બુદ્ધિથી મતદાન કરવાની દરેક મતદારોની ફરજ છે,

આ પંચના ધનમાં પાંચ પ્રકારનો અનોખો પૈસો પણ સમાયેલો છે

(૧) ભિક્ષુક તેમને મળતી ભીખના પૈસાથી કોઈ નાનકડી વસ્તુ ખરીદે તો એમાં તે જીએસટી ટેકસ ભરે છે,

(૨) દેહ વેપાર કરી ગુજરાન કરતી વ્યક્તિ પણ લોહીના વેપારના પૈસાથી જે વસ્તુઓ ખરીદે તેમાંથી પણ જીએસટી ભરે છે,

(૩) મજુરોને પુરતી મજુરી આપતા નથી છતાં એ મજુર તેના પરસેવાની કમાણીથી જે ખરીદી કરે તેમાં પણ જીએસટી ભરે છે,

(૪) ધર્મના નામે, શ્રદ્ધા પુષ્ટિ માટે, અને કરેલા અપકર્મોના પાપથી છુટવા માટે દાન કરવામાં આવે છે એ દાનના પૈસા ચીજ વસ્તુઓમાં ખર્ચાય તેમાંથી પણ જીએસટી ભરાતો હોય છે,

(૫) રીશ્વત બહુ પાપનું ધન છે રીશ્વતના પૈસાથી થતી ખરીદીમાં પણ જીએસટી ભરાતો હોય છે,

આમ (૧) ભીખ,(૨) વેઠ, (૩) લોહી, (૪) દાન, (૫) કર્તવ્ય દોષ, નો પૈસો જાહેર તીજોરીમાં કરવેરારૂપે એકઠો થાય છે આ કરવેરાથી સરકારી નોકરીયાતોને પગાર પેન્શન ભથ્થા વાહનો સ્ટેશનરી, કચેરીઓ આપવામાં આવે છે આ પંચના પૈસાથી ટેન્ડરોના બીલ ચુકવાય છે, આ પંચના પૈસાથી મંત્રીઓ, ધારાસભ્યો, સંસદસભ્યોના પગાર ભથ્થા અને ભ્રષ્ટાચાર ભરાય છે,

આ સતાધિશો પંચનો પૈસો ભોગવીને અનીતિ કરે છે, ભ્રષ્ટાચાર કરે છે, કૌભાંડ કરે છે છતાંપણ કોઈને દુઃખ આવતુ નથી, જનપ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ જેમ વધુ ભ્રષ્ટાચાર કરે તેમ વધુ સુખી સમૃદ્ધ બને છે વધુ સતા મેળવે છે કોઈ દુઃખ ભોગવવુ પડતુ નથી, કારણકે એ એના બધા પાપના દુઃખ અને પીડા મતદાન કરનારા મતદારને ભાગે ભોગવવાના હોય છે,

મતદાન કરનારે મતદાન કરીને પંચના ધનનો, જનતા કરવેરાનો ઉપયોગ કરવાની સતા આપી હોય છે એટલે સતાધીશો ભ્રષ્ટાચાર કરે એના બધા પાપ મતદારોએ ભોગવવા પડે છે,

એકવાર ચૂંટાયેલા કોઈને પણ બીજીવાર મતદાન આપવામાં આવે એટલે તે જેટલી અનીતિ કરશે તેના પાપનું ફળ મતદારોએ અને પરીવારને અચુક ભોગવા પડે છે,

ચૂંટણી કોઈપણ હોય મતદાન ફરજીયાત કરવું, નાગરીક તરીકે મતદાન એ પ્રજાસતાક નાગરીકની પ્રથમ મુળભુત ફરજ અને કર્તવ્ય છે જ્યારે ૧૦૦ ટકા મતદાન થશે ત્યારે આપોઆપ અનીતિ અને ભ્રષ્ટાચાર નાબુદ થતો જશે, જયારે કોમવાદ, જાતીવાદ, ધર્મવાદ મુકત પવિત્ર મન અને તટસ્થ બુદ્ધિથી મતદાન થશે ત્યારે પવિત્ર પ્રજાસતાક રાજ વ્યવસ્થા નિર્માણ થશે.

# મિરારોડમા ખુલ્લા મેદાનમા ગેસ સિલિન્ડરની ટ્રકમા આગ : એક ઘાયલ

### પાર્ક કરાયેલા અન્ય વાહનો પણ આગની ઝપેટમાં આવ્યા : મધરાતે ધડાકો થતાં રહેવાસીઓ નીચે દોડી આવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

મુંબઈ નજીક આવેલા થાણે જિલ્લાના મીરા રોડ વિસ્તારમાં ખુલ્લા મેદાનમાં ગેસ સિલિન્ડર ભરેલી એક ટ્રકને મધરાતે આગ લાગી હતી. આગ ફાટી નીકળ્યા બાદ ગેસના એક પછી એક ૭ સિલિન્ડર બ્લાસ્ટ થતા નજીક પાર્ક કરેલા અન્ય વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. વિસ્ફોટને કારણે ધડાકો થતાં નજીકના મકાનોના બરી બારણાં ધણધણી ઉઠયા હતા અને રહેવાસીઓ ડરના કારણે નીચે ઉતરી આવતા ચારે બાજુ અફરાતફરી સર્જાઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ કલાકોની મહેનત બાદ પાંચ વાગે આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં એક સ્થાનિક ઈજા પામ્યો હતો. મીરા રોડ વિસ્તારના રામનગર ખાતે શાંતિ ગાર્ડન સેકટર નંબર પાંચ વિસ્તારમા પોલિસ કમિશ્નર ઓફિસની પાછળની બાજુએ ખુલ્લા મેદાનમાં ગેસ સિલિન્ડરો વહન કરતો એક ટેમ્પો અને એક ટ્રક ઉભી હતી. મધરાતના બે વાગ્યાની આસપાસ અચાનક ટ્રકમાં આગ લાગી હતી અને તેમાં સિલિન્ડર ભરેલા હોવાથી ધડાકા થયા હતા. ટ્રકને આગ લાગી હોવાની બાતમી મળતા જ મીરા ભાયંદર ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે ધસી ગયા હતા. ફાયર બિગ્રેડની ૬ ગાડી બે વોટર ટેંકર તેમજ એક તી.ટી.એલ અને એક એમ્બ્યુલંન્સની



ગાડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પરંતુ ત્યાં સુધીમાં આગ ભડકી ઉઠી હતી. ટ્રકમાં સિલિન્ડરનો મોટો સ્ટોક હોવાથી સાવચેતી રાખવામાં આવી હતી.. નસીબજોગે ટ્રક ખુલ્લામાં ઉભી હતી. એક પછી એક એમ સાત સિલિન્ડરોમા કલાક સુધી બ્લાસ્ટ થતા આસપાસનો વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. મધરાતના આસપાસના બિલ્ડીંગમા રહેતા લોકો ભરનીંદરમાથી જાગી ડરના માર્યા ઘરમાથી નીચે ઉતરી આવ્યા હતા. ફાયર બ્રિગેડે આગને ત્રણ કલાકની મહેનત બાદ કાબુમાં લીધી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી. ઘટનામા એક સ્થાનિક રહેવાશી કેતન સોલંકી (૨૫)ઘાયલ થતા તેને ભક્તી વેદાંત સારવાર માટે દાખલ કરવામા આવ્યાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે. એલપીજી સિલિન્ડરવાળી ટ્રકમાં આગ લાગી કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. આસપાસના વિસ્તારના સીસીટીવી વીડિયોની તપાસ કરવામાં આવી રહ્યા છે.

# નેવીના જવાનના અપહરણ, હત્યાના કેસમા નવો વળાંક : શેરબજારનું દેણુ અને ફિયાન્સીના કૂટૂંબની ઉધારીને કારણે જીવ ખોયો?

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

પાલઘર જિલ્લાના તલાસરી વિસ્તારના વેલજી ગામની હદમા આવેલ જંગલમા નેવીના જવાન સૂરજકુમાર દુબે(૨૭)નું અપહરણ કર્યા બાદ તેના પર પેટ્રોલ છાંટી આગને હવાલે કરી કરવામા આવેલી હત્યાના કેસે જિલ્લામા ભારે ખળભળ મચી છે.,મૃતક સૂરજકુમારે તેની ભાવિ પત્નીના ઘરવાળાઓ પાસેથી પણ નવ લાખ રૂપિયા તેમજ અન્યો પાસેથી ઉધાર લીધા હોવાનું પ્રાથમિક તપાસમા બહાર આવેલ છે. પાલઘર જિલ્લા પોલિસ દ્વારા રવિવારે પ્રેસ કોન્ફરંન્સ લઈને નેવીના જવાન સૂરજકુમાર દુબીની હત્યા શેર બજારમા કરેલ રોકાણ માટે ઉધાર લીધેલ પૈસાને કારણે થયુ હોવાનું તપાસમા બહાર આવ્યાનું જણાવ્યુ હતુ.પાલઘર



જિલ્લા પોલિસના એસપી દત્તાત્રેય શિંદે એ માહિતી આપતા જણાવ્યુ છે કે તપાસ માટે ૧૦૦ પોલિસની ૧૦ ટીમ બનાવવામા આવી છે.તપાસ ચાલુ છે. ૧ ફેબ્રુઆરીના રો સૂરજકુમારે પોતાના એટીએમ વડે પૈસા કાઢ્યાનુ જાણવા મળ્યુ છે.તેમજ તેણે પોતાની ભાવિ પત્નીના ઘરવાળાઓ પાસેથી ;લગ્ન પહેલા ૯ લાખ રૂપિયા ઉધાર લીધા હોવાનુ અને શા માટે લીધા તેની તપાસ ચાલુ છે.તેમજ તેણે કોઈ મિત્ર કે ખાનગી વ્યક્તિ પાસેથી કર્જ લીધુ હોય અને તે પૈસા પાછા ન આપવા વિવાદે પણ આ હત્યા થઈ હોવાની શક્યતા છે. પાલઘર પોલીસે પ્રાપ્ત કરેલી પ્રાથમિક માહિતી અનુસાર, સૂરજકુમાર દુબે તમિલનાડુના કોઈમ્બતુર ખાતે ભારતીય નૌકાદળમાં સિબિંગ સીમેન તરીકે ફરજ બજાવતો હતો. તે એક મહિનાના વેકેશન માટે ઝારખંડના પલામુ જિલ્લાના તેના વતનના મૂળ ગામમા ગયો હતો. તેની ૧૫ જાન્યુઆરીએ તેની સગાઈ થઈ હતી અને એપ્રિલમાં તેના લગ્ન થવાના હતા. ૩૦ મી જાન્યુઆરીએ, એક મહિનાના વેકેશન પૂર્ણ કર્યા પછી, સૂરજકુમાર દુબે રાંચીથી હૈદરાબાદ અને ત્યાંથી પાછા ચેન્નઈ ગયો..ચેન્નઈ એરપોર્ટની બહાર આવતા ત્રણ અજાણ્યી વ્યક્તિઓએ તેને રિલ્વોલ્વરની ધાક બતાવી એસયુવી કારમા બેસાડી અપહરણ કરવામા આવ્યુ હતુ.અપહરણકર્તાઓએ ત્રણ દિવસ સુધી તેને બંધક બનાવી ચેન્નઈમા રાખ્યો હતો.ત્યાર બાદ ૫/૦૩/૨૦૨૧ના રોજ સવારના ૯ વાગે ઘોલવડના જંગલમા ડુંગરાળ વિસ્તારમા લઈ આવવામા આવ્યો હતો. શુકવારે (૫ ફેબ્રુઅરી) સાંજના ૭ વાગે અપહરણકર્તાઓએ ઘોલવડના બેલજીવેજલપાડા વિસ્તારના જંગલ વિસ્તારમા રાજકુમાર પર પેટ્રોલ છાંટી આગ ચાંપી હતી,જેને લઈને તે દાઝી જતા ઉપજિલ્લા હોસ્પીટલમા પ્રાથમિક સારવાર આપી તેને મુંબઈની નેવીની હોસ્પીટલમા લઈ જવામા આવ્યો હતો,પરંતુ નેવી હોસ્પીટલમા દાખલ થત્તા સારવાર દરમિયાન શનિવારે સવારના ૯ વાગે તેનું મૃત્યુ થયુ હતુ.

# પતિના અનૈતિક સબંધની શંકા : પત્ની સાથે ઝઘડો થતા ઘરે જવા નીકળેલ પતિની હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

અન્ય મહિલા સાથેના અનૈતિક સબંધની શંકાએ દંપતી વચ્ચે થયેલ ઝઘડાએ પતિ સાસરેથી પોતાના ઘરે જવા નીકળતા તેની હત્યા કરેલ મૃતદેહ એક ઝૂપડામાથી મળી આવ્યો હતો.વાડા પોલિસે હત્યાનો ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે. પોલિસ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે કે મૃતકની ઓળખ કરણ ગોપાલ રેજંડ (૨૭) તરીકે થઈ છે. મૃતક કરણ છેલ્લા કેટલાક દિવસોથી વાડાના ઉમરોટે ખાતે આવેલા પત્ની(૨૨)ના પિયરે રહેતો હતો. કરણના અન્ય મહિલા સાથે અનૈતિક સબંધ હોવાની શંકાએ બંન્ને વચ્ચે વારેઘડીએ ઝઘડા થતા હતા.શુકવારે રાતે તેઓ બંન્ને વચ્ચે બોલાચાલી થતા મામલો વકર્યો હતો.રાત્રે આઠ વાગે કરણ તેના સાસરેથી પોતાના ઘરે વિક્રમગડ જવા નીકળ્યો હતો. પરંતુ બીજે દિવસે સવારે તે પોતાને ઘરે ન પહોચ્યાની જાણ તેની પત્નીને થઈ હતી. આસપાસના વિસ્તારમા તપાસ કર્યા બાદ કરણનો મૃતદેહ તુંબડેપાડા ગામની હદમા એક ઝૂપડપટ્ટીમાથી મળી આવ્યો હતો.તેના શરીર પર ધારદાર હથિયાર વડે વાર કરીને હત્યા કર્યાનું જોવા મળ્યુ હતુ. વાડા પોલિસે અજાણી વ્યક્તિ વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે.

# અનૈતિક સબંધનો કરુણ અંજામ; પત્ની અને પ્રેમીની હત્યા : આરોપી પતિની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

પાલઘર જિલ્લાના સફાલામા અનૈતિક સંબંધોને કારણે ડબલ મર્ડરનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ ઘટનામાં પતિએ તેની પત્ની અને તેના બોયફ્રેન્ડની હત્યા કર્યાની ઘટના સફાલે કાપેસે ખાતે બની હતી. આ કેસમાં આરોપી પતિની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દિલીપ તાનાજી ઠાકરે પાલઘર તાલુકાના સફાલે કપસે ઠાકુરપાડા ખાતે રહે છે. આ વખતે દિલીપે તેની પત્ની અને તેના બોયફ્રેન્ડને તેના નિવાસસ્થાને રંગેહાથ પકડ્યા હતા. આ પછી પતિ ગુસ્સે ભરાતા પત્ની અને તેના પ્રેમીના માથા પર કુહાડી વડે હુમલો કર્યો હતો. બંનેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકોની ઓળખ સંગીતા દિલીપ ઠાકરે અને પાંડુ બાલકૃષ્ણ શ્રવણ(૪૨) તરીકે થઈ છે. પાંડુ બાલકૃષ્ણ શ્રવણે દહિસરના મનોર ગામનો રહેવાસી છે. પાંડુના પરિણીત મહિલા સંગિતા દિલિપ ઠાકરે(૪૦) સાથે પ્રેમસબંધ હતો. આરોપી દિલીપ અને મૃતક પાંડુ (સાઢુ ભાઈ) એક બીજાના સગા છે. દિલીપ ઠાકરે ઘરે ન હોય ત્યારે સંગીતા અને પાંડુ એક બીજાના ઘરે આવતા જતા હતા. આજ રીતે દિલીપ ઘરે ન હતો ત્યારે પાંડુ ઘરે આવ્યો હતો. થોડા સમય પછી દિલીપે સંગીતા અને પાંડુ બંનેને રંગરેલિયા મનાવતા અપમાનજનક સ્થિતિમાં પકડ્યા.હતા. આ પછી દિલીપ ગુસ્સે થયો. ગુસ્સે થતાં તેણે પત્ની સંગિતા અને પાંડુ પર કુહાડી વડે માથા પર હુમલો કર્યો.હતો,જેને લઈને બંન્ને જણનુ મોત થયુ હતુ. આરોપી દિલીપ ઠાકરે(૪૫)ની સફાલ પોલીસે ધરપકડ કરી છે. સંગીતા અને પાંડુ બંન્નેના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે માહિમની સરકારી હોસ્પિટલમાં મોકલવામા આવ્યા હતા.. આ અંગે સફાલે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે હાલમાં વધુ તપાસ હાથ ધરી છે.

# મુંબઈની ૪૦ ખાનગી હોસ્પિટલો જોખમી : ફાયર વિભાગની તપાસમાં અભિપ્રાય

### પાલિકાના ફાયર વિભાગે મુંબઇની ૧૧,૦૦૦ હોસ્પિટલોનું નિરીક્ષણ કર્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

મુંબઈ ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર શહેરની ૪૦ ખાનગી હોસ્પિટલો જોખમી હોવાનુ અને ૩૪૨ હોસ્પિટલો વિવિધ પ્રકારના જોખમોનો સામનો કરી રહી છે. પાલિકાના ફાયર વિભાગે મુંબઈની ૧૧,૦૦૦ હોસ્પિટલોનું નિરીક્ષણ કર્યું હતું. ભંડારા ખાતે જિલ્લા હોસ્પિટલના યુનિટમાં આગની ઘટના બાદ ફરી એકવાર હોસ્પિટલોની સલામતીનો મુદ્દો સામે આવ્યો છે. આ સંદર્ભે પાલિકાએ શહેરની ખાનગી હોસ્પિટલોનું આગ નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. જેમાં ૧૧ હજાર ૪૯ ખાનગી હોસ્પિટલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૪૦ ખાનગી હોસ્પિટલોમાં હોસ્પિટલોની ડિઝાઈન સહિત સલામતીના ગંભીર જોખમો હોવાનું જાણવા મળ્યું છે, ૩૪૨ હોસ્પિટલોમાં બહાર નીકળવાના રસ્તાઓની પહોંચનો અભાવ, અગ્નિશામક ઉપકરણોની પ્રાપ્યતા ન હોવા અથવા તેમની સમાપ્તિ તારીખ જેવા અગ્નિના જોખમો હોવાનું જાણવા મળ્યું છે. આ નિરીક્ષણમાં બહાર આવ્યું છે કે શહેરની ૬૩૯ હોસ્પિટલોમાં થોડીક મરામત કરવાની જરૂર હતી. લગભગ ૧૧,૦૦૦ હોસ્પિટલોમાંથી ૧૨૮ બંધ હતી. ભંડારા અકસ્માત બાદ શહેરની હોસ્પિટલોને ફાયર સેફ્ટી તપાસ માટે માગણી કરવામા આવી રહી છે. અમદાવાદની કોરોના હોસ્પિટલમાં લાગેલી આગ પછી જાહેર હોસ્પિટલના ફાયર વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. વિભાગ દ્વારા નાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા જોકે, ખાનગી હોસ્પિટલનું નિરીક્ષણ કરવામાં આવ્યું ન હોવાથી તપાસ હાથ ધરવા સૂચના આપવામાં આવી હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનના એડિશનલ કમિશનર સુરેશ કાકાણીએ જણાવ્યું હતું. પાલિકાએ ગંભીર જોખમ ધરાવતી હોસ્પીટલો સહિત નાના સમારકામની જરૂરિયાતવાળી એક હજાર જેટલી હોસ્પિટલોને નોટિસ ફટકારી છે. ખતરનાક હોસ્પિટલોમાં સ્ટ્રક્ચર બદલવા સહિતના મોટા ખર્ચ કરવા પડશે. આવી સૂચના ફાયર વિભાગ દ્વારા આપવામાં આવી છે.

# લોકડાઉન દરમિયાન મુંબઈમાં ટ્રેન મુસાફરો પાસેથી પાંચ કરોડનો દંડ વસુલાયો

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

કોરોનાને પગલે કરવામાં આવેલા લોકડાઉનમાં જાહેર રેલ્વે મુસાફરી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. બાદમાં, અનલોક પ્રક્રિયા પછી, ધીમે ધીમે ટ્રેનની મુસાફરીની મંજૂરી આપવામાં આવી. જોકે, લોકડાઉન દરમિયાન પણ, ટિકીટો વિના મુસાફરી કરતા મુસાફરોની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી અને રેલવેએ ૪.૯૫ કરોડનો દંડ વસૂલ કર્યો છે. મધ્ય રેલ્વેના મુંબઈ વિભાગ દ્વારા ૧૫ જૂન ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ દરમિયાન ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોમાં નિયમિત ટિકિટ નિરીક્ષણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧ લાખ ૫૮ હજાર કેસ મળી આવ્યા હતા અને તેમની પાસેથી ૪ કરોડ ૯૫ લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. તેમાંથી, ઉપનગરીય વિસ્તારોમાં આશરે એક લાખ ૨૧ હજાર કેસ મળી આવ્યા જેમાં રૂ. લાંબા અંતરની ટ્રેનોના ૩૭,૮૨૩ કેસોમાંથી ૨ કરોડ ૮૭ લાખની વસૂલાત કરવામાં આવી હતી અને રૂ. ૨ કરોડ ૯ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ અભિયાન દરમિયાન ઉપનગરીય ટ્રેનોમાં સિનિયર સિટીઝન ક્વોટાના દુરૂપયોગ,બદલાતી ટિકિટ પર મુસાફરી, સિસ્ટમથી જનરેટ થયેલ ટિકિટનું રૂપાંતર, ટિકિટના રંગીન ઝેરોક્ષ સાથે મુસાફરી, ટિકિટનું ટ્રાન્સફર,બનાવટી આઈદી કાર્ડ અને અન્ય અનિયમિતતાના કેસો મળી આવ્યા હતા.

# વેલેન્ટાઈન શરૂ થતાંની સાથે જ મુંબઈ ધ્રુજી ઉઠ્યું, પ્રેમીએતેનીપ્રેમિકાપરપેટ્રોલછાંટીજીવતીસળગાવી

### સળગતી પ્રેમિકાના સંપર્કમા આવતા દાઝતા પ્રેમીનું મૃત્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

એક ખાસ વેલેન્ટાઈન વીક એક બીજા માટે પ્રેમ વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે. બીજી તરફ, મુંબઈના જોગેશ્વરીમાં એક પ્રેમીએ તેની પ્રેમિકાને જીવતી સળગાવી દીધી હતી. આઘાતજનક રીતે, ગર્લફ્રેન્ડ તેના બોયફ્રેન્ડને સળગતી હાલતમાં સંપર્કમા આવતા, તેથી બોયફ્રેન્ડનું મોત નીપજ્યું.

પોલીસના જણાવ્યા મુજબ આ ચોંકાવનારી ઘટના મુંબઈના જોગેશ્વરી વિસ્તારમાં આવેલા મેઘવાડી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગાંધીનગર વિસ્તારમાં બની છે. મૃતકની ઓળખ વિજય ખાંબે (૩૦) તરીકે થઈ છે. વિજય છેલ્લા બે અઢી વર્ષથી દૂરના સબંધ ધરાવતી યુવતી સાથે પ્રેમ સંબંધમાં હતો. વિજય તે છોકરી સાથે લગ્ન કરવા માંગતો હતો. તેણે યુવતીના પરિવારને લગ્નનો પ્રસ્તાવ પણ મોકલ્યો હતો. જોકે, યુવતીના માતા-પિતાએ તેની ઓફર ફગાવી દીધી હતી. વિજયને દારૂની લત્ત હતી. તો થોડા દિવસ પછી યુવતીએ પણ વિજય સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. વિજય પીડિત યુવતી સાથે લગ્ન કરવાનો આગ્રહ રાખતો હતો, તેથી તેણી તેને પજવણી કરતો હતો. વિજયની મુશ્કેલીથી કંટાળીને પીડિતાએ એક દિવસ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતા એક અઠવાડિયાની હોસ્પિટલમાં સારવાર બાદ ઘરે આવી હતી. શુકવારે યુવતી ઘરે એકલી હોવાની જાણ થતા તે સમયે વિજય તેની ફરીથી મળવા આવ્યો હતો.. તે પોતાની સાથે પેટ્રોલની બોટલ લઈને આવ્યો હતો. વિજય અને પીડિતા વચ્ચે ફરી દલીલ થઈ હતી. ત્યારબાદ તેણે પોતાની સાથે લાવેલી પેટ્રોલની બોટલ યુવતી નાખી અને આગ લગાવી. યુવતી મદદ માટે ચીસો પાડતી હતી, પરંતુ વિજય દરવાજા પાસે ઉભો હતો ત્યારે દાઝેલ યુવતી પોતાને બચાવવા મદદ પાસે બહાર જવાનો પ્રયાસ કરતી હતી.ત્યારે વિજયને ગળે ભેટી હતી.. વિજયે પોતાને મુક્ત કરવાનો પ્રયાસ કર્યો પણ યુવતીએ તેને કાંઈ છોડ્યો નહિ.બંન્ને જણ બળેલીજ હાલતમાં ઘરની બહાર આવીને પટકાયા હતા. ત્યારબાદ પડોશીઓ આગ કાબૂમાં કરવા દોડી ગયા હતા. બંનેને તાત્કાલિક જેજે હોસ્પિટલમાં ખસેડાયા હતા. વિજય આગ દ્વારા બળીને ૯૦ ટકા હતો. તેથી તે મરી ગયો. પીડિતાની હાલત ગંભીર છે અને તે મોતની ઝઝૂમી રહી છે. પીડિતાના ભાઈની ફરિયાદ પરથી વિજય ખાંભે વિરુદ્ધ મેઘવાડી પોલીસ મથકે હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# રાજ્યમાં ઉંચી ઈમારતો પરના પ્રતિબંધો હળવા કરવામાં આવ્યા

### મુંબઈમાં મંજૂરી ફરજિયાત હોવાથી નિયંત્રણો જાળવવામાં આવ્યા

ચક્રવાત મુબઈ ૮

મુંબઈ અને સંબંધિત યોજના અધિકારને બાદ કરતાં, રાજ્યમાં ઉંચી ઈમારતો માટે પરવાનગી માટે અરજી કરવાની જરૂર રહેશે નહીં. છેલ્લા બે વર્ષથી પ્રતીક્ષિત ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ, મહાવીકાસ આઘાડી સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે, આમ ૧૨૦ મીટર ઉચી ઈમારતો માટે ઉચ્ચ-સ્તરની સમિતિની મંજૂરી લેવાની શરતને દૂર કરવામાં આવી છે. મંજૂરી ફરજિયાત છે કારણ કે મુંબઈમાં મંજૂરી ફરજિયાત રાખી આ નિયંત્રણો જાળવવામાં આવ્યા છે. આ છૂટ તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો, મહાનગરપાલિકાઓ, મહાનગર વિસ્તારોને આપવામાં આવી હોવાથી હવે રાજ્યમાં ઉંચી ઈમારતો જોવા મળી શકે છે. નવા નિયમોમાં કાર્પેટ એરિયાના ઉપયોગ પરની મર્યાદા હળવી થઈ છે. આનાથી ઉંચી ઈમારતોનો માર્ગ મોકળો થયો છે. જો કે, ૧૨૦ મીટરથી વધુ ઉંચી ઈમારતો માટે, આ અંગે નિમાયેલી કમિટીમાંથી વિશેષ મંજૂરીની જરૂર છે. જો કે, આ સ્થિતિ દૂર કરવામાં આવી છે. આ સમિતિની મંજૂરી મેળવવા માટે ઘણો સમય લાગતો હતો. પ્રોજેક્ટ તૈયાર હોવા છતા અટવાતો હતો. વિકાસકર્તાઓએ ઉચ્ચ-સ્તરની



સમિતિ સમક્ષ મંજૂરી માટે મંજૂરી માંગતી વખતે સમિતિ દ્વારા નક્કી કરેલા ધોરણોનું પાલન કરવું પડ્તુ હતું. હવે જ્યારે આ સ્થિતિ દૂર કરવામાં આવી છે, વિકાસકર્તાઓ ખુશ છે. આનાથી મેટ્રોપોલિટન વિસ્તારના અનેક અટકેલા પ્રોજેક્ટ્સને ફાયદો થશે. આ નિર્ણયથી જૂની ઈમારતોના પુનર્વિકાસને વેગ મળશે તેવી અપેક્ષા છે. મ્યુનિસિપલ કમિશનર પાસે મુંબઈમાં ૧૨૦ મીટર (૪૦ માળ) સુધીની ઉચી ઈમારતોને મંજૂરી આપવાનો અધિકાર છે. જો કે, તેનાથી વધારે ઉચી ઈમારતો માટે ઉચ્ચ સ્તરીય સમિતિની મંજૂરી આવશ્યક છે. હાઈકોર્ટના આદેશ મુજબ સમિતિની રચના કરવામાં આવી છે. વિકાસકર્તાઓને પણ આ સમિતિની મંજૂરી લેવી જરૂરી હતી. પરંતુ પરવાનગી મળતાં વિલંબ થતાં અનેક પ્રોજેક્ટ અટક્યા હતા. હવે તે સમસ્યા દૂર થવા જઇ રહી છે. આ નિયમનમાં થાણે, કલ્યાણ-ડોમ્બિવલી, પુના, નાગપુર, કોલ્હાપુર વગેરે વિસ્તારોમાં ઉચી ઈમારતોની ઉચાઇ પર વિવિધ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે.

# પિમ્પરીથી ગાયબ થયેલ ઉદ્યોગપતિ આનંદ ઉનવણેની લાશ મહાડમાં સાવિત્રી નદીમાં મળી

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

પિંપરી ચિંચવાડમાંથી ગુમ થયેલ વેપારી આનંદ ઉનવણે(૪૫)ની હત્યા કરાઈ છે. તેનો મૃતદેહ મહાડમાં સાવિત્રી નદીના કાંઠે મળી આવ્યો હતો. આ હત્યાએ અનેક સવાલો ઉભા કર્યા છે. એફએફઆઈ ચિટ ફંડ કંપનીનો માલિક આનંદ ઉનવણે ૪ ફેબ્રુઆરીથી ગુમ થયા હતા. અને હવે તેનો મૃતદેહ સીધો મહાડમાં મળી આવતાં હોબાળો મચી ગયો છે. તેની પત્ની સાથે છૂટાછેડા લીધેલા આનંદ ઉનવણે હાલમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. ગુમ થયાના દિવસે ઉનવણેએ મેનેજરને ઘરેથી બોલાવ્યો હતો.અને ખાતામાંથી રૂપિયા ૪૦ લાખ રોકડા કઢાવ્યા હતા.. તેઓએ ડ્રાઈવરને તે પૈસા કારમાં રાખવા કહ્યું. હતુ. કેટલીકવાર, પછી ઘરમાથી પૈસા અને ઘરેણાં લઈને



ગાયબ થઈ ગયા હતા.ઉદ્યોગપતિ આનંદ ઉનવણેનો મોબાઈલ થોડી મિનિટો માટે ચાલુ રાખવામા અવ્યો હતો.., પોલીસ તે જ સ્થાનના આધારે ત્યાં પહોંચી, પરંતુ ત્યાં કોઈ ઉનવેણ મળ્યા નહી. જોકે શનિવારે, ઉનવણેનો મૃતદેહ મહાડની સાવિત્રી નદી નજીકથી મળી આવ્યો હતો. તેઓ અહીં કેવી રીતે આવ્યા? તેને કોણે માર્યો? આવા અનેક પ્રશ્નો હવે હાજર છે, પોલીસ વધુ તપાસ કરી રહી છે. પિમ્પરી પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણ કરવામાં આવી હતી, તેમ છતાં ઉનવણેના સાથીઓએ દાવો કર્યો છે કે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. જેથી મામલો વધુ જટિલ બની રહ્યો છે. પોલીસ આ સમસ્યાનું નિરાકરણ લાવશે પરંતુ ચિટ ફંડમાં પૈસા લગાવનારાઓની ચિંતા દૂર થશે?

# દેશમાં નવો સમુદાય સામે આવ્યો આંદોલનજીવી : પીએમ મોદી

નવી દિલ્હી,તા.૮

પીએમ મોદીએ ગૃહમાં કહ્યું કે આપણે લોકો કેટલાંક શબ્દોથી ખૂબ પ રિચિત છીએ. શ્રમજીવીપબુદ્ધિજીવીપ આ બધા શબ્દોથી પરિચિત છીએ. પ રંતુ હું જોઈ રહ્યો છું કે છેલ્લાં કેટલાંક સમયથી આ દેશમાં એક નવી જમાત પેદા થઈ છે અને તે છે આંદોલન જીવી. આ જમાતને તમે જોશો કે વકીલોનું આંદોલન છે, ત્યાં દેખાશે. સ્ટુડન્ટનું આંદોલન છે ત્યાં દેખાશેપ મજૂરોનું આંદોલન છે ત્યાં દેખાશેપ કયારેક પડદાની પાછળ તો કયારેક પ ડદાની આગળ. આ આખી ટોળકી છે જે આંદોલનજીવી છે. તેઓ આંદોલન વગર જીવી શકતા નથી. આપણે આવા લોકોને ઓળખવા પડશે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૮૩ અને ચાંદીમાં રૂ.૩૨૦ની વૃદ્ધિ

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૩૮૪૬ સોદામાં રૂ. ૧૦૯૧૯.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ હતી. બિનલોહ ધાતુઓ પણ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીના માહોલ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટનના વાયદાના ભાવમાં નરમાઈ હતી. સીપીઓ, મેન્થા તેલ અને રબરમાં સુધારાનો સંચાર થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૯૨૬૨ સોદાઓમાં રૂ. ૫૩૭૭.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૧૫૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૪૭૪ અને નીચામાં રૂ. ૪૭૧૫૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૩ વધીને રૂ. ૪૭૪૩૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૧૦૧ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૨૦ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૪ વધીને બંધમાં રૂ. ૪૭૩૫૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૮૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૯૧૯૦ અને નીચામાં રૂ. ૬૮૪૨૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨૦ વધીને રૂ. ૬૯૦૫૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૩૦૩ વધીને રૂ. ૬૯૦૧૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૩૦૨ વધીને રૂ. ૬૯૦૦૨ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૫૩૨૦ સોદાઓમાં રૂ. ૨૭૯૧.૨૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૪૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૨૧૦ અને નીચામાં રૂ. ૪૧૬૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૫ વધીને રૂ. ૪૨૦૬ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૦૮૧ સોદાઓમાં કુલ રૂ. ૨૫૪.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૫૦૦ અને નીચામાં રૂ. ૨૧૩૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ ઘટીને રૂ. ૨૧૩૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૯૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭.૫ વધીને બંધમાં રૂ. ૯૯૫.૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ. ૯૬૩ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૩ અને નીચામાં રૂ. ૯૫૩.૧ રહી, અંતે રૂ. ૯૫૬.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૨૨૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૨૦.૫ અને નીચામાં રૂ. ૧૨૧૬ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦.૦૦ પૈસા ઘટીને રૂ. ૧૨૧૭.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૦૭૬ સોદાઓમાં કુલ રૂ. ૨૭૪૨.૦૧ કરોડ ની કીમતનાં ૫૭૯૭.૧૯૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૬૧૮૬ સોદાઓમાં કુલ રૂ. ૨૬૩૫.૧૬ કરોડ ની કીમતનાં ૩૮૨.૫૮૨ ટન, ક્રૂડ તેલમાં ૧૩૧૮૩ સોદાઓમાં રૂ. ૮૫૪.૭૯ કરોડનાં ૨૦૩૭૨૦૦ બેરલ્સ, કોટનમાં ૫૨૨ સોદાઓમાં રૂ. ૬૬.૩૯ કરોડનાં ૩૦૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૪૧૫ સોદાઓમાં રૂ. ૧૮૩.૧૮ કરોડનાં ૧૮૫૦૦ ટન, મેન્થા તેલમાં ૨૦ સોદાઓમાં રૂ. ૨.૬૯ કરોડનાં ૨૮.૦૮ ટન, કપાસમાં ૧૯ સોદાઓમાં રૂ. ૪૮.૭૨ લાખનાં ૮૦ ટનના વેપાર થયા હતા.

# દ્વિતીય શિવસેના મેળાવડામા ૨૪ ગુજરાતી ઉદ્યોગપતિઓ પક્ષમાં જોડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

મુંબઈમા 'જલેબી ફાફડા ઉધ્ધવ ઠાકરે આપણા' એ સૂત્રને લઈને રવિવારે સાંજે મલાડમા દ્વિતીય ગુજરાતી શિવસેના લેળાવડો યોજયો હતો.જેમા ૨૪ ગુજરાતી વ્યાપારી અને ઉધ્યોગપતિ શિવસેનામા શામેલ થયા હતા.અગાઉ અંધેરીમા યોજાયેલા પ્રથમ મેળાવડા વખતે ૧૧ વ્યાપારીઓ શિવસેનામા જોડાયા હતા. મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેની સર્વધર્મ સમભાવની નીતીને લઈને તેમને ચારેકોરથી આવકાર મળી રહ્યો છે.કોરોનાકાળમા રાજ્યસરકારે સરકારી હોસ્પીટલોમા ફ્રી સારવાર આપી ચે.ને માનવતાવાદી અભિગમ છે.'૯૩'ના દંગલ વખતે શિવસેનાએ જ ગુજરાતીઓને બચાવ્યા હતા તે ભુલવુ ન જોઈએ. શિવસેનાના રાષ્ટ્રીય સંઘટક હેમરાજભાઈ શાહ દ્વારા રવિવારે પ્રીતી-પિન્કી અને ભુમિ ત્રિવેદીના સંથવાળે અને જીગર સોની -સુહદ સોનીના આયોજનમા રાસ ગરબાની રમઝટ જામી હતી.ભાજપના .ભુતપૂર્વ વિધાનસભ્ય હેમેન્દ્ર મહેતાએ શિવસેનામા પ્રવેશ કર્યો હતો.ટૂંક સમયમા મોટા માથા પણ શિવસેનામા જોડવાના છે.ગુજરાતમા ભાજપની




સરકાર હોવા છતા અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કર્યુ ન હોવાથી તે કરવાની માગણી કરવામા આવી છે. ભુતપૂર્વ વિધાનસભ્ય હેમેન્દ્ર મહેતાએ જણાવ્યુ હતુ કે મુંબઈ સહેર આવકવેરો ભરતા હોવા છતા વેપારીઓની અવગણના થાય છે.૫૩ વર્ષ પાર્ટીમા રહ્યા પછી પણ પક્ષ છોડવો પડ્યો છે. પાલિકા શિક્શન સમિતીના ચેરમેન સંધ્યા દોશીએ જણાવ્યુ હતુ કે શિવસેના દિવસે દિવસે મજબૂત થતી જાય છે! પક્ષ ગુજરાતીઓનું હિત જાળવી રાખે છે. તેઓને બે વખત ચેરમેન બનાવ્યા છે.તેમજ મહિલાઓને આદર મળે છે.

## રાજ્યના પોલિસ મહાસંચાલકે નવા કમીશ્નરે ઓફિસની મુલાકાત લીધી



મિરા-ભાયંદર, વસઈ-વિરાર પોલિસ કમિશ્નરેટની ઓફીસ ૧/૧૦/૨૦૨૦ દરમિયાન ચાલુ થયા બાદ પ્રથમ વખત રાજ્યના પોલિસ મહાસંચાલકે પ્રથમ વખત મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પોલિસ કંન્ટ્રોલ રૂમ, વેબસાઈત,પરિષદ કક્ષનું પોલિસ મહાસંચાલક દ્વારા ઉધ્ધાટન કરવામા આવ્યુ હતુ.

# પીએમસી બેંક કૌભાંડ : વિવા ગ્રુપની ૩૪ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

વિવા ગ્રુપની ૩૪.૩૬ કરોડ રૂપિયાની સંપત્તિ આખરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી પીએમસી બેંક કૌભાંડમાં કરવામાં આવી છે.જયેન્દ્ર ઉર્ફે ભાઈ ઠાકુર, જે વસઈ-વિરારમાં તેઓનો દબદબો છે; તેમના ભાઈ ધારાસભ્ય હિતેન્દ્ર ઠાકુરનું પણ વિરાર વિસ્તારમા મોટુ વર્ચસ્વ છે. પીએમસી બેંકની લોન ખોટી રીતે હડપ કરવા માટે કેટલાક જૂથ ઈડીના રડાર પર છે. આ અંતર્ગત, 'ઈડી' દ્વારા ગયા મહિને 'વિવા ગ્રુપ' ની કચેરીઓ પર છાપો મારવામા આવ્યો હતો.; ઠાકુર ભાઈઓના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન મળેલી માહિતીના આધારે અંધેરીમાં ઠાકુરની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. ઈડી સૂત્રોના જણાવ્યા અનુસાર, અંધેરી પૂર્વમાં કેલેડોનીયા બિલ્ડિંગમાં આવેલી મિલકત મેક સ્ટાર દ્વારા બનાવવામાં આવી છે. મેક સ્ટાર હાઉસિંગ ડેવલપમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (એચડીઆઈએલ) ની પેટાકંપની છે. એચડીઆઈએલ એ પીએમસી બેંક કૌભાંડની સૌથી મોટી કર્જ ડુબાડનાર કંપની છે. ઈડીની તપાસમાં એચડીઆઈએલ, મેક સ્ટાર અને વિવા ગ્રુપનું કાવતરું હોવાનું બહાર આવ્યું છે. તેથી જ અંધેરીમા કાર્યવાહી કરવામાં આવી હતી. એચડીઆઈએલના રાકેશ અને સારંગ વાધવાને અંધેરીમાં મેક સ્ટારની સંપત્તિને વિવા ગ્રુપમાં ગેરકાયદેસર રીતે ફેરવી દીધી હતી. તેમાં રૂ. ૩૪ કરોડ ૩૬ લાખ કરોડની બે ઓફિસો શામેલ છે. આથી જપ્ત કરવામાં આવી છે. મુખ્ય વાત એ છે કે આ બંને સંપત્તિનું દસ્તાવેજીકરણ મૂલ્ય ફક્ત ૩૪ લાખ ૩૬ હજાર છે. તપાસમાં બહાર આવ્યું છે કે વિવા ગ્રૂપે મેક સ્ટારને ૩૭ ચેક આપ્યા હતા. રાકેશ વાધવાને એચડીઆઈએલ દ્વારા વિવા ગ્રુપના ડિરેક્ટર મેહુલ ઠાકુરને મોટા પ્રમાણમાં ભંડોળ ફેરવ્યું. મુખ્ય વાત એ છે કે એચડીઆઈએલે યસ બેંકને પણ કર્જ લઈ ડુબાડેલ છે. આ બધી લોન્સની એચડીઆઈએલએ વિવા જૂથ દ્વારા ગેરકાયદે પૈસા વાળ્યા હોવાનો આક્ષેપ ઈડીએ કર્યો છે.

# ઉના તાલુકાના લોકોની આરોગ્ય સેવાઓ માટે પ્રેસ કલબ ઓફ ઊના દ્વારા એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું

ઉના પ્રેસ કલબ ઓફ ઊના સંચાલિત સંજીવની સેવા ટસ્ટ દ્વારા ઊના તાલુકાની જનતાને વ્યાજબી દરે અને સુવિધા સજજ આરોગ્ય લક્ષી એસી. સીસી.કેમેરા, ઓકસીજન, જીપીએસ સીસ્ટમ ધરાવતી અને દર્દીનાં પરિવારને લાઈવ જાણકારી મળતી રહે તેવી એમ્બ્યુલન્સ લોકોની સેવા અર્થે શરૂ કરવાં નક્કી થયાં બાદ આ બાબતે સેવા શ્રેષ્ઠીઓ દ્વારા સવૈચ્છિક આર્થિક સહયોગ સાંપડ્યો હતો. મુક્ત મને દાતા ઓએ આ પ્રેસ કલબ ઓફ ઊનાનાં સેવા યજ્ઞમાં સહયોગી થતાં આજે ઉના ખાતે આવેલ ડીવાઈન સ્કુલમાં એમ્બ્યુલન્સનાં લોકાર્પણ અને દાતા ઓનુ સંન્માન પ્રેસ કલબ ઓફ ઊના પ્રમુખ જયેશભાઈ ગોંધીયાનાં



અદયક્ષ સ્થાને યોજાયેલ હતો. આ કાર્યકમમાં મુખ્ય દાતા ઉના પીપલ્સ કૉ ઑ બેંકનાં ચેરમેન મહેન્દ્રભાઈ ગટેચા, વાઈસ ચેરમેન ઈશ્વરભાઈ જેઠવાણી, નિવૃત પી.જી.વી.સી.એલનાં ઈજનેર ધીરૂભાઈ દોમડીયા, લાલાશેઠ, કિશોરભાઈ શંભુવાણી, કિશોરભાઈ કાનાબાર, ઉના ગ્રેઈન એસોસીએશનના પ્રમુખ અબાસભાઈ સુમરાણી, પરસોત્તમભાઈ ઠુમમર, ભરતભાઈ જોષી, ડો આશિષ વકિલ, ડો નૈનુજી, ડો. પિન્સ જોષી, જવાહરભાઈ ગાંધી, રાજુભાઈ ગાંધી, ડો.નંદાભાઈ ગોદાણી, ડો. કુલીન વ્યાસ, રામસિંહભાઈ લાખણોત્રા, ભદ્રેશભાઈ ભુપતાણી, દિપકભાઈ પોપટ, હરીભાઈ વાળા, ધીરૂભાઈ સુવાગીયા, મીલનભાઈ માંડલીયા, સહિતના વિશાળ અગ્રણીઓ દાતાઓ ઉપસ્થિતિમાં તમામનું શાલ તેમજ કૃતજ્ઞતા સન્માન પત્ર આપી બહુમાન કર્યું હતું. આ તકે વયોવૃદ્ધ પત્રકાર રમણીકભાઈ વ્યાસનું પણ સન્માન કરેલ. ઊના તાલુકાની જનતાના આરોગ્ય સુખાકારી માટે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરી સેવા અર્થે મુકવામાં આવી હતી.. આ સીવાય પ્રેસ કલબ ઓફ ઉના અને સંજીવની સેવા ટ્રસ્ટ દ્વારા રામજન્મભૂમિ મંદિર નિર્માણ માટે રૂ.૨૨,૨૨૨ ના અનુદાનનો ચેક અર્પણ કરેલ હતો. તેમજ દિવ પ્રેસ કલબ દ્વારા પણ રૂ. ૫૧૫૧ નો ચેક અર્પણ કરેલ.

# પોર્ન ફિલ્મ કેસમાં અભિનેત્રીની ધરપકડ બાદ નવો ઘટસ્ફોટ : મોટા ઉદ્યોગપતિના પૂર્વ પી.એની અટક

## વિદેશના નંબર પરથી તેમજ આઇપી એડ્રસથી વિડિયો અપલોડ થતા

ચક્વાત ટીમ, મુંબઈ ૮

પોર્ન ફિલ્મના કેસમાં મુંબઈ પોલીસે અભિનેત્રી ગહના વસિષ્ઠની ધરપકડ કર્યા પછી આ કેસમાં નવી માહિતી સામે આવી છે. આ માહિતીના આધારે પોલીસે ઉમેશ કામતની અટક કરી છે. ઉમેશ કામત અગાઉ મોટા ઉદ્યોગપતિનો ખાનગી સહાયક (પીએ) તરીકે કામ કરી ચૂક્યો છે. તો હવે આ કેસમાં કેટલાક મોટા નામ સામે આવે તેવી સંભાવના છે. ઉમેશ કામત વિદેશથી આ પોર્ન વીડિયો ક્યારે અને કેવી રીતે અપલોડ કરવો તે જોતો હતો.. શૂટિંગ પછી ગહના વશિષ્ઠ



વીડિયોને ટ્રાન્સફર વ્હી પર અપલોડ કરતી હતી. તે અપલોડકર્તાને આ વિડિઓની એક લિંક અને ઉમેશ કામ્તને એક લિંક મોકલતી હતી. ઉમેશ આ વીડિયોને ક્યારે અને કેવી રીતે અપલોડ કરવો તે વિશે તમામ નિર્ણય લઈ રહ્યો હતો. પોલીસ દ્વારા ઉમેશની અટક કરવાથી હવે આ કેસમાં વધુ મહત્વનો કડીઓ મળી શકે તેમ છે. ટીવી એક્ટ્રેસ ગહના વશિષ્ઠની રવિવારે મુંબઈ ક્રાઈમ બ્રાંચના પ્રોપ્ટી સેલ દ્વારા અટક કરવામાં આવી હતી.એડલ્ટ વિડિઓ શૂટ શેર કરવા બદલ તેની ધરપકડ કરવામાં આવી હતી. મિસ એશિયા બિકિની તાજની વિજેતા, ગહનાએ હિન્દી, તેલુગુ મૂવીઝ અને ઘણાં જાહેરાતોમાં અભિનય કર્યો છે. આ કેસમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ગહનાએ ૮૭ અશ્લીલ વીડિયો અને પોર્ન વીડિયો શૂટ કર્યા છે અને તેને તેમની વેબસાઈટ પર અપલોડ કર્યા છે. જે લોકો આ ચેનલ પર સબ્સ્ક્રાઇબ કરે છે તેઓએ આ વિડિઓ જોવા માટે ૨,૦૦૦ રૂપિયા ચૂકવવા પડતા હતા. પોલીસને બાતમી મળી હતી કે મૂવી શૂટિંગની આડમાં મડ આઈલેન્ડ પર કેટલાક ખાનગી બંગલાઓમાં વેશ્યાવૃત્તિ અને ટૂંકા પોર્ન વીડિયો શૂટ કરવામાં આવી રહ્યા છે. ત્યારબાદ પોલીસે હોશિયારીથી બંગલાઓમાં દરોડા પાડ્યા હતા. કેટલીક ટૂકડી અશ્લીલ વીડિયો પર કામ કરી રહી હતી અને દાવો કર્યો હતો કે યુવતીઓને ફિલ્મોમાં મોટુ કામ આપવાની લાલ્ચ બતાવી તેઓ પાસેથી અશ્લિલ વિડિયોમા કામ કરાવતી હતી. પોલીસે રેકેટમાંથી બે યુવતીઓને બચાવી લીધી હતી, જેને ડ્રગ રિહેબિલિટેશન સેન્ટરમાં મોકલી દેવામાં આવ્યા છે. દરમિયાન પોલીસે દરોડામાં યાસ્મિન બેગ ખાન, પ્રતિભા નાલાવડે, મોનુ ગોપાલદાસ જોશી, ભાનુસુર્યમ ઠાકુર અને મોહમ્મદ આસિફની ધરપકડ કરી હતી.

# સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂા. ૩,૬૭,૫૫૦/- નો પ્રોહી મુદ્દામાલ પકડાવ

ચક્વાત ટીમ સંતરામપુર, તા.૦૮

સંતરામપુર પો.સ્ટે.વિસ્તારના ગોઠીબ ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગ દરમ્યાન પો.ઈન્સ. વી.ડી.ધોરડાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે ઝાલોદ તરફ થી સ્વિફ્ટ ગાડીનીમાં ઈગ્લીશ દારૂનો જથ્થો ભરી સંતરામપુર તરફ આવનાર છે તેવી બાતમી આધારે ગોઠિબ ચેક પોસ્ટ ઉપર નાકાબંધીમાં હતા તે દરમ્યાન ઉપરોક્ત બાતમી હકિકત વાળી ગાડી આવતા તેને ઉભી રખાવવા ઈશારો કરતા ગાડીના ચાલકે પોતાની ગાડી ઉભી રાખેલ નહિ જેથી પોલીસના માણસોએ ગાડીનો પીછો કરતા ગાડીના ચાલાકે ગાડીને સંતરામપુર પો.સ્ટે. વિસ્તારના ભેણદરા ગામાના ખેતરોમાં ગાડી ઉભી રાખી ગાડીમાંથી ડ્રાઈવર તથા તેની સાથેનો બીજો એક ઈસમ નીચે ઉતરી ખેતરોમાં ભાગી ગયેલ.

દરમ્યાન સદર ગાડીમા ચેક કરતા ગાડીમાથી ભારતીય બનાવટની દારૂની નાની-મોટી બોટલો નંગ ૫૮૧ જેની કૂલ કીંમત રૂ.૧,૬૭,૫૫૦/- તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ ગાડી ની કિ. રૂા.




૨,૦૦,૦૦૦/- મળી કુલ કિ. રૂા. ૩,૬૭,૫૫૦/- નો પ્રોહી મુદામાલ મળી આવેલ જેથી ભાગી ગયેલ બન્ને ઈસમો વિરુધ્ધ પ્રોહી એક્ટ કલમ ૬૫ ઈ, ૮૧,૯૮(૨) મુજબ સંતરામપુર પો સ્ટે ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવહી કરવામાં આવેલ છે.

# વાંકાનેર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી : પ્રથમ દિવસે ૫૦થી વધુ ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે એક તરફ સોમવારે ગુજરાતની છ મહાનગર પાલિકાઓમાં ભરાઈ ચૂકેલા ફોર્મની ચકાસણી ચાલી રહી છે ત્યારે આ સાથોસાથ જ નગરપાલિકા, જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે જેમાં પ્રથમ દિવસે વાંકાનેર નગરપાલિકા, તાલુકા પંચાયત અને મોરબી જિલ્લા પંચાયતની બેઠકો માટે ફોર્મ ઉપાડવાનું શરૂ કર્યું છે. સોમવારે પ્રથમ દિવસે વાંકાનેર પ્રાંત કચેરી ખાતે વાંકાનેર નગરપાલિકાની ૨૮ બેઠકો માટે કુલ ૧૭ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતા. જ્યારે તાલુકા પંચાયતની ૨૪ સીટો માટે ૨૭ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતા. જે પૈકી તાલુકા પંચાયતમાંથી ૧૨ અને મામલતદાર કચેરીમાંથી ૧૫ ફોર્મ ઉપડ્યા હતા. જ્યારે મોરુ જિલ્લા પંચાયતની ૬ બેઠકો માટે કુલ ૮ ફોર્મ ઉપડ્યા હતા.. જેમ જેમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં ચુંટણી રાજકારણ ગરમાઈ રહ્યું છે. જેની અસર વાંકાનેર વિસ્તારમાં પણ દેખાવાની શરૂ થઈ ચૂકી છે. વાંકાનેર નગરપાલિકામાં વોર્ડ વાઈઝ, તાલુકા- પંચાયત જિલ્લા પંચાયત માટે ગામડે ગામડે પક્ષો અને ઉમેદવારોએ સભાઓ શરૂ કરી દીધી છે.

# વસઈમાં ૪ હજારની લાંચ લેતા પકડાયેલ બે પોલિસ કર્મચારીને ૪ વર્ષની સજા

ચક્વાત ટીમ, મુબઈ ૮

વસઈમા ચાર હજારની લાંચ લેનાર બે પોલિસ કર્મચારીને લાંચ લેતા એસીબીના અધિકારીઓએ પકડતા કોર્ટે તેઓને ચાર વર્ષની સજા સુનાવી છે. વસઈમા અકસ્માત થયેલ ગાડીનું પંચનાનુ તેમજ જરૂરીદસ્તાવેજો માટે પોલિસે ચાર હજાર રૂપિયા માંગતા એસીબીમા ૨૦૦૯મા ફરિયાદ નોંધવામા અવી હતી,તેમજ એસીબીના અધિકારી વિસપૂતે દ્વારા પોલિસ કર્મચારી સંજય દેશમુખ અને બાબાસાહેબ બોરકરને ચાર હજાર રૂપિયા લેતા રંગેહાથ પકડ્યા હતા,વસઈ કોર્ટના ન્યાયાધીશે પૂરાવાના આધારે સંજય દેશમુખ અને આરોપી બાબાસાહેબ બોરકર્ને ૪ વર્ષની સજા તેમજ પાંચ હજારનો દંડઅને જો દંડ ન ભરે તો વધારાની એક મહિનાની સજા સુનાવી હતી.

# નવી મુંબઈમાં મર્સિડીઝની ટક્કર લાગતા બે પોલીસપુત્રનું મૃત્યુ

## હિટ એન્ડ રન કેસમાં પ્રખ્યાત હોટલિયારના પુત્રની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૮

નવી મુંબઈમાં મર્સિડીઝ કાર દુર્ઘટનામાં બે ભાઈઓના મોત સંદર્ભે આરોપીની અટક કરવામાં આવી છે. હિટ એન્ડ રન કેસનો આરોપી રોહન એબોટ પ્રખ્યાત એબોટ હોટલના માલિકનો પુત્ર છે. આરોપી રોહન એબોટ દ્રારાચલાવવામા આવતી મર્સિડીઝ કાર તેમની સાથે ટકરાઈ હતી ત્યારે બે પોલીસ બાળકોનું મોત નીપજ્યું હતું. પરિવાર મર્સિડીઝ ડ્રાઈવરને ફાંસીની માંગ કરી રહ્યો છે. નવી મુંબઇના પામ બીચ રોડ પર પોલીસે હિટ એન્ડ રનના કેસમાં ફરાર થયેલ આરોપીની અટક કરી છે. શનિવારે રાત્રે ૧.૩૦ વાગ્યે પામ બીચ રોડ પર ટુ વ્હિલરને ટક્કર મારી આરોપી ભાગી ગયો હતો. રોહન એબોટ (૩૨) ની પોલીસે અટક કરી બેલાપુર કોર્ટમા રજૂ કરતા જામીન પર છોડવામા આવ્યો હતો. અક્ષય ગમરે અને સંકટ ગમરે બંન્ને ભાઈઓનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક યુવક મુંબઈ પોલીસ અધિકારીના બાળકો છે. વાશીની એબોટ હોટલના ડિરેક્ટરના પુત્ર રોહને મર્સિડીઝ કારમાં બેને ઉડાવી દીધા હતા. અકસ્માતમાં અક્ષય ગમરે અને સંકટ ગમરે બંનેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બંને ભાઈઓ સ્ક્રીન પ્રિન્ટીંગનું કામ કર્યા બાદ બે વ્હીલર પર બેલાપુરથી તુર્ભે સેક્ટર ૨૦ માં તેમના નિવાસ સ્થાને જઈ રહ્યા હતા.બંનેને મર્સિડીઝએ ટક્કર મારી હતી. આ બંને મુંબઈ એલટી માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાના અધિકારીના બાળકો હોવાનું કહેવાઈ રહ્યું છે. એક સાથે બંને બાળકોના આકસ્મિક મોતથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. મૃત્યુ પામેલ બાળકોની માતાએ માંગ કરી છે કે ગુનેગારને ફાંસી આપવામાં આવે.

# વાંકાનેર બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે જયેશભાઈ ઓઝાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાઈ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૮



વાંકાનેર શહેરના ગાયત્રી શક્તિપીઠ ખાતે ગઈકાલ રાત્રે વાંકાનેર શહેર તથા તાલુકાના સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓની મીટીંગ મળી હતી જેમાં સમાજના સંગઠન તથા પ્રમુખપદની નિમણૂકનો કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગુજરાત બ્રહ્મસમાજના આગેવાન જીતુભાઈ મેહતા, સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજના આગેવાન ભુપતભાઈ પંડ્યા, અનિલભાઈ મેહતા, હસુભાઈ પંડ્યા સહિતના મહેમાનોની ઉપસ્થિતિમાં વાંકાનેર બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે જયેશભાઈ ઓઝાની નિમણુક કરવામાં આવી હતી. જેમનું હાજર મહાનુભાવો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે વાંકાનેર બ્રહ્મસમાજ તેમજ ગાયત્રી શક્તિપીઠના અશ્વિનભાઈ રાવલ, ઔદિચ્ય બ્રહ્મસમાજના પ્રમુખ રજનીભાઈ રાવલ, બ્રહ્મસમાજના યુવા અગ્રણી તેજસ જાની, ધમા મહારાજ, મેહુલભાઈ, બાબુભાઈ રાજગોર, મોહનભાઈ રાજગોર, પ્રશાંતભાઈ ઉપાધ્યાય, પ્રમોદભાઈ અત્રી, રાજુભાઈ રાવલ, શૈલેષભાઈ ભટ્ટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સમાજના પ્રશ્નો, સંગઠન તથા હોદેદારોની નિમણૂક સહિતના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગને સફળ બનાવવા માટે ભરતભાઈ ઓઝાએ જહેમત ઉઠાવી હતી.

# જોડીયામાં તાલુકા પંચાયતની બેઠકો માટેનું ફોર્મ વિતરણ




ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૮

જામનગર જિલ્લા અને જોડિયા તાલુકા પંચાયતો ની ઉમેદવારી પત્રો મેળવવાનું અને ભરવાનુ આજ થી શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે જોડિયા તાલુકાના ટોટલ ૩૭ ગામો આવેલા છે. તે પેકીના ૯-જોડિયા જિલ્લા પંચાયતની બેઠક તથા તે હેઠળ ની તાલુકા પંચાયતની બેઠકો માટે મામલતદારશ્રી જોડિયાની કચેરી ખાતે થી અને ૨૧-પીઠળ જિલ્લા પંચાયત તથા તે હેઠળ ની તાલુકા પંચાયતની બેઠકો માટે તાલુકા પંચાયત કચેરી ખાતે ફોર્મ નું વિતરણ કરવા વ્યવસ્થા કરવામાં આવી છે.. ત્યારે હાલમાં સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જોડિયા મામલતદાર કચેરીમાંથી જિલ્લા પંચાયત માટે ટોટલ ફોર્મ (૩)અને તાલુકા પંચાયત માટે ટોટલ ફોર્મ (૨૦). અને જોડિયા તાલુકા પંચાયત કચેરી માંથી જિલ્લા પંચાયત માટે ટોટલ ફોર્મ (૩) અને જોડિયા તાલુકા પંચાયત માટે ટોટલ ફોર્મ (૧૮) નું આજે વિતરણ કરવામાં આવ્યું હતું. અને એક પણ ફોર્મ આજ રોજ જમા કરાવવામાં આવેલા નથી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આ વખતે બોટાદ ભાજપમાં ધુરંધરોના પત્તા કપાઈ જશે?

ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા દરમિયાન ધુરંધરોથી માંડી આ વખતે યુવાઓએ પણ પોતાની દાવેદારી નોંધાવી હતી. ત્યારે આંતરિક વિખવાદોને કારણે હજુ સુધી કોઈ ભાજપ કે કોંગ્રેસના વોર્ડ વાઈસ નગરપાલિકાની ચૂંટણીને લઈને ઉમેદવારો જાહેર નથી કરાયા, પરંતુ ગુપ્ત સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભાજપમાં ધુરંધરોની ટિકિટ કપાઈ હોવાના અહેવાલો પ્રાપ્ત થતા વિવાદોનો મધપૂડો છેડાય તેવાં એંધાણ પણ વર્તાઈ રહ્યા છે. તેમજ આ વખતે છઇઁ પાર્ટી પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવવાની હોય આથી બોટાદમાં લોકડાઉન દરમિયાન માસ્ક અને વિવિધ કેસોને લઈને જનસામાન્યમાં પણ નારાજગીની લાગણીઓ સેવાઈ રહી છે ત્યારે વર્ષોથી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખેલાતું રાજકારણ માં ત્રીજો પક્ષ આમઆદમી પાર્ટી એ બોટાદ પંથક માં ચૂંટણી જંગ માં ઉતરવાના પગરણ માંડ્યા છે ત્યારે આ ત્રિપાંખિયો જંગ માં




ફાવશે કોણ ?? મહામારીના સમય દરમિયાન આજીવિકા વગર તોતિંગ રકમનો દંડ ભરવા મજબુર થનાર પ્રજા જનાદેશ કોના તરફ લઈ જશે ? બોટાદ ના નાગરિકો કોને સમર્થન આપી લાયક ઉમેદવારની પસંદગી કરી બોટાદ ને ખરા અર્થમાં વિકાસ માં અગ્રેસર બનાવશે તે જોવું રહ્યું.

# ગીરગઢડાના બેડીયા ગામે સિંહે બળદનું મિજબાની માણી



ચક્રવાત ટીમ ગીરગઢડા, તા.૦૮

ગીર જંગલના વન્યપ્રાણીઓ નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં આંટાફેરા સામાન્ય બની ગયા હોય તેમ અવાર નવાર મંગાપશુઓ પર હુમલાઓ કરી મારણની મિજબાની માણતા હોય છે. ત્યારે ગત રાત્રીના સમયે ગીરગઢડા તાલુકાના બેડીયા ગામમાં સિંહ આવી ચડતા પશુઓમાં અફડા તફડી મચી ગયેલ અને રેઢીયાળ બળદને નિશાન બનાવી હુમલો કરી મારણ કરેલ અને બાદમાં મારણની મિજબાની માણી હતી. આ સમગ્ર ધટનના કેમેરામાં કેદ થયેલ હોય જે વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયેલ હતો. જોકે ગામ સુધી વન્યપ્રાણીઓ આવી ચડતા લોકોમાં ભયનો માહોલ ફેલાયેલ હતો.

### ઈંગ્લેન્ડે જીતવા માટે નવ વિકેટની જરૂર : રોહિત શર્મા બીજી ઈનિંગમાં પણ ૧૨ રનમાં આઉટ

# મેચ જીતવા ભારતે અંતિમ દિવસે ૩૮૧ રનની જરૂર

ચેન્નાઈ,તા.૮

ભારતે ઈંગ્લેન્ડ સામે ચાર ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ચેન્નાઈ ખાતે ૪૨૦ રનનો પીછો કરતાં ચોથા દિવસના અંતે ૧ વિકેટે ૩૯ રન કર્યા છે. ચેતેશ્વર પૂજારા ૧૨ રને અને શુભમન ગિલ ૧૫ રને ક્રિઝ પર ઊભા છે. રોહિત શર્મા ૧૨ રને જેક લીચની બોલિંગમાં બોલ્ડ થયો. તે પ્રથમ ઈનિંગ્સમાં ૬ રને આર્ચરની બોલિંગમાં બોલ્ડ થયો હતો.

ઈંગ્લેન્ડ ભારત સામે ચાર ટેસ્ટ શ્રેણીની પ્રથમ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં ચેન્નાઈ ખાતે ૧૭૮ રનમાં ઓલઆઉટ થયું છે. ઈંગ્લેન્ડને ફર્સ્ટ ઈનિંગ્સમાં ૨૪૧ રનની લીડ મળી હતી અને તેમણે ભારતને ૪૨૦ રનનો ટાર્ગેટ આપ્યો છે. ભારત માટે રવિચંદ્રન અશ્વિને ૬, શાહબાઝ નદીમે ૨, જ્યારે જસપ્રીત બુમરાહ અને ઈશાંત શર્માએ ૧-૧ વિકેટ લીધી.

ઈશાંત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ પૂરી કરી છે. આ સિદ્ધિ મેળવનાર તે ભારતનો ત્રીજો ફાસ્ટ બોલર બન્યો છે. ઈશાંતે પોતાની ૯૮મી ટેસ્ટમાં ૩૦૦ વિકેટ પૂરી કરી છે. ભારત માટે ફાસ્ટ બોલર તરીકે કપિલ દેવે સૌથી વધુ ૧૩૧ મેચમાં ૪૩૪ લીધી છે. ૯૨ ટેસ્ટમાં ૩૧૧ વિકેટ સાથે ઝહીર ખાન આ સૂચિમાં બીજા સ્થાને છે.

રોરી બર્ન્સ ઈનિંગ્સના પહેલા જ બોલે અશ્વિનની બોલિંગમાં સ્લીપમાં રહાણે દ્વારા કેચ આઉટ થયો હતો. તે પછી ડોમિનિક સિબલે અશ્વિનની જ બોલિંગમાં લેગ સ્લીપમાં પૂજારાના હાથે કેચ આઉટ થયો હતો. સિબલેએ ૩૭ બોલમાં ૨ ફોરની મદદથી ૧૬ રન



કર્યા હતા. ભારત ઈંગ્લેન્ડ સામે ચાર ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ચેન્નાઈ ખાતે ૩૩૭ રનમાં ઓલઆઉટ થયું છે. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં ૫૭૮ રન કર્યા હતા અને તેમને ૨૪૧ રનની લીડ મળી છે. તેમણે ફોલો-ઓન ન કરવાનો નિર્ણય લીધો. તેમના માટે ડોમ બેસે ૪, જ્યારે જેક લીચ, જેમ્સ એન્ડરસન અને જોફરા આર્ચરે ૨ વિકેટ લીધી. જ્યારે ભારત માટે ઋષભ પંતે ૯૧, વી. સુંદરે ૮૫* અને ચેતેશ્વર પૂજારાએ ૭૩ રન કર્યા. રવિચંદ્રન અશ્વિન અને વી. સુંદરે સાતમી વિકેટ માટે ૮૦ રનની ભાગીદારી કરી હતી. અશ્વિન જેક લીચની બોલિંગમાં કીપર બટલર દ્વારા કેચ આઉટ થયો હતો. અશ્વિને ૯૧ બોલમાં ૩ ફોર અને ૧ સિક્સની મદદથી ૩૧ રન કર્યા હતા. તે પછી શાહબાઝ નદીમ શૂન્ય રને લીચની બોલિંગમાં સ્લીપમાં સ્ટોક્સ દ્વારા કેચ આઉટ થયો હતો.

# ઈંજર્ડ બોલર મહોમ્મદ શામી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ત્રીજી ટેસ્ટમાં કરી શકે છે વાપસી

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૭

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચેન્નઈમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાના બોલરોએ પોતાના પ્રદર્શનથી ખૂબજ નિરાશ કર્યા છે. ટીમ ઈન્ડિયાએ પ્રથમ બે ટેસ્ટમાં મુખ્ય બોલર મોહમ્મદ શમી અને રવિન્દ્ર જાડેજા વગર મેદાનમાં ઉતરવું પડશે. તેની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને મોટી રાહત મળી શકે છે. ફાસ્ટ બોલર મોહમ્મદ શમી પોતાની ઈજામાંથી સાજો થઈ ગયો છે. એવામાં ત્રીજી ટેસ્ટમાં તેની વાપસી થઈ શકે છે.

મોહમ્મદ શમી હાથમાં થયેલા ફ્રેક્ચરમાંથી રિકવર થયા બાદ રાષ્ટ્રીય



ક્રિકેટ એકડમીમાં ધીમી ગતિથી બોલિંગની પ્રેક્ટિસ શરુ કરી દીધી છે. શમીએ પ્રેક્ટિસ શરુ કરતા આશા વ્યક્ત કરાઈ રહી છે કે, તે ઈંગ્લેન્ડ વિરુદ્ધ સીરિઝની અંતિમ બે ટેસ્ટ મેચોમાં ટીમમાં સામેલ થશે. શમીને ૧૯ ડિસેમ્બરે એડીલેડમાં ભારતની બીજી ઈનિંગ ઈનિંગ દરમિયાન પેટ કમિન્સની શોર્ટ બોલ વાગી હતી. તેનાથી તેના કાંડામાં ફ્રેક્ચર થયું હતું અને મેચમાંથી રિટાયર થવું પડ્યું હતું. તેના બાદ તે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો અને રિહેબિલિટેશન કાર્યક્રમ માટે સ્વદેશ પરત આવવું પડ્યું હતું.

બીસીસીઆઈના સૂત્રો અનુસાર, શમીના કાંડાની ઈજા હવે સારી છે. તે આગામી કેટલાક દિવસો સુધી નેટ પર ધીમી ગતિથી બોલિંગ કરી શકશે. તેને એક દિવસમાં ૫૦ થી ૬૦ ટકા પ્રયાસમાં લગભગ ૧૮ બોલ બોલિંગ કરવાની સલાહ આપવામાં આવી છે.

# બીજી ઈનિંગમાં પ્રથમ બોલ પર વિકેટ ઝડપી અશ્વિને તોડ્યો ૧૧૪ વર્ષ જૂનો રેકોર્ડ

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૮

ટીમ ઈન્ડિયાનાં અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું શાનદાર ફોર્મ જાળવી રાખ્યું છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચેન્નાઈમાં ચાલી રહેલી પહેલી ટેસ્ટની ઈનિંગમાં ત્રણ વિકેટ ખેરવ્યા બાદ બીજી ઈનિંગમાં પણ જબરદસ્ત ફોર્મ જાળવી રાખ્યું છે.

ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝની પહેલી ટેસ્ટમાં અશ્વિને ઈંગ્લેન્ડની બીજી ઈનિંગની શરુઆતનાં પહેલા બોલમાં ઈંગ્લેન્ડની વિકેટ ખેરવી હતી. જે એક કિર્તીમાન સાબીત થયો છે. ઈંગ્લેન્ડની બીજી ઈનિંગની શરુઆત ખરાબ રહી હતી જેમાં અશ્વિનનાં પહેલા બોલ પર



બર્ન્સ એક પણ રન બનાવ્યા વગર આઉટ થયો હતો. તેની સાથે અશ્વિને એ કમાલ કરી બતાવી જે ૧૧૪ વર્ષ બાદ થઈ છે. ૧૯૦૭ બાદ બીજી વાર એવી તક આવી છે જ્યારે કોઈ સ્પિનરે ઈનિંગની પહેલી ઓવરનાં પહેલા બોલ પર વિકેટ લેવામાં સફળતા મેળવી છે. અશ્વિન પહેલા આ ૧૯૦૭માં દક્ષિણ આફ્રિકાનાં સ્પિનર બર્ટ વોગ્લરે આ સિદ્ધી હાંસલ કરી હતી.

# પાકિસ્તાને બીજી ટેસ્ટમાં દ.આફ્રિકાને ૯૫ રને હરાવી ૨-૦થી સિરીઝ જીતી

(જી.એન.એસ.)રાવલપિંડી,તા.૮

હસન અલી અને શાહીન શાહ આફ્રિદીની તોફાની બોલિંગની સામે સાઉથ આફ્રિકાનો ધબડકો થયો અને એકવાર ફરી ચોકર્સ સાબિત થઈ. પાકિસ્તાને હારના મોઢામાંથી જીત છીનવી અને આફ્રિકાએ જીતેલી મેચ ગુમાવી દીધી.

રાવલપિંડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં પાકિસ્તાને સાઉથ આફ્રિકાને બીજી ટેસ્ટ મેચમાં ૯૫ રને પરાજય આપ્યો છે. આ સાથે તેણે બે મેચોની ટેસ્ટ સિરીઝ પર ૨-૦થી કબજો કરી લીધો છે. સાઉથ આફ્રિકાની ટીમ જીતે તેમ લાગતુ હતું પરંતુ હસન અલીએ શાનદાર બોલિંગથી આફ્રિકાની આશા પર પાણી ફેરવી દીધુ હતું.

સાઉથ આફ્રિકાને જીતવા માટે ૩૭૦ રનનો ટાર્ગેટ મળ્યો હતો પરંતુ તેની ટીમ ૨૭૪ રનમાં આઉટ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાનો સ્કોર એક સમયે ત્રણ વિકેટ પર ૨૪૧ રન હતો, પરંતુ આ સ્કોર પર તેના વિકેટ ખોવાનો સિલસિલો શરૂ થયો અને અંતિમ સાત વિકેટ માત્ર ૩૩ રનમાં ગુમાવી દીધો હતો. પાકિસ્તાન તરફથી ફાસ્ટ બોલર હસન અલીએ પાંચ અને શાહીન શાહ આફ્રિદીએ ચાર વિકેટ ઝડપી હતી. યાસિર શાહે વિયાન મલ્ડરને આઉટ કરી આફ્રિકાની ઈનિંગ સમાપ્ત કરી હતી. અલીએ પ્રથમ ઈનિંગમાં પણ પાંચ વિકેટ ઝડપી હતી.

સાઉથ આફ્રિકાએ પાંચમાં દિવસે ૧ વિકેટ પર ૧૨૭ રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. પરંતુ જલદી રેસી વેન ડેર અને ફાફ ડુપ્લેસિસ આઉટ થઈ ગયા હતા. વેન ડરે ૪૮ અને ડુ પ્લેસિસે પાંચ રન બનાવ્યા હતા. ત્યારબાદ એડિન માર્કરમ અને તેંબા બાવુમાએ મળીને સ્કોર ૨૪૧ સુધી પહોંચાડ્યો હતો. માર્કરમ ૧૦૮ રન બનાવી અલીનો શિકાર બન્યો અને બાવુમા (૬૧)ને આફ્રિદીએ આઉટ કર્યો હતો.

# ૩૦૦ વિકેટ પૂર્ણ કરનાર ત્રીજો ફાસ્ટ બોલર બન્યો ઈશાંત શર્મા

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૮

ઈશાંત શર્માએ લોરેંસની વિકેટ લેવાની સાથે ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦મી વિકેટ ઝડપી હતી. તે ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ ઝડપનારો ભારતનો માત્ર ત્રીજો ફાસ્ટ બોલર બન્યો હતો. આ પહેલા કપિલ દેવ અને ઝહીર ખાન આ કારનામું કરી ચુક્યા છે. કપિલ દેવે ૧૩૧ ટેસ્ટમાં ૪૩૪ વિકેટ અને ઝહીર ખાને ૯૨ ટેસ્ટમાં ૩૧૧ વિકેટ લીધી છે.

ભારત તરફથી ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ ૬૧૯ વિકેટ ઝડપી છે. તે પછી ૪૨૩ વિકેટ સાથે કપિલ દેવ બીજા, ૪૧૭ વિકેટ સાથએ



હરભજન ત્રીજા, ૩૮૨ વિકેટ સાથે અશ્વિન ચોથા અને ૩૧૧ વિકેટ સાથે ઝહીરખાન પાંચમા ક્રમે છે. ઈશાંત ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ કે તેથી વધુ વિકેટ લેનારો ભારતનો છઠ્ઠો બોલર બન્યો હતો.

# આત્મહત્યાનો વિચાર કરતી હતી રૂબિના દિલૈક : સલમાન ખાન સમક્ષ ખુલાસો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

ટીવી એક્ટ્રેસ રુબીના દિલૈક બિગ બોસ ૧૪ની ટ્રોફીની સૌથી મજબૂત સ્પર્ધક માનવામાં આવે છે. શોની શરૂઆતથી જ રૂબીના ખુલ્લેઆમ પોતાનું સમર્થન કરતી જોવા મળી રહી છે. હાલમાં જ રુબીનાએ રાખી સાવંત સાથે ઉગ્ર ચર્ચા કરી હતી. વાત એટલી હદ સુધી પહોંચી ગઈ હતી કે રુબીનાએ ડોલમાં પાણી ભરીને રાખી ઉપર રેડી દીધી હતી. જેને કારણે રાખી અને રૂબીના વચ્ચે ઝઘડો વધી ગયો હતો. ફેમિલી વીક દરમિયાન તેની બહેન જ્યોતિકા રૂબીનાને મળવા પહોંચી હતી અને સલમાન ખાને તેની સામે રુબીનાને ખૂબ જ ખરાબ રીતે સંભળાવ્યું પણ હતું. જે બાદ રુબીનાએ તેના ભૂતકાળ અંગે સલમાન ખાન સામે મોટો ખુલાસો કર્યો છે.

સલમાન ખાન અભિનવ શુક્લાને કહે છે – ‘તમે વૈજ્ઞાનિક માણસ છો, તમે મને જણાવો કે ઠરકી માણસ છે. સ્ત્રી નીચ છે, જલીલ છે, ગંદી છે, ઘટિયા છે. મને જણાવો વધારે ખરાબ શું છે. જે રાખીએ કહ્યું એ કે પછી જે તમારી પત્નીએ કહ્યું એ. તેના જવાબમાં અભિનવ કહે છે કે રૂબીનાની વાત ખોટી છે. આ પછી સલમાન ખાન રૂબીનાની બહેન જ્યોતિકાને પૂછે છે કે શું રુબીના હંમેશાં આવી જ હતી. કે પછી શોમાં આવીને તેનું આવું રૂપ જોવા મળે છે. આ પ્રશ્નના જવાબમાં જ્યોતિકા કહે છે- ‘જો તમે તેના નજરિયાથી સમજીને જોશો તો તે તમને આટલી ખોટી નહીં લાગે, સલમાનનું કહેવું છે કે રૂબીના ખોટી રીતે જઈ રહી છે અને ઘણા સમયથી તે ખોટી રીતે ચાલે છે. આ સાંભળીને જ્યોતિકા અને રૂબીના બંને ખૂબ ભાવુક થઈ જાય છે.

રૂબીનાએ સલમાન ખાનને કહ્યું- ‘૮ વર્ષ પહેલા સુધી મારા માતા-પિતા સાથેના સંબંધો સારા નહોતા. મને ખૂબ ગુસ્સો આવતો હતો. આત્મહત્યાનો પણ વિચાર આવતો હતો. સંબંધ તૂટવાનું પણ આ જ કારણ છે. જ્યોતિકા કહે છે કે રુબીના ઘરે આવ્યા પછી ખૂબ જ ઈમોશનલ થઈ ગઈ છે. મને લાગે છે કે કોઈએ પણ તેમને ઘરે પ્રેમ આપ્યો નથી. બીજી તરફ સોશિયલ મીડિયા પર રુબીનાનો ક્લાસ લીધા બાદ સલમાન ખાન ફરી એકવાર ટ્રોલ્સના નિશાને આવી ગયો છે.

# શાહરૂખ ખાનની ’પઠાણ’ પહેલા જ્હોને ’એટેક’નું શૂટિંગ શરૂ કર્યું

(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

જ્હોન અબ્રાહમ બેક ટૂ બેક ફિલ્મોનું શૂટિંગ કરી રહ્યો છે. તાજેતરમાં તેણે ફિલ્મ ’સત્યમેવ જયતે ૨’ નું શૂટિંગ પૂરું કર્યું છે. અગાઉ જ્હોન ફિલ્મ ’પઠાણ’ શરૂ કરવાનો હતો. પરંતુ હવે તેણે ફિલ્મ ’એટેક’ પહેલા શરૂ કરી દીધી છે. ફિલ્મના પ્રોડ્યુસર અજય કુમારના જણાવ્યા પ્રમાણે, આ ફિલ્મનું શૂટિંગ દિલ્હીમાં ઘણા સમયથી ચાલી રહ્યું છે, પરંતુ જ્હોને બે દિવસ પહેલા તેને ફરીથી શરૂ કર્યું છે. અત્યારે તેણે પોતાના પાત્રા સંબંધિત કેટલાક પાસાઓ પર રિહર્સલ શરૂ કર્યું છે. અને તેમાં દેશભક્તિની કહાનીના પણ સુર હશે. તે રિયલ લાઈફ ઈન્સિડન્ટને જોડીને બનાવવામાં આવી રહેલી એક ફિક્શનલ કહાની છે.

ફિલ્મના એક બીજા પ્રોડ્યુસર પાર્ટનરની ટીમે પણ આ ડેવલપમેન્ટને કન્ફર્મ કર્યું છે. તેમણે લોકેશન હજી પણ જાહેર નથી કર્યું પરંતુ એટલું કહ્યું છે કે પહાડોમાં ફિલ્મનું શૂટિંગ થશે અને કહ્યું કે, જ્હોને શૂટિંગ શરૂ કરી દીધું છે પરંતુ જેકલીન ફર્નાન્ડિઝ અને રકુલ પ્રીત સિંહનું શિડ્યુઅલ પછીના દિવસોમાં હશે. ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે, ’દિલ્હી બાદ ટીમ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં રવાના થઈ શકે છે.

# અલ્લુ અર્જુનની વેનિટી સાથે અકસ્માત : સેલ્ફી લેવા લોકોની પડાપડી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

તેલૂગુ અભિનેતા અલ્લુ અર્જુન હૈદરાબાદમાં જોવા મળ્યો હતો. તે પોતાની ફિલ્મ પુષ્પાનું શુટિંગ કરવા માટે હૈદરાબાદ પહોંચ્યો હતો. તે પોતાની વેનિટી વાન સાથે જ સફર કરતો હતો અને જેનું નામ ફૈલ્કન છે. ખમ્મમમાં આવેલી એક જગ્યાએ તેના વેનિટી વાનનું એક્સિડન્ટ થઈ ગયો હતો. જો કે નસીબના જોગે વેનિટી વાનમાં કોઈ સ્ટાર હાજર નહોતા. જો કે હા વેનિટી વાનમાં હાજર ટીમના એક સદસ્યને થોડી ઈજા પહોંચી છે.

આ ઘટના ત્યારે થઈ કે જ્યારે વેનિટી વાન આંધ્ર પ્રદેશના મરુદુમલીથી હૈદરાબાદ તરફ જઈ રહી હતી. ત્યારે જ બીજા વાહને પાછળથી વેનિટીને ટક્કર મારી દીધી. જ્યારે દુર્ઘટના ઘટી ત્યારે લોકો વાહનની આજુબાજુ એકઠા થઈ ગયા હતા અને સેલ્ફી લેવા લાગ્યા હતા. આ ઘટનાને લઈને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધવામાં આવી છે. ડ્રાઈવરે જેવી જ વેનિટીને બ્રેક મારી અને પાછળથી કોઈએ આવીને ઠોકર મારી દીધી. કેટલાક વર્ષ પહેલાં જ અલ્લુએ આ શાનદાર વેનિટી ખરીદી હતી.

ત્યારે એ સમયે તેના ફોટોઝ પણ સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા હતા અને તેણે સાથે જ કેપ્શન લખ્યું હતું કે- મારા મગજમાં માત્ર એક જ વાત સામે આવે છે કે જનતાએ મને ખુબ જ પ્રેમ આપ્યો છે. આ એના પ્રેમની તાકાત છે. કે મને આ ખરીદવાને કાબિલ બનાવ્યો. આભારપઆ વેનિટી અલ્લુએ ૭ કરોડ રૂપિયામાં ખરીદી હતી. તેની આ વાન ખાસ છે. સામાન્ય રીતે આવી વેનિટી બધા જ સેલેબ્સ પાસે હોય છે.

# મહાપાલિકાના ઉમેદવારી પત્રકોની ચકાસણી આખરે પૂર્ણ

## રાજકોટમાં કોંગ્રેસના ૭૧, ભાજપના ૭૨, જામનગરમાં કોંગ્રેસના ૬૩ તેમજ ભાજપના ૬૪ ઉમેદવારોના પત્રકો મંજૂર

### ફોર્મમાં ક્ષતિઓ નજરે ચડતા રદ્દ કરાવવા પ્રતિસ્પર્ધીઓની કવાયત એકંદરે નિષ્ફળ રહી

રાજકોટ,તા.૮

રાજ્યમાં ૭ મહાપાલિકાની ચૂંટણીના ઉમેદવારીપત્રકોની ચકાસણીની કાર્યવાહી ચૂંટણી અધિકારીઓની કચેરી ખાતે આજે હાથ ધરવામાં આવતા રાજ્યમાં અનેક સ્થળોએ જનતાની સેવા માટે સંઘર્ષ કરતા કેટલાય આગેવાનો તેમજ રાજનેતાઓની ક્ષતિઓ બહાર આવેલ છે. રાજકિય પક્ષોના નેતાઓ અને આગેવાનોએ પસંદગી તેમજ ઉમેદારી નોંધાવવા મામલે પૂરતો સમય મળવા છતાં પણ અનેક કિસ્સાઓમાં કાચું કપાયાનું બહાર આવેલ છે.

ચૂંટણી ઉમેદવારીપત્રકોની ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવતા કોઈ ઉમેદવારોના મેન્ડેટમાં તો કોઈ ઉમેદવારોના અન્ય શરતોમાં ક્ષતિઓ રહી ગયાનું બહાર આવતા વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવનાર પૈકી કેટલાકની જાન લીલા તોરણે પરણ્યા વગર જ પાછી ફર્યા જેવી સ્થિતિનું સર્જન થયેલ છે.

ચકાસણી કાર્યક્રમ દરમ્યાન મેનડેટમાં ઉમેદવારના બદલે બીજું નામ નીકળેલના એકાદ બે કિસ્સામાં ત્રીજું સંતાન ઉમેદવારીના અસ્વિકારમાં જવાબદાર બનેલ છે. શું ઉમેદવારને પોતાના આવા સામાન્ય નિયમની જાણ નહીં હોય! ત્યાર બાદ નામ પસંદગી સમયે મોવડીઓ પણ અજાણ હતા કે પછી આંખ આડા કાન કરાયા હતા! ક્યાંક ઉમેદવારોના પત્રકોમાં એકના બદલે વધુ સહી કરાયેલ હતી.

સૌરાષ્ટ્રની ત્રણ મહાપાલિકા રાજકોટ, જામનગર અને ભાવનગરના તમામ ઉમેદવારોના ઉમેદવારી પત્રકોની ચકાસણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતા ભાજપ, કોંગ્રેસ, આપ, એન.સી.પી. સહિતના રાજકિય પક્ષોના સ્થાનિક આગેવાનો ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણી ઉમેદવારોના ઉમેદવારી પત્રકોની ચકાસણી સમયે ભાજપ, કોંગ્રેસ પક્ષના આગેવાનો વચ્ચે પ્રતીસ્પર્ધીઓના પત્રકોમાંથી પાણીમાંથી પુરા કાઢવાના પ્રયાસો હાથ ધરવામાં આવતા બન્ને તરફથી ટપાટપી વચ્ચે ઉત્તેજના ઉદ્ભવી હતી. એકંદરે ત્રણે મહાપાલિકાની ઉમેદવારી પત્રક ચકાસણીની કાર્યવાહીમાં રાજકિય પક્ષોના માન્ય ઉમેદવારોના પત્રકો મોટાપાયે માન્ય રહેવા પામેલ છે. એકાદ-બે કિસ્સા બાદ કરતા ઉમેદવારોની ઉમેદવારીને તંત્ર દ્વારા મ્હોર મારવામાં આવેલ છે. આવતી કાલે ઉમેદવારી પત્રકો પરત ખેંચવાની પ્રક્રિયા બાદ આખરી ચૂંટણી ઉમેદવારીનું ચિત્ર સ્પષ્ટથશે.

રાજકોટમાં કોંગ્રેસના ૭૧, ભાજપના ૭૨, જામનગરમાં કોંગ્રેસના ૬૩ તેમજ ભાજપના ૬૪ ઉમેદવારોના પત્રકો મંજૂર કરાયેલ છે.

# કોંગી ધારાસભ્ય ખેડાવાલાનું રાજીનામું નામંજૂર કરતા મોવડી

### બહેરામપુરા વોર્ડનાં ઉમેદવારોની પસંદગી બાદ નવા નામ ઉમેરાતા ખેડાવાલાએ વિરોધ દર્શાવ્યો

ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૮

રાજ્યમાં મહાપાલિકાના ઉમેદવારીપત્રકોની ચકાસણી ચાલતી હતી તે દરમ્યાન ખાડીયા-જમાલપુર બેઠકના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા બહેરામપુરા બેઠક પર નિશ્ચિત કરાયેલ પેનલ ઉપરાંત ૨ ઉમેદવારને મેન્ડેટ અપાતા વિરોધ વ્યક્ત કરી ખેડાવાલાએ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તથા મોવડીઓ સાથે વાત કરી ધ્યાન દોરેલ અને પોતાનું ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવા જાહેરાત કરતાં કોંગ્રેસનાં મોવડીઓ ડેમેજ કંટ્રોલની કવાયતમાં લાગી ગયા હતા. બાદમાં ખેડાવાલાના સમર્થનમાં શાહપુરના કોંગી ધારાસભ્ય પણ આવ્યા હતા.ખેડાવાલાએ ધારાસભ્ય પદનું રાજીનામું અમિત ચાવડાને આપ્યા બાદ મામલામાં યોગ્ય કાર્યવાહી ન થાય તો વિધાનસભા અધ્યક્ષને રાજીનામું આપવા ચિમકી ઉચ્ચારી, રાજીનામા બાદ પણ તેઓ કોંગ્રેસના સૈનિક તરીકે યથાવત રહેશે તેમ જણાવેલ હતું.

# મહાપાલિકાની મતગણત્રી મામલે આજે હાઈકોર્ટમાં વધુ સનાવણી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૮

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજવા તેમજ બીજા તબક્કાનાં મતદાન પૂર્વે પ્રથમ તબક્કાની મતગણત્રી હાથ ધરવા મામલે હાઈકોર્ટની નોટીસ બાદ પંચના અમલદાર દ્વારા જાહેર કરાયેલ ચૂંટણી કાર્યક્રમ અંગે લંબાણપૂર્વકનું ૩૦૦ જેટલા પાનાનું સોગંદનામું રજૂ કરી પંચ દ્વારા જાહેર કરાયેલ કાર્યવાહીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરેલ છે. આ મામલે અદાલતમાં આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પંચે રજૂ કરેલ સોગંદનામામાં પોતાની કાર્યવાહીને યોગ્ય સાબિત કરવા પ્રયાસ કરેલ છે. પરંતુ સામાન્ય સંજોગોમાં સામાન્ય ચૂંટણી હોય ત્યારે મતદાન એકથી વધુ તબક્કાઓમાં યોજાતું હોય ત્યારે છેલ્લા તબક્કાનું મતદાન સંપન્ન થયા બાદ જ મતગણત્રીની પ્રક્રિયા ભૂતકાળમાં હાથ ધરવામા આવેલ છે.

ચૂંટણી પંચ સ્વાયત સંસ્થા છે. ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજવાની તેની જવાબદારી છે ત્યારે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનું મતદાન બાકી હોય ત્યારે મત ગણત્રી હાથ ધરાવથી તેની અસર યોજાનાર મતદાન પર પડી શકે તેવી દલિલ કરી અરજદારે બન્ને તબક્કાની મતગણત્રી એક જ દિવસે યોજવા માંગ કરેલ છે.

વડી અદાલતે પંચને તેમનો જવાબ (સોગંદનામું) રજૂ કરયા તા.૬ની મુદત આપેલ પરંતુ પંચ દ્વારા ઈરાદાપૂર્વક લાંબુ સોગંદનામુ રજુ કરેલ છે જેથી બચાવ પક્ષ પાસે લાંબા સોગંદનામાના મુદ્દાઓનો અભ્યાસ કરવાનો સમય જ ન મળે. આજે પંચે સોગંદનામું રજૂ કરતા અદાલતે આ પ્રકરણે વધુ સુનાવણી આવતીકાલ પર મુલત્વી રાખેલ છે.

# મુંદ્રા : પોલીસ કસ્ટડીમાં મોતના મામલાની તપાસમાં એ.ટી.એસ. જોડાશે

### ગઢવી-ચારણ સમાજનાં મહાસંમેલનમાં ન્યાય માટે છેક સુધી લડી લેવા આગેવાનોએ તૈયારી દર્શાવી

ચક્રવાત ટીમ ભૂજ, તા.૦૮

કચ્છ જિલ્લાનાં મુંદ્રા પોલીસ મથકમાં આશરે ૧૯ દિવસ પહેલા ગઢવી સમાજનાં ત્રણ યુવકોને પોલીસ ચોરીની શંકાના બહાને ઉઠાવી ગયા બાદ બેરહેમીપૂર્વક માર મારવામાં આવેલ જેમાં એક યુવાન અગાઉ મોત પામેલ તેમજ બીજા યુવાને ગત રવિવારે દમ તોડતાં ગઢવી-ચારણ સમાજે આ ઘટનાનાં જવાબદાર પોલીસ કર્મચારી-અમલદારો વિરૂધ્ધ કાયદેસરની કડક કાર્વાહીની માંગ કરેલ છે. બીજા યુવકનું મોત નિપજતાં તેનાં સ્વજનોએ ગુન્હેગારો ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવા ઈન્કાર કરતાં પોલીસ અમલદારો અને સમાજના આગેવાનો વચ્ચે સમાધાન બેઠક યોજાતા પરિવારજનોએ મૃતદેહ સંભાળેલ પરંતુ સમાઘોઘા તથા મુંદ્રા બંધનું એલાન આપવામાં આવેલ જેને જબ્બર પ્રતિસાદ મળેલ છે.

મૃતક બે યુવાનો તેમજ સારવાર હેઠળ રહેલ ત્રીજા યુવકને ન્યાય મળે તે માટે ગઢવી-ચારણ સમાજ દ્વારા મહાસંમેલનનું આયોજન કરાયું હતું. મહાસંમેલન પૂર્વે કચ્છ પશ્ચિમમાં બેઠક યોજી સમાજની માગણીઓનો ઝડપી ઉકેલ લાવવા ખાત્રી ઉચ્ચારેલ પોલીસ પકડથી દૂર રહેલા આરોપીઓને ઝડપી પાડવા સ્થાનિક પોલીસની જુદી જુદી ટૂકડીઓ ભારે દોડધામ કરી રહી છે. ત્યારે તેની મદદમાં ઉચ્ચ અમલદારોના આદેશ બાદ રાજ્યની ત્રાસવાદ વિરોધી શાખાના સ્ટાઠને પણ જોડવા આદેશ અપાયો છે.

**ફરાર ૬ શખ્સોને ઝડપી પાડવા પોલીસની જુદી જુદી ટૂકડીઓનાં સંભવિત આશ્રયસ્થાનો પર ચાલતી શોધખોળ**

મુંદ્રા પોલીસ દ્વારા જે ત્રણ યુવાનોને ઉઠાવી જઈ માર મારવામાં આવેલ તેમાંથી બે યુવાનો મોત પામ્યા છે તે પ્રકરણમાં પોલીસની તપાસમાં નવા નવા ખૂલાસાઓ થઈ રહ્યા છે. આધારભૂત સૂત્રોના જણણાવ્યા અનુસાર ત્રણે યુવાનને કોઈ જમીન પ્રકરણે ઉઠાવી લેવામાં આવ્યાનું ચર્ચાય છે. ત્યાર બાદ વધુ પડતો માર પડવાથી ત્રણેને સારવારઅર્થે ખસેડાતા સમગ્ર પ્રકરણ બહાર આવતાં પોલીસ ચોરીની શંકાની થીયરી વ્યક્ત કરેલ છે.

મુંદ્રા પોલીસ મથકમાં પોલીસના કબ્જા દરમ્યાન આરોપીઓને માર માર્યા બાદ બે તો નિપજતાં ઉચ્ચ પોલીસ

### બીજા યુવકના મોત બાદ સમાઘોઘા તથા મુંદ્રા ગામ બંધને જોરદાર સમર્થન મળ્યું

સત્તાવાળાઓએ આ પ્રકરણે પ્રાથિમક તપાસ દરમ્યાન ૨ પોલીસ કર્મચારીને ઝડપી લીધેલા તેમજ અન્ય પાંચ પોલીસ કર્મચારી તેમજ એ સામાન્ય માણસ હજુ પોલીસ પકડથી દૂર છે. અગાઉ પકડાયેલા એક પોલીસ અમલદાર તથા કોન્સ્ટેબલ હાલ જેલ હવોલ છે. જ્યારે ફરાર આરોપીઓની પોલીસની જુદી જુદી ટૂકડીઓ જુદી જુદી દિશામાં આરોપીઓને ઝડપી પાડવા દોડધામ કરી રહેલ છે.

આ પ્રકરણમાં ફરાર આરોપીઓ પોલીસનાં હોવાથી તપાસની બાબતોથી વાકેફ હોવાથી પોલીસ પકડમાં ન આવતા હોવાથી રેન્જ આઈ.જી.સી. જે.આર.પંચાલના સીધા માર્ગદર્શનમા પોલીસની જુદી જુદી ટુકડીઓ ભાગેડુઓનાં સંભવિત આશ્રય સ્થાનો ખાતે તપાસ ચલાવી રહી છે. ત્યારે સ્થાનિક પોલીસની મદદમાં ત્રાસવાદ વિરોધી દળ (એ.ટી.એસ.)ની સાથે સંકલન પણ કરવામાં આવેલ છે.

# પ્રદેશ ભાજપ દ્વારા ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો સાદાઈપૂર્ણ પ્રારંભ કરાયો

### પાટીલ દ્વારા પત્રકારો સમક્ષ ભાજપનું ચૂંટણી થીમ સોંગ રજૂ કરાયું

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૮



ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ દ્વારા પત્રકાર પરિષદનું સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાનાં ભાષણ દરમિયાન કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આ ઉપરાંત તેમણે ભાજપનું નવુ સુત્ર પણ લોન્ચ કર્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનુલક્ષીને તેમણે ભાજપનું નવું સૂત્ર લોન્ચ કર્યું. ગુજરાત છે મક્કમ, ભાજપ સાથે અડીખમ આ સુત્ર લોન્ચ કર્યું હતું. તેમણે કહ્યું કે, કોંગ્રેસને ભાજપ સામે વાંધો નથી પરંતુ વિકાસ સામે વાંધો છે. ભાજપ દ્વારા જેટલા પ્રોજેક્ટ કે કાયદા લવાયા તે તમામનો કોંગ્રેસે આંખો બંધ કરીને વિરોધ કર્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, કોંગ્રેસ દ્વારા રામ મંદિર, નર્મદા યોજના, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત મોટા ભાગનાં પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવ્યો.

# નવાપુરમાં ચાર પોલ્ટ્રી ફાર્મમાં બર્ડ ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ

(જી.એન.એસ.)નવાપુર,તા.૮

ગુજરાતની સીમાએ આવેલા મહારાષ્ટ્રના નવાપુરમાં રવિવારે ચાર ઈન્ફેક્ટેડ પોલ્ટ્રી ફાર્મમાં સૌથી પહેલા ડાયમંડ ફેક્ટરીમાં યુદ્ધના ધોરણે મરઘીઓના નાશ કરવાની કામગીરી ચાલુ કરાઈ હતી. નવાપુરના મરઘાંના ૪ પોલ્ટ્રી ફાર્મમાં બર્ડ ફ્લૂના પોઝિટિવ અહેવાલોને કારણે ૧૫ વર્ષ બાદ નંદુરબાર જિલ્લામાં બર્ડ ફ્લૂએ ઘુસણખોરી કરી છે. નવાપુર તાલુકાના ૪ પોલ્ટ્રી ફાર્મના મરઘાંના કિંલિગ કરવાની કામગીરી ચાલુ છે. ડાયમંડ પોલ્ટ્રી ફાર્મના ૬ શેડ માંથી ૨ શેડમા બપોર સુધી ૨૧ હજાર મરઘીઓ નષ્ટ કરવામા આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જિલ્લા કલેકટરે અહીં બર્ડ ફ્લુના ઉપદ્રવના સમાચારની પુષ્ટિ કરી છે. વહીવટીતંત્રે ૪ મરઘાંફાર્મમાં લગભગ ૪ લાખ મરઘીઓનો નાશ કરીને શરૂઆત કરી છે. ખેતરની આજુબાજુમાં આવેલા અન્ય ૧૨ મરઘાં ફાર્મની આશરે ૪ લાખ મરઘીઓને પણ જોખમમાં મૂકાયેલા વિસ્તારમાં સમાવવામાં આવી છે.




# પ્રશ્નો પુછતા પત્રકારને મધુ શ્રીવાસ્તવની ધમકી : હવે પૂછીશ તો તને પતાવી દઈશ

(જી.એન.એસ.)વડોદરા,તા.૮



વડોદરામાં ભાજપ સામે બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરનાર વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્ર દિપક શ્રીવાસ્તવને ૩ સંતાન હોવાના આક્ષેપ સાથે ઉમેદવારી ફોર્મ રદ્દ કરવાની માગ ઉઠતા વિવાદ ઉભો થયો છે. આ મામલે મીડિયાકર્મીઓએ ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને પૂછતા તેઓ ગુંડાગીરી પર ઉતરી આવ્યા હતા અને મીડિયાકર્મીને ધમકી આપતા કહ્યું હતું કે, 'હવે પૂછીશ તો તને પતાવી દઈશ, અહીં માણસને કહીને ઠોકાવી દઈશ. હવે પછી બોલસો કે, મારા પુત્રને ૩ સંતાન છે, તમારી ઉપર દાવો કરીશ અને કેસ કરીશ.

૩ સંતાન નથી બે જ છે, પહેલા જ્યારે ચૂંટણી જીત્યો ત્યારે એક સંતાન હતું, હવે બીજુ છું, ૩ સંતાન છે જ નહીં, તમારી પાસે પ્રુફ હોય તો લાવો. બાકી વાત કરતા પહેલા વિચાર કરજો. જે દાવો કરે છે તેની સામે પણ કેસ કરીશ અને કોર્ટમાં ખેંચી જઈશ. અપક્ષમાં ફોર્મ ભર્યું છે. ચૂંટણી અધિકારી તેનો નિર્ણય કરશે. ૩ નહીં વાઘોડિયા મત વિસ્તારમાં ટોટલ ૪૭ હજાર છોકરાઓ છે એમના. હવે કંઈ કહેવુ છે. મારો પુત્ર એક હજાર ટકા ચૂટણી લડવાનો છે, એમાં કોઈ નવાઈ નથી. આવી રીતે તમે કડવા શબ્દો પૂછો છો, હવે ના પૂછો છો તો સારૂ, નહીં તો બીજી વખત ઉભો પણ નહીં રાખીશ. આટલુ ધ્યાન રાખજો. બીજુ કંઈ પૂછીશ નહીં, નહીં તો અહીં જ તને પતાવી દઈશ, અહીં માણસને કહીને ઠોકાવી દઈશ, આટલુ ધ્યાન રાખજે.

એક વર્ષ પહેલા વાઘોડિયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ સરકારના મહેસૂલ મંત્રી કૌશિક પટેલની કામગીરીથી નારાજ થયા હતા. આ મુદ્દે મીડિયાકર્મીઓએ સવાલ પૂછતા સંસ્કારી ગણાતા ભાજપના મધુ શ્રીવાસ્તવ મીડિયા કર્મીઓ પર ગુસ્સે થઈ ગયા હતા.










Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)